RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક-૧૧૦, અંકઃ ૧૩૬, વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ (૧), ગુરૂવાર તા.30-૦૧-૨૦૨૫, પાના- ૮, કિંમત રૂા.૧-૫૦ પૈસા

# મૌની અમાસ પર મહાકુંભમાં નાસભાગ, 30થી વધુના મોતની આશંકા, અનેક ઘાયલ



## એક ગુજરાતી સહિત ૨૫ લોકોની ઓળખ થઈ, મૃતકોના પરીવારને રૂા.૨૫ લાખની સહાયની જાહેરાત

પ્રયાગરાજ,તા.૨૯

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભમાં દેશ-વિદેશથી લોકો પહોંચી રહ્યા છે. મહાકુંભમાં મૌની અમાવસ્યા એટલે કે બુધવારે બીજું અમૃત સ્નાન થવાનું હતું. અમૃત સ્નાનને લઈને મોટી સંખ્યામાં લોકો મહાકુંભમાં પહોંચ્યા હતા. કોઈ કારણોસર મોડી રાત્રે ત્રણ વાગ્યે મહાકુંભમાં સંગમ પર ભગદળ મચી ગઈ. આ ઘટનામાં ૧૭ લોકોના મોત થયાની જાણકારી સામે આવી છે જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે.

મળતી માહિતી અનુસાર મહાકુંભમાં રાત્રે ૩:૦૦ વાગ્યે નાસભાગ મચી ગઈ હતી. જેમાં અનેક શ્રદ્ધાળુ ઘાયલ થયા હતા. લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં ૧૭ લોકોના મોતની ખબર છે. જોકે આ આંકડો વધી શકે છે તેવી પણ સંભાવના છે. મૌની અમાવસ પર મહાકુંભમાં બીજું અમૃત સ્નાન થાય છે. જેમાં કરોડોની સંખ્યામાં લોકો મહાકુંભ પહોંચ્યા હતા. મહાકુંભમાં અચાનક જ ભગદડ મચી જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. મહત્વનું છે કે બેકાબૂ થયેલી ભીડે મંગળવારે બપોરે પણ ઘણી બધી જગ્યાએ બેરીકેડ તોડી નાખ્યા હતા. રાત્રે સ્નાન શરૂ થયા પછી સંગમ પર ભીડ વધી ગઈ હતી. ત્યાર પછી અચાનક જ લોકો ભાગવા લાગ્યા. જેના કારણે કેટલાક લોકો નીચે પડી ગયા અને નાસભાગમાં દબાઈ ગયા. નાસભાગની ઘટના પછી અખાડા પરિષદ તરફથી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું કે અમૃત સ્નાન રદ કરવામાં આવે છે. હવે વસંત પંચમીનું સ્નાન ધામધૂમથી કરવામાં આવશે.

તંત્ર તરફથી ભીડને હેન્ડલ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી પરંતુ અમૃત સ્નાન પહેલા જ બધી જ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ. સંગમ પર ક્ષમતા કરતાં વધારે ભીડ ઉમટી પડતા નાસભાગની સ્થિતિ સર્જાઇ હતી આ ઘટના બનતા જ સુરક્ષાકર્મીઓએ રાહત કાર્ય શરૂ કરી દીધું હતું અને ઘાયલ લોકોને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યા હતા.

મહાકુંભમાં વહેલી સવારે બનેલી ઘટનાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સીએમ યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી અને ઘટના પર અપડેટ મેળવી હતી. આ ઘટના પર પીએમ મોદી નજર રાખી રહ્યા છે. તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરીને રાહત કાર્ય અંગે વિગતો પણ મેળવી હતી. સાથે જ લોકોને તાત્કાલિક અસરથી મદદ કરવા સૂચન પણ કર્યા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ સીએમ યોગી સાથે વાત કરી છે અને કહ્યું છે કે તેઓ કેન્દ્ર તરફથી સંપૂર્ણ સહયોગ આપશે.મહાકુંભમાં અમૃત સ્નાનની શરૂઆત થતાં જ ભાગદોડ મચી ગઈ હતી. જોકે સવાર સુધીમાં સ્થિતિના કંટ્રોલ કરી લેવામાં આવી હતી હજુ પણ સંગમ ઘાટ પર રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રદ્ધાળુઓને ખાસ અપીલ પણ કરી છે. સીએમ યોગી એ લોકોને સંયમ રાખવા અને સતર્કતાની અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે લોકો કોઈપણ પ્રકારની અફવા પર ધ્યાન ન આપે. સ્નાન કરવા માટે તંત્ર દ્વારા જે નિયમ બનાવવામાં આવ્યા છે તેનું પાલન કરવામાં આવે. સાથે જ યોગી આદિત્યનાથે શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો છે કે તેઓ જે જગ્યાએ હોય ત્યાં જ રહે અને ત્યાં જ સ્નાન કરે અન્ય ઘાટ પર જવાનો પ્રયત્ન ન કરે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે સ્નાન માટે ઘણા ઘાટ બનાવવામાં આવ્યા છે, જ્યાં સ્નાન કરી શકાય છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વહીવટીતંત્રની સૂચનાનું પાલન કરવા અને વ્યવસ્થા કરવામાં સહકાર આપવા જણાવ્યું હતું. તેમજ કોઈપણ અફવા પર ધ્યાન ન આપવા અપીલ કરી છે. બીજી તરફ, સીએમ યોગીને મેળા અધિકારી વિજય કિરણ આનંદ દ્વારા સમગ્ર મામલાની માહિતી આપવામાં આવી છે. મેળા અધિકારીએ નાસભાગના કારણો વિશે મુખ્યમંત્રીને જાણ કરી હતી.ડીજીપી પ્રશાંત કુમાર, મુખ્ય સચિવ ગૃહ સંજય પ્રસાદ પ્રયાગરાજ પ્રશાસનના સતત સંપર્કમાં છે. આજે માઘ મહિનાની મૌની અમાવસ્યા છે, જેનું વિશેષ મહત્વ માનવામાં આવે છે.

(અનુ.બીજા પાને)

### GSLV-F15 રોકેટનું સફળ લોન્ચિંગ

## ઈસરોએ રચ્યો ઈતિહાસઃ અંતરિક્ષમાં ૧૦૦મું મિશન લોન્ચ કર્યુ



નવી દિલ્હી, તા.૨૯

શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઈસરોએ રોકેટ લોન્ચની સદી પૂર્ણ કરી ઈતિહાસ રચી દીધો. ઈસરોએ બુધવારે GSLV-F15 રોકેટ દ્વારા નેવિગેશન સેટેલાઈટ (NVS-02) લોન્ચ કર્યું. NavIC હેઠળ બીજી પેઢીના પાંચ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. અગાઉ 29 મે, 2023 ના રોજ, NVS-01 ને GSLV-F12 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. GSLV-F15 રોકેટ દ્વારા લોન્ચ કરાયેલ આ નેવિગેશન સેટેલાઈટ (NVS-02) પરિવહનમાં યોગ્ય ટ્રેકિંગ અને માર્ગદર્શન આપવામાં મદદ કરશે. હવા અને દરિયાઈ ટ્રાફિકને કાર્યક્ષમ રીતે ટ્રેક કરશે. જ્યારે સૈન્ય અભિયાન હાથ ધરવા માટે સલામત, સ્થાનિક નેવિગેશન હોવાથી સંરક્ષણ ક્ષમતાઓમાં વધારો થશે.તે ભારતીય ઉપખંડ તેમજ ભારતીય ભૂમિગત વિસ્તારોથી લગભગ 1,500 કિલોમીટર સુધીના વિસ્તારોના યૂઝર્સને ચોક્કસ સ્થિતિ, ગતિ અને સમયની માહિતી પ્રદાન કરશે. NAVIS-02 ને NVS ને નેવિગેશન સેવાઓની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.NavIC માં બીજી પેઢીના પાંચ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. અગાઉ 29 મે, 2023 ના રોજ, NVS-01 ને GSLV-F12 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. યુઆર સેટેલાઈટ સેન્ટર દ્વારા ડિઝાઈન અને વિકસિત NVS-02 ઉપગ્રહનું વજન લગભગ 2,250 કિલો છે. તેમાં NVS-01 જેવા C-બેન્ડમાં રેન્જિંગ પેલોડ છે, ઉપરાંત L1, L5 અને S બેન્ડમાં નેવિગેશન પેલોડ છે. NVS-02 ઉપગ્રહ પરિવહન, સંરક્ષણ અને લોજિસ્ટિક્સમાં મદદ કરશે. તે કૃષિ, ઉપગ્રહો માટે ભ્રમણકક્ષા નિર્ધારણ, મોબાઈલ ઉપકરણોમાં સ્થાન આધારિત સેવાઓ, ઈમરજન્સી સેવાઓમાં પણ મદદ કરશે.

### એસ. જયશંકરે કહ્યું પીડિત પરિવારોના સંપર્કમાં છીએ

## સાઉદી અરેબિયામાં રોડ અકસ્માતમાં નવ ભારતીયોના મોત નિપજ્યા



નવી દિલ્હી, તા.૨૯

સાઉદી અરેબિયામાં ગમખ્વાર રોડ અકસ્માત સર્જાયો છે. આ રોડ અકસ્માતમાં ૯ ભારતીયોના મોત થઈ ગયા છે. જેદાહમાં ભારતીય મિશને આ અંગે જાણકારી આપી છે. મિશને જણાવ્યું કે, આ અકસ્માત પશ્ચિમી સાઉદી અરેબિયામાં જીજાન પાસે સર્જાયો છે. અમે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો સાથે સંપર્કમાં છીએ. આ ઉપરાંત અમે સાઉદીના અધિકારીઓના સંપર્કમાં છીએ અને તેઓ પોતાનું સમર્થન આપી રહ્યા છે. ભારતીય કોન્સ્યુલેટે X પોસ્ટમાં જણાવ્યું કે, સાઉદી અરેબિયાના પશ્ચિમ ક્ષેત્રમાં જીજાન નજીક માર્ગ અકસ્માતમાં ૯ ભારતીય નાગરિકોના દુઃખદ મૃત્યુ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના. જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યા છે અને તેઓ અધિકારીઓ અને પરિવારો સાથે સંપર્કમાં છે. અમે ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પણ કામના કરીએ છીએ. તેમણે એ પણ જણાવ્યું કે, અકસ્માત અંગે મૃતકો અને ઘાયલોના સંબંધીઓ સંપર્ક કરી શકે તે માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

હેલ્પલાઈન નંબરો
8002440003(Toll free)
0122614093
0126614276
0556122301(WhatsApp)

વિદેશ મંત્રી એસ જયશંકરે પણ આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઠ પર એક પોસ્ટમાં વિદેશ મંત્રીએ કહ્યું કે, 'અકસ્માત અને જાનહાનિ વિશે જાણીને મને દુઃખ થયું. જેદાહમાં અમારા કોન્સ્યુલ જનરલ સાથે વાત કરી, જેઓ સંબંધિત પરિવારોના સંપર્કમાં છે.

## મહાકુંભમાં નાસભાગ થતા પ્રયાગરાજ આવતી તમામ સ્પેશિયલ ટ્રેનો રદ

પ્રયાગરાજ, તા.૨૯

પ્રયાગરાજમાં મૌની અમાવસ્યાના દિવસે ભારે ભીડને ધ્યાનમાં રાખીને, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ જતી મહાકુંભ મેળાની સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે, જંક્શન પર પ્રયાગરાજ જતા ભક્તોની ભીડ જોવા મળે છે.વિવિધ રૂટ પર દોડતી મહાકુંભ મેળાની ખાસ ટ્રેનોનું સંચાલન રાબેતા મુજબ ચાલુ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ આવતી મહાકુંભ મેળાની ખાસ ટ્રેનોને જ રોકવામાં આવી છે. પરંતુ નિયમિત ટ્રેનો દોડી રહી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શનથી પ્રયાગરાજ જતી મહાકુંભ મેળાની ખાસ ટ્રેનોને જ રોકવામાં આવી છે.પંડિત દીનદયાળ ઉપાધ્યાય રેલવે ડિવિઝનના વાણિજ્યિક મેનેજર મનીષ કુમારે જણાવ્યું હતું કે, આગામી આદેશો સુધી સ્પેશિયલ ટ્રેનનું સંચાલન બંધ કરવામાં આવ્યું છે. કુંભ મેળાની ખાસ ટ્રેનો હાલ પૂરતી બંધ રહેશે. નિયમિત ટ્રેનો દોડતી રહેશે. પ્રયાગરાજમાં ભારે ભીડને કારણે, ખાસ ટ્રેનને રોકવામાં આવી છે.બીજી તરફ, પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ બાદ વહીવટીતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. પ્રયાગરાજ જંક્શન પર રેપિડ એક્શન ફોર્સ અને પોલીસ દળની તૈનાતી વધારવામાં આવી છે. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કડક વ્યવસ્થા કરવામાં આવી છે. મૌની અમાવસ્યા સ્નાન માટે આવતા શ્રદ્ધાળુઓને સુરક્ષિત રીતે સંગમ પહોંચાડવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

## પીજી મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઈલ આધારિત અનામત સુપ્રીમ કોર્ટે ફગાવી

નવીદિલ્હી,તા.૨૯

એક મોટા પગલામાં, સુપ્રીમ કોર્ટે આજે પીજી મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઈલ-આધારિત અનામતને રદ કરી દીધી, અને તેને ગેરબંધારણીય ગણાવ્યું. તેને સમાનતાના અધિકારનું ઉલ્લંઘન પણ ગણાવ્યું હતું. હૃષિકેશ રોય, સુધાંશુ ધુલિયા અને એસવીએન ભટ્ટીની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે પ્રવેશ ફક્ત મેરિટના આધારે હોવો જોઈએ. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણય રાજ્યો દ્વારા પહેલાથી જ આપવામાં આવેલા ડોમિસાઈલ-આધારિત અનામતને અસર કરશે નહીં.

"પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં રહેઠાણ આધારિત અનામત બંધારણના અનુચ્છેદ ૧૪નું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આપણે બધા ભારતના પ્રદેશમાં રહીએ છીએ. પ્રાંતીય કે રાજ્ય રહેઠાણ જેવી કોઈ વસ્તુ નથી. ફક્ત એક જ રહેઠાણ છે," સુપ્રીમ કોર્ટે કહ્યું. "આપણે બધા ભારતના રહેવાસી છીએ. આપણને ભારતમાં ગમે ત્યાં રહેઠાણ પસંદ કરવાનો અને દેશમાં ગમે ત્યાં વ્યવસાય અને વ્યવસાય કરવાનો અધિકાર છે. બંધારણ આપણને ભારતભરની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પસંદ કરવાનો પણ અધિકાર આપે છે." વધુમાં, કોર્ટે કહ્યું કે ચોક્કસ રાજ્યના વિદ્યાર્થીઓ માટે સ્મ્મ્જી અભ્યાસક્રમોમાં ચોક્કસ મર્યાદા સુધી અનામતની મંજૂરી આપી શકાય છે, પરંતુ પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં તેની મંજૂરી નથી. ત્રણ ખંડપીઠના ચુકાદામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે કોર્ટનો નિર્ણય પહેલાથી જ આપવામાં આવેલા ડોમિસાઈલ-આધારિત અનામતને અસર કરશે નહીં.

ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, "કોઈ ચોક્કસ રાજ્યમાં રહેતા લોકોને મેડિકલ કોલેજો સહિત શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતનો લાભ ફક્ત સ્મ્મ્જી અભ્યાસક્રમોમાં ચોક્કસ ડિગ્રી સુધી જ આપી શકાય છે. પરંતુ પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં નિષ્ણાત ડોકટરોના મહત્વને ધ્યાનમાં રાખીને, અનામત રહેઠાણના આધારે ઉચ્ચ સ્તરે અરજી કરવી બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન કરશે."

## વકફ બેઠક સમાપ્તઃ જેપીસીએ ૧૪ વિરુદ્ધ ૧૧ મતોથી બિલ સ્વીકાર્યું

નવીદિલ્હી,તા.૨૯

વકફ અંગેની બેઠક પૂર્ણ થઈ ગઈ છે. વકફ જેપીસીએ ૧૪ વિરુદ્ધ ૧૧ મતોથી બિલને મંજૂરી આપી. વિપક્ષી સભ્યોને આજે સાંજે ૪ વાગ્યા સુધીમાં પોતાનો અસંમતિ પત્ર રજૂ કરવા કહેવામાં આવ્યું છે.

આ મામલે અસદુદ્દીન ઓવૈસીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું, 'આજે ડ્રાફ્ટ રિપોર્ટ સ્વીકારવામાં આવ્યો છે.' ૧૪ મત તેના પક્ષમાં અને ૧૧ મત તેના વિરોધમાં પડ્યા. ગઈકાલે રાત્રે ૬૫૦ થી વધુ પાનાનો રિપોર્ટ આપવામાં આવ્યો હતો. આપણે કોઈને આટલી ઝડપથી કેવી રીતે વાંચી શકીએ? અમે અમારા પક્ષ વતી અસંમતિનો ઉલ્લેખ કરી રહ્યા છીએ અને અમારું માનવું છે કે મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલ સુધારો મિલકત બચાવવા માટે નથી પરંતુ તેનો નાશ કરવા માટે છે. વકફ મુસ્લિમો માટે પૂજા સ્થળ છે, તેઓ તેને છીનવી લેવા માંગે છે.

અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, 'અમારું માનવું છે કે મોદી સરકાર મુસ્લિમો પાસેથી વકફ સંપત્તિ છીનવી લેવા માંગે છે.' સરકાર પાસે બહુમતી છે તેથી તેમણે આ સુધારો પસાર કરાવ્યો. હવે આ સંસદમાં જશે પણ અમે સંસદમાં લડીશું. જો જરૂર પડશે તો અમે બહાર પણ તેનો વિરોધ કરીશું.

તમને જણાવી દઈએ કે અગાઉ, વકફ (સુધારા) બિલ ૨૦૨૪ પર ચર્ચા કરી રહેલી સંસદની સંયુક્ત સમિતિએ સોમવારે શાસક ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણના સભ્યો દ્વારા પ્રસ્તાવિત તમામ સુધારાઓને સ્વીકારી લીધા હતા અને સુધારાઓને નકારી કાઢ્યા હતા. વિરોધ પક્ષના સભ્યોની સંખ્યા. દરખાસ્તો નકારી કાઢવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે બેઠક બાદ કહ્યું હતું કે સમિતિ દ્વારા સ્વીકારાયેલા સુધારા કાયદાને વધુ સારો અને અસરકારક બનાવશે. જોકે, વિપક્ષી સાંસદોએ બેઠકની કાર્યવાહીની નિંદા કરી અને પાલ પર લોકશાહી પ્રક્રિયાને "વિકૃત" કરવાનો આરોપ લગાવ્યો.

તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જીએ કહ્યું હતું કે, "આ એક હાસ્યાસ્પદ કવાયત હતી. અમારો અવાજ સંભળાયો નહીં. "જગદંબિકા પાલે સરમુખત્યારશાહી રીતે કામ કર્યું છે." જોકે, પાલે આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે સમગ્ર પ્રક્રિયા લોકશાહી હતી અને બહુમતીના અભિપ્રાયનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## શેરડીમાંથી બનતા ઈથેનોલના ભાવ સરકારે વધાર્યા, નેશનલ ક્રિટિકલ મિશનને પણ મંજૂરી

નવી દિલ્હી, તા.૨૯

મોદી કેબિનેટની બેઠકમાં આજે બે મોટા નિર્ણયો પર મહોર લાગી છે. આજે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ નિર્ણયો અંગે જાણકારી આપી છે. આમાંથી એક નિર્ણય ખેડૂતોની રાહત માટે છે. જ્યારે બીજા નિર્ણયની અસર કૃષિ ક્ષેત્રની સાથે અન્ય ઘણા ક્ષેત્રો પર પણ જોવા મળશે. આર્થિક બાબતો પર કેબિનેટ કમિટિએ ઈથેનોલના ભાવમાં વધારાને મંજૂરી આપી છે.

આ ઉપરાંત કેબિનેટે નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પણ મંજૂરી આપી દીધી છે. દેશની અર્થવ્યવસ્થા માટે ક્રિટિકલ મિનરલના મહત્વને ધ્યાનમાં રાખીને ૧૬,૩૦૦ કરોડ રૂપિયાના આ મિશનને મંજૂરી આપવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય દેશને ખનિજોના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા તરફ આગળ વધવાનો છે. વડાપ્રધાનની અધ્યક્ષતામાં ઝઝઈઇછ એ ઈથેનોલની ખરીદી માટે સુધારેલા ભાવોને મંજૂરી આપી દીધી છે. આ કિંમતો ૧ નવેમ્બર ૨૦૨૪થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી લાગુ રહેશે. નિર્ણય પ્રમાણે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પ્રોગ્રામ હેઠળ ઝ-ઊઁીકૃદ્દઅ ર્ઈક્ષટ્ઠજજીજ એટલે કે ઝઊઁ માટે એક્સ મિલ ભાવ ૫૬.૫૮ રૂપિયા પ્રતિ લીટરથી વધારીને ૫૭.૯૭ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખેડૂતોને ફાયદો થવા ઉપરાંત દેશની ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવા અને વિદેશી ચલણ બચાવવામાં પણ મદદ કરશે.

કેબિનેટે નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પણ આજે મંજૂરી આપી દીધી છે. તેમાં ૧૬,૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે અને લગભગ ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનું સરકારી કંપનીઓ દ્વારા રોકાણ કરવામાં આવી શકે છે. સરકારના આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન ટેકનોલોજી માટે જરૂરી ક્રિટિકલ મિનરલ માટે વધુ સારી વેલ્યુ ચેનને સ્થાપિત કરવાનો છે. કેબિનેટ દ્વારા જારી રિલીઝ પ્રમાણે ક્રિટિકલ મિનરલ સેક્ટરમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એક અસરકારક ફ્રેમવર્ક સ્થાપિત કરવું ખૂબ જ જરૂરી છે.

આ જ બાબતને ધ્યાનમાં રાખીને ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ રજૂ કરાયેલા બજેટમાં નાણામંત્રીએ ક્રિટિકલ મિનરલ મિશનની જાહેરાત કરી હતી. આ મિશન દ્વારા દેશમાં આવા મિનરલની શોધના કાર્યને ઝડપી બનાવી શકાશે. આગામી ૭ વર્ષમાં આ મિશનમાં ૩૪,૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. બજેટ પહેલા કેન્દ્ર સરકારે ખેડૂતો માટે મોટો નિર્ણય લીધો છે. શેરડીમાંથી બનતા ઈથેનોલની કિંમત વધારવાની મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન પર પણ મહોર લગાવી છે. આ મિશન પર ૧૬૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

(અનુ.બીજા પાને)

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

# હિંદુ આસ્થાની મજાક

કોંગ્રેસ અને તેના નેતાઓ ભાજપ પર નિશાન સાધવાના ચક્કરમાં કઈ રીતે વારંવાર હિંદુઓની આસ્થાની અવગણના કરવા, તેની મજાક ઉડાવવા અને તેના પર આઘાત કરવા ટેવાઈ ગયા છે, તેનો નવો નમૂનો છે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું એ નિવેદન કે ગંગામાં ડૂબકી લગાવવાથી ગરીબી દૂર નથી થવાની. હિંદુ સમાજની આસ્થા પર કુઠારાઘાત કરનારા આવા કોઈ નિવેદનની શી જરૂર પડી હશે? તેમનું આ નિવેદન તો એ જ દર્શાવે છે કે તેઓ હિંદુઓની આસ્થાનું ધ્યાન રાખવાનું તો દૂર રહ્યું, પરંતુ તેના પર સામાન્ય સંવેદનશીલતા દર્શાવવાની પણ જરૂર નથી સમજતા. જો તેમણે ભાજપ પર હુમલો જ કરવો હતો તો તેના માટે કોઈ પણ વિષય પસંદ કરી શકતા હતા. વિષયોની અછત નથી. પરંતુ ખડગેને એ ખટકી રહ્યું છે કે ભાજપના અનેક નેતાઓ મહાકુંભમાં ડૂબકી લગાવી રહ્યા છે. તેઓ કોંગ્રેસના જૂના નેતા છે અને તેમને ખબર હોવી જોઈએ કે મહાત્મા ગાંધીએ પણ કુંભ સ્નાન કર્યું હતું. એ જ રીતે વડાપ્રધાન રહેતી વખતે જવાહરલાલ નેહરુ પણ કુંભ ગયા હતા. ત્યારે તેમની સાથે પાર્ટીના અનેક વરિષ્ઠ નેતાઓ પણ હતા. ઈન્દિરા ગાંધી પણ લાલબહાદુર શાસ્ત્રીનાં અસ્થિઓને એ સમયે સંગમમાં પ્રવાહિત કરવા ગયાં હતાં, જ્યારે ત્યાં કુંભ ચાલી રહ્યો હતો. સોનિયા ગાંધીએ પણ કુંભની મુલાકાત લીધી છે!

ભાજપ પર નિશાનો સાધવાના ચક્કરમાં ગંગા સ્નાનની મજાક ઉડાવનારા મલ્લિકાર્જુન ખડગે એ પણ ભૂલી ગયા કે ૨૦૨૧માં પ્રિયંકા ગાંધીએ પણ સંગમમાં ડૂબકી લગાવી હતી. કોઈ કુંભમાં ડૂબકી લગાવે કે કોઈ મંદિર જાય, એ તેની પોતાની આસ્થાની બાબત છે. જો ખડગેને આ બધું ઠીક ન લાગતું હોય તો તેમની મરજી, પરંતુ તેનો એ મતલબ નહીં કે તેઓ કરોડો હિંદુઓની મજાક ઉડાવે. જો તેમને ધાર્મિક, સાંસ્કૃતિક પરંપરાઓ પર વિશ્વાસ ન હોય તો શું તેઓ આવી જ વાત અન્ય મત-મજહબ માટે કરી શકશે? તેઓ એવું કરવાનું વિચારી પણ નહીં શકે અથવા તો એમ કહો કે એવું કરવાની તેમનામાં હિંમત નથી. જો તેઓ ખુદને નાસ્તિક ગણાવવા માગતા હોય તો તેઓ સ્વતંત્ર છે, પરંતુ તેમની નાસ્તિકતાના નિશાના પર માત્ર હિંદુઓની જ આસ્થા કેમ? જો કોંગ્રેસ ખડગેના નિવેદનનું સમર્થન કે બચાવ કરે છે, તો તેનો એ જ મતલબ કહી શકાય કે તે હિંદુ વિરોધ અને તુષ્ટીકરણની નીતિ અપનાવીને રસ્તો ભટકી ગઈ છે અને જે રસ્તે તે ચાલી રહી છે તેનાથી તેની વાપસી આસાન નથી. શું આ એ જ કોંગ્રેસ છે, જેના યુવરાજ રાહુલ ગાંધી એક સમયે ચૂંટણી સમયે મંદિર-મંદિર જઈ રહ્યા હતા અને ખુદને જનોઈધારી બ્રાહ્મણ ગણાવીને શિવભક્ત બનીને કૈલાસ માનસરોવરની યાત્રા પણ કરી આવ્યા હતા? જો કોંગ્રેસ અધ્યક્ષ ખરેખર એ જાણવા માગતા હોય કે કરોડો લોકો કુંભમાં ડૂબકી કેમ લગાવે છે તો તેમણે પોતાના સહયોગી પક્ષ સપાના પ્રમુખ અખિલેશ યાદવને પૂછી લેવું જોઈએ, જેમણે હાલમાં જ ગંગા સ્નાન કર્યું હતું.

# ટ્રમ્પે પાકિસ્તાન પર આર્થિક સર્જિકલ સ્ટ્રાઈક કરી, તમામ પ્રકારની વિદેશી સહાય બંધ કરી

ઈસ્લામાબાદ,તા.૨૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર બાદ, પાકિસ્તાનને આપવામાં આવતી વિદેશી સહાય તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે. આને અમેરિકા દ્વારા પાકિસ્તાન પર કરવામાં આવેલી એક મોટી આર્થિક સર્જિકલ સ્ટ્રાઈક માનવામાં આવી રહી છે. પાકિસ્તાનને આપવામાં આવતી તમામ પ્રકારની સહાયનું હવે પુનઃમૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. મંગળવારે એક સમાચારમાં આ માહિતી આપવામાં આવી હતી.

પાકિસ્તાનના જિયો ન્યૂઝ અનુસાર, ટ્રમ્પના આ પગલાથી પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે. યુએસ સહાય તાત્કાલિક સ્થગિત કરવાથી પાકિસ્તાનમાં યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના ઘણા મુખ્ય પ્રોજેક્ટ્સ સ્થગિત થઈ ગયા છે, જેમાં એમ્બેસેડર્સ ફંડ ફોર કલ્ચરલ પ્રિઝર્વેશનનો સમાવેશ થાય છે, જે સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે બનાવવામાં આવ્યું છે. તે એક મુખ્ય પ્રોજેક્ટ છે. સંરક્ષણ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટેનો કાર્યક્રમ. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પાકિસ્તાનને આપવામાં આવતી તમામ સહાય બંધ કરીને તેને આર્થિક ફટકો આપ્યો છે. અહેવાલમાં કરાચી સ્થિત યુએસ કોન્સ્યુલેટના એક અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર અનુસાર અમેરિકાએ પાકિસ્તાનને આપવામાં આવતી વિદેશી સહાય પુનઃમૂલ્યાંકન માટે રોકી દીધી છે.

### મહાકુંભમાં શંકરાચાર્યોએ કર્યું અમૃત સ્નાન

# ૧૩ અખાડાના સંતોએ લગાવી ડૂબકી, હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા



પ્રયાગરાજ, તા.૨૯

મહાકુંભમાં ગઈકાલે મોડી રાત્રે નાસભાગ બાદ સ્થિતિ કાબૂમાં આવી હોવાનું સત્તાધીશોએ જણાવ્યું છે. તેમજ સંગમ ઘાટ પર સ્થગિત કરાયેલુ અમૃત સ્નાન ફરી શરૂ થયુ છે.

દેશના જગદગુરૂ શંકરાચાર્યોએ અમૃત સ્નાન કર્યું છે. સંગમ તરફ જઈ રહેલા અખાડાઓ, સાધુ-સંતો પર પુષ્પ વર્ષા થઈ રહી છે. એક પછી એક ૧૩ અખાડા ગંગામાં ડૂબકી લગાવી રહ્યા છે. હેલિકોપ્ટર દ્વારા સાધુ-સંતો પર પુષ્પવર્ષા કરાઈ હતી.

મહાકુંભમાં સ્નાન કરતાં પહેલાં જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજે જણાવ્યું હતું કે, દેશના ત્રણેય શંકરાચાર્ય આજે અહીં પવિત્ર સ્નાન કરવા જઈ રહ્યા છે. અમે જનતા માટે આશીર્વાદનો ધોધ વહાવી રહ્યા છીએ.

મૌની અમાસ નિમિત્તે પાંચ કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં અત્યારસુધીમાં લગભગ ૨૦ કરોડ લોકોએ ગંગામાં સ્નાન કર્યું છે.

નાસભાગની ઘટના અંગે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ મહારાજે કહ્યું કે, ગઈકાલે મોડી રાત્રે બનેલી ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે અને તેના માટે સૌ દુઃખી છે, પરંતુ ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે આપણે સાવચેત રહેવું જોઈએ. હું ભક્તોને ધીરજ રાખવા અને કુંભ ક્ષેત્રમાં વિવિધ ઘાટ પર પવિત્ર સ્નાન કરવા અપીલ કરું છું. એવી કોઈ ચોક્કસ જગ્યા નથી જ્યાં ભક્તોએ સ્નાન કરવા માટે ભેગા થવું જોઈએ. એક જ જગ્યાએ સ્નાન કરીએ તેવો કોઈ આગ્રહ રાખવાની જરૂર નથી. જ્યાં સ્નાન કરશો ત્યાં તમને કુંભ ફળ પ્રાપ્ત થશે. આધ્યાત્મિક નેતા સ્વામી કૈલાશાનંદ ગિરિએ કહ્યું કે, આજે અમે ગંગા પૂજન કર્યું. લોકોની શાંતિ અને સમૃદ્ધિ માટે પૂજા કરી. હું ઉત્તરપ્રદેશના વહીવટીતંત્ર અને મુખ્યમંત્રીનો સ્નાન માટે કરેલી બધી વ્યવસ્થા માટે આભાર માનું છું.

# માણાવદરના બુરી ગામમાં માથાભારે શખ્સોનો આતંક આખા ગામના લોકોની સહીથી તંત્રને અપાયુ આવેદન

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર, તા.૨૯

ગુજરાતના ઈતિહાસમાં જવલ્લે જ બને તેવી ઘટના માણાવદર તાલુકાના બુરી ગામમાં બની ગામમાં મુઠ્ઠીભર માથાભારે શખ્સોના આતંક સામે પોતાનુ રક્ષણ મેળવવા આખેઆખા ગામને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સુધી ફરિયાદ કરી શરણું લેવાની ફરજ પડી છે અને પોતાની વેદના મામલતદાર દ્વારા ગૃહમંત્રીને જુનાગઢ ડી.એસ.પી. તેમજ સ્થાનિક ધારાસભ્ય અરવિંદ લાડાણી વગેરે સમક્ષ કરાઈ છે. આખા ગામની સહી સાથેના આવેદનપત્રમાં જણાવાયા પ્રમાણે માણાવદર તાલુકાના બુરી ગામમાં વસતા ત્રણ શખ્સો કિશન ગમારા, મનસુખ માટીયા અને જીતો ગમારાએ ગામ આખામાં આતંક ફેલાવ્યો છે અને ગામના લોકોને કાયમી હેરાન કરે છે.



આવેદનકર્તા દિનેશ કુળજી સુરેજાએ ઉમેર્યું છે કે તા.૨૧ ના દિવસે બુરી ગામના સરોજબેન જે.નનાણીયાને રસ્તામાં રોકી કિશન ગમારાએ બેફામ ગાળો આપી અપમાનીત કર્યા હતા અને ધમકી આપી હતી ત્યાર બાદ બીજા દિવસે ગામના મહિલા અગ્રણી અને જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષને રસ્તામાં રોકી કિશન ગમારાએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.આવેદનમાં આખા ગામે એક સૂરમાં જણાવેલ છે કે, કિશન ગમારા માથા ભારે શખ્સ છે. અગાઉ તેની ઉપર ચોરી, લૂંટ ફાટના તેમજ અન્ય ઘણા ગુનામાં સંડોવાયેલ હોઈ ગુના નોંધાયા છે. જેની તપાસ કરી આ શખ્સો સામે પાસાની કાર્યવાહી કરવા માંગણી કરી છે.

# દ્વારકા જીલ્લામાં ડીવાયએસપીનો ચાર્જ સંભાળતા માનસેતા

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૯

દેવભૂમી દ્વારકા જીલ્લામાં એસસી.એસટી. સેલની ડીવાયએસપી વીસ્મય માનસેતાએ ચાર્જ સંભાળેલ છે. પોલીસની ટ્રેનીંગ પૂર્ણ કરીને ડીવાયએસપીનુ પ્રથમ પોસ્ટીંગ સોમનાથ જીલ્લામાં મેળવ્યા પછી સરાહનીય કામગીરી કરીને તેઓ દેવભૂમી દ્વારકા જીલ્લામાં



એસસીએસટી સેલના ડીવાયએસપી તરીકે મુકાયા છે.

# દર રવિવારે ચકલીના માળાનુ નિઃશુલ્ક વિતરણ

રાજકોટ, તા.૨૯

બજરંગ ગ્રુપના કાર્યાલય રાધેશ્યામ કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડ ફલોર ગરેડીયા કુવા રોડ રાજકોટ ખાતે દર રવિવારે સાંજે ૪ થી ૬ નિઃશુલ્ક લાકડાના ચકલીના માળા, માટીના કુંડા, ચણ, ફીડરનુ વિતરણ ભગીરથસિંહ જાડેજા, બી.કે.જાડેજા, હરેશ દવે, કિશોર ધનજી કારીયા, હસુ ગણાત્રા, બટુક રાચ્છ, જતિન ભીંડોરા, મનુ મકવાણા, મનુ ભગત, દિનેશ તન્ના, વિ.આર.બુધ્ધદેવ, હર્ષદસિંહ જાડેજા, વિજય કે.ભટ્ટના વરદ હસ્તે કરવામાં આવશે તેમ એક યાદીના અંતે મીડીયા ઈન્ચાર્જ મારફણી વાહિદે જણાવેલ છે.

# મહાકુંભની દુર્ઘટના બાદ સુરક્ષા વ્યવસ્થામાં ફેરફાર

## સંગમ સ્થળ આસપાસના વિસ્તારનો હવાલો અર્ધલશ્કરી દળો ઉપરાંત સૈન્યના હવાલે કરાયો

રાજકોટ, તા.૨૯

ગતરાત્રીના મૌની અમાસ નિમિતે પ્રયાગરાજ ખાતે ચાલતા મહાકુંભમાં બેકાબુ માનવ મહેરામણ ઉમટી પડતા સર્જાયેલ અવ્યવસ્થા બાદ મચેલી ભાગદોડમાં ૩૦ થી વધુ શ્રદ્ધાળુ મોત પામ્યા બાદ મહાકુંભની સુરક્ષા વ્યવસ્થામાં મોટાપાયે ફેરફારો કરવામાં આવી રહયા છે. સ્થાનિક તંત્ર-સરકારની નિષ્ફળતા બાદ હવેથી સંગમ સ્થળ આસપાસના વિસ્તારમાં અર્ધલશ્કરી દળ, આર.એ.એફ એન.એસ.જી. તેમજ સૈન્યના જવાનોની ટૂકડીઓને તહેનાત કરવા ઉપરાંત આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા એકત્ર થયેલ ભીડ પર નજર રાખવામાં આવશે.

ભાગદોડ મચતા પ્રશાસનના સબ સલામતના દાવા પોકળ સાબિત થયેલ અને ભાગદોડના કારણે અખાડાઓના સંતોનુ સ્નાન મુલત્વી કરાયેલ આશરે ત્રણેક કલાકની મહેનત બાદ સ્થિતી કાબુમાં આવેલ હતી.

મહાકુંભની દુર્ઘટના બાદ હવે પ્રયાગરાજ ખાતે આવતી તમામ વિશેષ ટ્રેનોને અટકાવાયેલ છે. તેમજ અન્ય ખાનગી વાહનોને પ્રવેશ ભીડની સ્થિતીના મુલ્યાંકન બાદ જ અપાશે તેવુ તંત્ર દ્વારા જાહેર કરાયુ છે.

મહાકુંભ દુર્ઘટના અંગે લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વિશિષ્ટ વ્યકિતઓ માટેની ખાસ વ્યવસ્થાને કુંભમાંથી દૂર કરવા માંગ ઉઠાવેલ છે.

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે મહાકુંભની દુર્ઘટના બાદ શ્રધ્ધાળુઓની સુવિધા માટે સ્નાન સ્થળ આસપાસના વિસ્તારમાં સૈન્યની ટૂકડી ગોઠવવા માંગ ઉઠાવેલ છે.

**યુ.પી.મંત્રી નિષાદનું વિવાસ્પદ નિવેદન**

મહાકુંભમાં સર્જાયેલ દુર્ઘટનામાં સરકારી વ્યવસ્થામાં કયાંક કચાશ રહી ગયાની ભૂલ સ્વિકારવાના બદલે ઉત્તર પ્રદેશના મંત્રીમંડળના (ભાજપના સાક્ષી પક્ષના નેતા) સભ્ય સંજય નિષાદે તંત્રની નિષ્ફળતા ઢાંકવા દોષનો ટોપલો લોકો પર ઢોળતુ વિવાદાસ્પદ નિવેદન કરેલ છે. નિષાદે એવું જણાવેલ હતુ કે આવા મોટા આયોજનોમાં આવી નાની મોટી ઘટનાઓ તો સર્જાતી રહે! શ્રદ્ધાળુઓના ઝખમ પર મીઠું ભભરાવવાનું કામ કરે તેવુ નિવેદન આપેલ છે.

આગામી દિવસોમાં વસંત પંચમી આવી રહેલ છે તદઉપરાંત મહાકુંભમાં કેટલાક મોટાનેતાઓ, ઉદ્યોગપતિઓ અને સંતો આવનાર છે ત્યારે શ્રધ્ધાળુઓને સ્નાનમાં કોઈ તકલીફ ન પડે કે અડચણ ન સર્જાય તે માટે મહાકુંભની સુરક્ષા વ્યવસ્થામાં ધરખમ ફેરફારો આગામી દિવસોમાં જોવા મળશે.

# શિક્ષણમાં, ઉણપનો સ્વિકાર નહીં, સુધારાની ખાસ જરૂરત

## શિક્ષણ અને આરોગ્ય શ્રેષ્ઠ સમાજ રચના માટે પાયાની બાબત છે તેમાં ત્રુટી ચલાવાય નહીં

રાજકોટ, તા.૨૯

રાજયમાં પ્રાથમિક તથા હાઈસ્કૂલોમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ અંગેની કસોટી હાથ ધરવામાં આવતા મોટાભાગની શાળાઓના ૬૦ થી ૭૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણમાં ઢ નીકળેલ છે. તેની પાછળ અનેક ઉણપો તેમજ ત્રુટીઓ જવાબદાર છે.

રાજ્યની પ્રાથમિક શાળાઓ તેમજ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જ્ઞાન કસોટીમાં પ્રાથમિક શાળાઓના મોટાભાગના બાળકો (વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ)ને કકો, બારાક્ષરી ઉપરાંત ગણિતના સરવાળા-બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર નથી આવડતા એટલું જ નહીં કેટલાક વિદ્યાર્થીઓ તો પાઠય પુસ્તક વાંચનમાં પણ નિષ્ફળ સાબિત થયેલ.

શ્રેષ્ઠ સમાજ ઘડતરના પાયામાં શિક્ષણ અને આરોગ્ય સેવાને વિશેષ પ્રાધાન્ય આપવુ અનિવાર્ય છે. શિક્ષિત સમાજ દ્વારા આર્થિક સમાનતા આવે તેમ હોવાથી દરેક વ્યક્તિ શિક્ષણને મહત્વ આપે તે જરૂરી છે. પરંતુ હાલની આપણી શિક્ષણ વ્યવસ્થા સતત કથળતી રહી છે. જેની પાછળ શાળાઓમાં નિર્ધારિત કરાયેલ શિક્ષકોની સંખ્યામાં સતત અનુભવાતી ઘટ, શિક્ષકો પાસેથી શિક્ષણ ઉપરાંત સેવામાં આવતી અન્ય ચૂંટણી-પંચાયતની કે અન્ય સેવાઓ ઉપરાંત શિક્ષકોના વેતનમાં પ્રવેશેલ અસમાનતા પણ કેટલાક અંશે જવાબદાર છે.

રાજ્યમાં છેલ્લા દોઢથી બે દાયકા દરમ્યાન શિક્ષણનુ સ્તર સતત નબળું પડી રહેલ છે. જો ભાવિ પેઢીમાં શિક્ષણ નબળું હોય તેની આવનાર પેઢીની સમાજ વ્યવસ્થા પર ઘેરી અસર પડી શકે તેમાં કોઈ શંકાને સ્થાન નથી!

વર્તમાન સમયમાં પ્રાથમિક શાળાના થોડા જ બાળકો ભણવામાં હોશિયાર સાબિત થઈ રહયા છે. જે વિદ્યાર્થીઓની વય ૭ થી ૧૨ વર્ષ વચ્ચેની છે એક વાતમાં પ્રાથમિક શાળાઓ તેમજ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનના વપરાશમાં પાવરધા સાબિત થઈ રહયા છે. પરંતુ જે વિદ્યાર્થીઓ મોબાઈલ વાપરવામાં પાવરધા સાબિત થાય તે વિદ્યાર્થી શિક્ષણમાં નબળું પ્રદર્શન કરી રહેલ છે જે બાબત સરકાર તેમજ સમાજ માટે ચિંતાનો વિષય છે.

રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થામાં ઘણા ફેરફારો થયા છે પરંતુ તે માત્ર ઉદાહરણ કે દાખલા આપવા જેટલા જ થયેલ હોવાથી અપુરતા છે. જેમાં ખાનગીકરણના પ્રવેશ સમયે શિક્ષણનું સ્તર સુધરશે તેવો આશાવાદ દર્શાવાયેલ તેમજ મધ્યમને ગરીબ લોકોના બાળકો શિક્ષણના અધિકાર હેઠળ સારી ખાનગી શાળાઓમાં અભ્યાસ માટે સરળતાથી કાયદાની જોગવાઈથી પ્રવેશ મેળવી તેજસ્વીતા પ્રાપ્ત કરશે. પરંતુ ખાનગીકરણના મળવાપાત્ર ગણાવાયેલા ફાયદા ગરીબો સુધી પહોંચ્યા નથી!

શિક્ષણમાં ખાનગીકરણનો પ્રવેશ થતા હાલ તો શિક્ષણ ઉદ્યોગ બનવા તરફ આગળ ધપી રહયું છે. પ્રાથમિક હાઈસ્કુલ અને મહાવિદ્યાલયના શિક્ષણ ખાનગીકરણ બાદ એકંદરે વધુ ખર્ચાળ સાબિત થઈ રહયા છે. ખાનગીકરણ બાદ શિક્ષકોના વેતનમાં અસમાનતાનો મુદો સતત ઉઠતો રહયો છે. રાજ્યમાં કેટલીક શાળાઓ કદાચ ડીઝીટલ બની હશે પરંતુ અસંખ્ય શાળાઓમાં પુરતા ઓરડાનો અભાવ, શિક્ષકોનો અભાવ, પ્રાથમિક સુવિધાઓનો અભાવ અને શાળાની જર્જરીત ઈમારતોની સંખ્યા વ્યાપક બની રહી છે.

### સુડોકુ નં. ૧૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૪૯ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# આપની આજ...

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ: આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન: દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક: આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો,

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા: આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા: આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઘરના વડીલોને નવા અનુભવ મળશે.

ધન: આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકર: આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો. બપોર પછી તમને આર્થિક મામલામાં સફળતા મળશે.

કુંભ: આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન: આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

### મહાકુંભમાં નાસભાગ(પહેલા પાનાનું ચાલુ)

**આ દિવસે મૌન વ્રત રાખવાથી અને પવિત્ર નદીમાં સ્નાન કરવાથી ઘણું પુણ્ય મળે છે. દર મહિનાના કૃષ્ણ પક્ષની છેલ્લી તિથિને અમાવસ્યા તિથિ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ માઘ મહિનાની અમાવસ્યા તિથિએ જ્યારે સૂર્ય અને ચંદ્ર મકર રાશિમાં હોય છે, ત્યારે સકારાત્મક ઉર્જા વધુ વધે છે. તેથી આ દિવસે મોન રાખીને સ્નાન અને દાન કરવાથી પણ અનેકગણું ફળ મળે છે. આ ઉપરાંત અમાવસ્યાના દિવસે પિતૃઓને તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ કરવાની પરંપરા છે.**

**આ વર્ષે ૧૪૪ વર્ષ પછી મૌની અમાવસ્યા પર ત્રિવેણી યોગ બન્યો છે. મોડી રાત્રે આ ઘટના કેવી રીતે બની તે અંગે રિપોર્ટમાં દાવો કરવામાં આવે છે કે મહાકુંભમાં નાસભાગ એક થાંભલો તુટ્યા પછી મચી ગઈ હતી. સંગમ પર ભીડ વધી જતા એક થાંભલો તુટી ગયો હતો. જેના કારણે ત્યાં હાજર લોકો ભાગવા લાગ્યા. આ ઘટના પછી સંગમ પર અફરાતફરી થઈ ગઈ જેમાં લોકો ઘાયલ થયા અને કેટલાક લોકોના મોત થયા હોવાનું પણ અનુમાન છે. આ ઘટના પછી ઘાયલોને તુરંત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સવાર થતા સ્થિતિ કાબુમાં થઈ હોવાનું પણ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.**

### શેરડીમાંથી બનતા ઈથેનોલ

**તેનો ઉદ્દેશ્ય દેશમાં ખનિજ સંપદાનો યોગ્ય ઉપયોગ કરવા માટે એક ઢાંચો તૈયાર કરવાનો છે.કેબિનેટ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, સૌથી મોટો નિર્ણય ઈથેનોલ બ્લેન્ડિંગ સાથે જોડાયેલ છે. પેટ્રોલમાં મળતા ઈથેનોલને જ્યાં પહેલા સરકારી કંપનીઓ ૫૬.૫૮ રૂપિયા પ્રતિ લીટરમાં ખરીદતી હતી, હવે કંપનીઓ આ ઈથેનોલ ૫૭.૯૭ પ્રતિ લીટરમાં ખરીદશે. એટલે કે તેની કિંમતમાં ૩ ટકાનો વધારો કર્યો છે, તેનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે.**

**સરકારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિલાવાની છૂટ આપી છે. તેનો ઉદ્દેશ્ય ક્રૂડ તેલના ઈમ્પોર્ટને ઘટાડવાનું છે. જેથી વિદેશી મુદ્રા બચાવી શકાય. સરકારની આ પહેલથી છેલ્લા એક દાયકામાં ૧,૧૩,૦૦૭ કરોડની વિદેશી મુદ્રાની બચત થઈ છે. ૨૦૧૩-૧૪માં જ્યાં ફક્ત ૩૮ કરોડ લીટર ઈથેનોલ મિલાવામાં આવતું હતું, ત્યારે હવે વધીને ૭૦૭ કરોડ લીટર થઈ ગયું છે. કંપનીઓ પેટ્રોલમાં ૧૪.૬૦ ટકા સુધી ઈથેનોલ મિલાવી રહી છે. આ વર્ષે તેને વધારીને ૧૮ ટકા કરવામાં આવ્યું છે.**

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

# ૧૪-૧૬ વર્ષના બાળકો સ્માર્ટફોનનો ઉપયોગ શિક્ષણ કરતાં સોશિયલ મીડિયા માટે વધારે કરે છે: સરવે

નવી દિલ્હી, તા.૨૯

સ્માર્ટફોનનો ઉપયોગ હવે સામાન્ય બની ગયો છે, પણ આ જ સ્માર્ટફોન બાળકો માટે મોટું દૂષણ પુરવાર થઈ રહ્યો છે. મંગળવારે જાહેર થયેલા એક અહેવાલ મુજબ ૧૪-૧૬ વર્ષના વયજૂથના ૭૬ ટકા બાળકો સ્માર્ટફોનનો ઉપયોગ સોશિયલ મીડિયા માટે કરે છે. જ્યારે લગભગ ૫૭ ટકા બાળકો શિક્ષણ માટે સ્માર્ટફોન વાપરે છે.એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ અનુસાર ૧૪-૧૬ વર્ષના ૮૨ ટકાથી વધુ બાળકોને સ્માર્ટફોન વાપરતા આવડે છે. ઉપરાંત, આ વયજૂથના છોકરાઓ પાસે છોકરીઓ કરતાં વધુ સ્માર્ટફોન છે. ASER ૨૦૨૪ દેશભરમાં કરાયેલો ગ્રામીણ પરિવારોનો સરવે છે. જેમાં ૬૦૫ જિલ્લાના ૧૭,૯૯૭ ગામમાં ૬,૪૯,૪૯૧ બાળકોને આવરી લેવાયા હતા. 'પ્રથમ' નામના એનજીઓની મદદથી કરાયેલા સરવેમાં દરેક જિલ્લામાં સ્થાનિક સંસ્થા કે સંગઠને સરવેની કામગીરી હાથ ધરી હતી. અહેવાલની વિગત અનુસાર "૧૪-૧૬ વર્ષના વયજૂથના ૮૨.૨ ટકા બાળકોને સ્માર્ટફોન વાપરતા આવડે છે. સમીક્ષા હેઠળના ગાળામાં ૫૭ ટકા બાળકોએ શૈક્ષણિક પ્રવૃત્તિ માટે અને ૭૬ ટકાએ સોશિયલ મીડિયા માટે તેનો ઉપયોગ કર્યો હતો. ૭૮.૮ ટકા છોકરાઓ અને ૭૩.૪ ટકા છોકરીઓએ સોશિયલ મીડિયા માટે સ્માર્ટફોન વાપર્યા હતો." ASERના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર "કેરલમાં સૌથી વધુ ૮૦ ટકા બાળકોએ શિક્ષણ માટે સ્માર્ટફોનનો ઉપયોગ કર્યો હતો. જોકે, સોશિયલ મીડિયા માટે પણ રાજ્યના ૯૦ ટકા બાળકોએ સ્માર્ટફોન વાપર્યા હતો." અહેવાલમાં જણાવ્યા અનુસાર તમામ રાજ્યોમાં ૩૬.૨ ટકા છોકરાઓ પાસે પોતાનો સ્માર્ટફોન હતો. જ્યારે છોકરીઓની બાબતમાં આ હિસ્સો ૨૬.૯ ટકા હતો.ASERના અહેવાલમાં જણાવ્યા અનુસાર કોવિડ-૧૯ મહામારી વખતે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની વધેલી સંખ્યા ફરી ૨૦૧૮ના સ્તરે આવી ગઈ છે. સરવે મુજબ મહામારીના વર્ષોમાં સરકારી શાળાઓણાં ૬-૧૪ વર્ષના વિદ્યાર્થીઓના એડમિશનમાં મોટો વધારો થયો હતો. તે ૨૦૧૮ના ૬૫.૬ ટકાથી વધીને ૨૦૨૨માં ૭૨.૯ ટકા થયું હતું. જોકે, ૨૦૨૪માં તે ઘટીને ફરી ૬૬.૮ ટકા થયું છે. ખાનગી શાળાઓમાં બાળકોના એડમિશનનું પ્રમાણ ૨૦૧૪માં ૩૦.૮ ટકા હતું અને ૨૦૧૮માં પણ એ જ સ્તરે રહ્યું હતું.

# ઝારખંડ: એન્કાઉન્ટરમાં એક મહિલા સહિત બે માઓવાદી ઠાર મરાયા

ચૈબાસા,તા.૨૯

ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં બુધવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક મહિલા સહિત બે માઓવાદીઓ માર્યા ગયા. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના બુધવારે વહેલી સવારે પશ્ચિમ સિંહભૂમ જિલ્લા મુખ્યાલય શહેરથી લગભગ ૮૦ કિમી દૂર સોનુઆ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જંગલમાં બની હતી.

કોલ્હાન ડિવિઝનના પોલીસ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) મનોજ રતન ચૌથેએ જણાવ્યું હતું કે, "સોનુઆ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જંગલમાં સવારે લગભગ ૬.૩૫ વાગ્યે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું." શોધખોળ કામગીરી દરમિયાન, એક મહિલા સહિત બે મૃતદેહ મળી આવ્યા હતા. તેમણે કહ્યું કે ઘટનાસ્થળેથી બે એનઆઈએસએએસ રાઈફલ પણ મળી આવી છે. આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

# મણિપુરના ચુરાચંદપુરમાં ૬ રોકેટ જપ્ત, સેનાપતિ જિલ્લામાં ગેરકાયદેસર અફીણની ખેતીનો નાશ

ઈમ્ફાલ,તા.૨૯

મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ ૬ રોકેટ જપ્ત કર્યા છે. બુધવારે આ અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું હતું કે મંગળવારે સુરક્ષા દળોએ હેંગલેપ પોલીસના અધિકારક્ષેત્ર હેઠળના લોઈલામકોટ અને નાલોન વિસ્તારોમાંથી ૬ રોકેટ, એક લોન્ચર, એક સ્વદેશી મોર્ટાર (પોમ્પી), એક ૭.૬૨ એમએમ સ્નાઈપર રાઉન્ડ અને એક સ્નાઈપર બુલેટ જપ્ત કરી હતી. સ્ટેશન. મેગેઝિન અને અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત, પોલીસે જણાવ્યું હતું કે ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના મોરોક ઈકોલ ગામમાંથી પ્રતિબંધિત કેસીપી-પીડબ્લ્યુજીના બે કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ કાર્યકરો કથિત રીતે ઈમ્ફાલના વિવિધ વિસ્તારોમાં સામાન્ય લોકો, સરકારી અધિકારીઓ અને દુકાનો પાસેથી પૈસા ઉઘરાવવામાં સામેલ હતા. તેના કબજામાંથી એક ૯ એમએમ પિસ્તોલ, ૭૯ એમએમ કારતૂસ અને મેગેઝિન જપ્ત કરવામાં આવ્યા હતા. દરમિયાન, મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહે જણાવ્યું હતું કે સેનાપતિ જિલ્લામાં ૪.૮ હેક્ટર જમીનમાં ફેલાયેલી ગેરકાયદેસર અફીણની ખેતીનો નાશ કરવામાં આવ્યો છે. 'એક્સ' પરની એક પોસ્ટમાં, સિંહે કહ્યું, "ડ્રગ્સ સામેની અમારી લડાઈમાં એક મોટી સફળતામાં, સેનાપતિ પોલીસ, વન વિભાગ અને જિલ્લા વહીવટીતંત્રે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી અને કાંગઝાંગ હિલ્સમાં ૪.૮ હેક્ટરમાં ફેલાયેલા ગેરકાયદેસર અફીણનો વિશાળ જથ્થો પકડી પાડ્યો." સેનાપતિનું." ખેતી નાશ પામી છે.

હાથ ધરવામાં આવેલા ઓપરેશનની સફળતા માટે સીએમ સિંહે ટીમોની પ્રશંસા પણ કરી. તેમણે કહ્યું, 'હું ટીમોના સમર્પણ અને પ્રયત્નોની પ્રશંસા કરું છું.' ડ્રગ્સ સામેની લડાઈ ફક્ત કાયદા અમલીકરણનો પ્રયાસ નથી પરંતુ સામૂહિક જવાબદારી છે.

# કોઈ પણ વ્યક્તિ એક જ વારમાં ત્રણ વખત તલાક બોલીને છૂટાછેડા આપી શકે નહીં: સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૯

ત્રિપલ તલાકનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દા પર ગરમાગરમ ચર્ચા થઈ. વાસ્તવમાં, આ ચર્ચા એ અરજી અંગે થઈ હતી જેમાં કેન્દ્ર સરકારના ટ્રિપલ તલાક સંબંધિત કાયદાને પડકારવામાં આવ્યો છે. આ ચર્ચા દરમિયાન, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી આ કાયદા અંગે સંપૂર્ણ વિગતો માંગી છે. આ ઉપરાંત, તેમને એ પણ જણાવવા કહેવામાં આવ્યું છે કે દેશભરમાં ટ્રિપલ તલાક અંગે કેટલી એફઆઈઆર અને ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અમે ડેટાની તપાસ કરીશું. કોઈ પણ વકીલ ટ્રિપલ તલાકની પ્રથાની માન્યતાનો બચાવ કરી શકતો નથી. કોર્ટે પણ એવું કહ્યું છે, પરંતુ આપણી સામે પ્રશ્ન એ છે કે શું તેને ગુનાહિત બનાવી શકાય છે. ખાસ કરીને જ્યારે આ પ્રથા પર જ પ્રતિબંધ હોય. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ પણ વ્યક્તિ એક જ વારમાં ત્રણ વખત તલાક બોલીને છૂટાછેડા આપી શકે નહીં. હવે આ કેસમાં આગામી સુનાવણી ૧૭ માર્ચ પછી થશે. કોર્ટે અરજદારોને ત્રણ અઠવાડિયામાં લેખિત જવાબ દાખલ કરવા પણ કહ્યું છે.

આ કેસની સુનાવણી દરમિયાન, ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કહ્યું કે પતિ-પત્ની વચ્ચેનો સંબંધ રહે છે, તે સમાપ્ત થતો નથી, આ પ્રક્રિયા પોતે જ એક ગુનો છે. શીખ, જૈન, બૌદ્ધ વગેરે હિન્દુ લગ્ન હેઠળ આવે છે. કાર્ય. છે. આપણી પાસે કાયદાકીય કાયદાઓ છે. મને નથી લાગતું કે કોઈ વકીલ ટ્રિપલ તલાકની પ્રથાને ટેકો આપશે, પરંતુ આપણી સામે પ્રશ્ન એ છે કે શું તેને ગુનાહિત ઠેરવી શકાય છે જ્યારે આ પ્રથા પર પ્રતિબંધ છે અને એક જ વારમાં ત્રણ વખત તલાક બોલીને છૂટાછેડા લઈ શકાતા નથી.

કેસની સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આવી બધી અરજીઓનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે ટ્રિપલ તલાક ફક્ત એક નિવેદન નથી પણ તે સંબંધ તોડી નાખે છે. તમે કહો છો કે બીજી જ મિનિટથી તમે મારી પત્ની નથી. આ એક દુર્લભ બંધારણીય સુધારો છે.

આપને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટ હાલમાં કેન્દ્ર સરકારના ટ્રિપલ તલાક પરના કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી છે. આ કાયદા દ્વારા સરકારે ટ્રિપલ તલાકને ગુનો બનાવ્યો છે અને ત્રણ વર્ષની સજાની જોગવાઈ કરી છે, જેને ફરજિયાત બનાવવામાં આવી છે.

વિવિધ મુસ્લિમ સંગઠનોએ તેને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કરીને આ કાયદાનો બચાવ કર્યો છે. સરકારનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકને ગેરબંધારણીય જાહેર કર્યા હોવા છતાં, તેના પર પ્રતિબંધ મૂકી શકાય નહીં. કોર્ટના નિર્ણય પછી પણ, દેશભરમાં ટ્રિપલ તલાકના સેંકડો કેસ સામે આવ્યા છે. આવી સ્થિતિમાં, સુપ્રીમ કોર્ટના નિર્ણયનો સંપૂર્ણ અમલ થાય તે માટે કાયદાની જરૂર હતી. તેમણે આને રોકવામાં મદદ કરી છે.

# દિલ્હી-એનસીઆરમાં તમામ વાહનો પર ફ્યુઅલ સ્ટીકર ફરજિયાત: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે એક આદેશ જારી કરીને કહ્યું કે દિલ્હી-એનસીઆરમાં ચાલતા તમામ વાહનોએ તેમના વિન્ડશિલ્ડ પર હોલોગ્રામ આધારિત સ્ટીકરો લગાવવા પડશે. જેથી ઉપયોગમાં લેવાતા બળતણની પ્રકૃતિ સૂચવી શકાય.

સુપ્રીમ કોર્ટે કલર કોડેડ સ્ટીકરોને ફરજિયાત બનાવ્યા છે અને નિર્દેશ આપ્યો છે કે કલર કોડનું પાલન ન કરતા વાહનોના સંદર્ભમાં પીયુસી સર્ટિફિકેટ, માલિકનું ટ્રાન્સફર, સરનામું બદલવું વગેરેને મંજૂરી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮ માં દ્ઘઝઈ માં વાહનો માટે રંગ કોડેડ સ્ટીકરોના ઉપયોગને મંજૂરી આપી હતી. આ મુજબ, પેટ્રોલ/સીએનજી વાહનો માટે આછા વાદળી રંગનું સ્ટીકર, ડીઝલ વાહનો માટે નારંગી રંગનું સ્ટીકર અને ઈલેક્ટ્રિક વાહનો માટે લીલા રંગનું સ્ટીકર વાપરવાનું હતું. પરંતુ તેને ફરજિયાત બનાવવામાં આવ્યું ન હતું અને તેનું પાલન સુનિશ્ચિત કરવાની કોઈ જોગવાઈ નહોતી. આ સ્ટીકરો નબળી ગુણવત્તાવાળા બળતણનો ઉપયોગ કરતા વાહનોને ઓળખવામાં અને ઉચ્ચ પ્રદૂષણના દિવસોમાં નબળી ગુણવત્તાવાળા બળતણનો ઉપયોગ કરતા વાહનોની અવરજવરને પ્રતિબંધિત કરવામાં મદદ કરે છે.

ન્યાયાધીશ અભય એસ ઓક અને ન્યાયાધીશ ઉજ્જલ ભુઈયાની બેન્ચે રાજ્ય સરકારને રંગ કોડનું પાલન ન કરતા વાહનો સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું કે જે વાહનો આ સૂચનાઓનું પાલન નહીં કરે તેમને પીયુસી પ્રમાણપત્ર, ફિટનેસ પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં. વાહનને પીયુસી પ્રમાણપત્ર, ફિટનેસ પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં. ખરીદી કે વેચાણ અને સરનામું બદલવા વગેરેની મંજૂરી આપવી જોઈએ નહીં. બેન્ચે કહ્યું, 'અમે ઓગસ્ટ ૨૦૧૮ ના આદેશમાં ફેરફાર કરીએ છીએ અને નિર્દેશ આપીએ છીએ કે આ જોગવાઈઓ ૧ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ અથવા તે પછી ખરીદેલા વાહનો પર લાગુ થશે અને જે લોકો તેનું પાલન નહીં કરે તેમની સામે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૯૨ હેઠળ ગુનો નોંધવામાં આવશે.' સંબંધિત સરકારો દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવશે

કયા વાહન માટે કયું સ્ટીકર?

પેટ્રોલ અને સીએનજી વાહનો માટે આછા વાદળી રંગનું સ્ટીકર: પેટ્રોલ અને સીએનજી વાહનો માટે તેમના વાહનના વિન્ડશિલ્ડ પર આછા વાદળી રંગનું હોલોગ્રામ સ્ટીકર લગાવવું ફરજિયાત બની ગયું છે, આ સ્ટીકર પર વાહન નોંધણી નંબર પણ હોવો આવશ્યક છે.

## સોનોગ્રાફી બાદ ડૉક્ટરનું માથું ચકરાયું

# ગર્ભવતી મહિલાના ગર્ભમાં બાળક અને બાળકના પેટમાં પણ બાળક!

મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્રના બુલઢાણાની સરકારી હોસ્પિટલમાં એક ગર્ભવતી મહિલાની સોનોગ્રાફી ચર્ચામાં છે. ડૉક્ટરે સોનોગ્રાફીની ઝીણવટતાથી તપાસ કરી તો તે પણ ચોંકી ગયા. કારણ કે, ગર્ભવતીના પેટમાં તો બાળક દેખાતું હતું પરંતુ, આ બાળકના પેટમાં પણ એક બાળક દેખાતું હતું.

હકીકતમાં, બે મહિના પહેલાં જિલ્લાના મોતાલા તાલુકાની એક ગામની ૩૨ વર્ષીય ૯ મહિનાની ગર્ભવતી મહિલા હોસ્પિટલ પહોંચી. ડૉક્ટર પ્રસાદ અગ્રવાલે ગર્ભવતીની સોનોગ્રાફી કરી. સોનોગ્રાફી કરતાં સમયે તેઓએ મહિલાના પેટમાં તો બાળક જોયું, સાથે જ તેઓને બાળકના પેટમાં પણ કંઈક દેખાયું. ડૉક્ટર અગ્રવાલે અન્ય ત્રણ વખત મહિલાની સોનોગ્રાફી કરી તો જોયું કે, પેટમાં જે બાળક છે તેના પેટમાં પણ બાળક છે.

ડૉક્ટર અગ્રવાલે આ વાત પોતાના સિનિયર્સને જણાવ્યું. સિનિયર તબીબોએ ગર્ભવતી મહિલાને ડિલવરી અને અન્ય કોઈપણ પ્રકારની સમસ્યા ન થાય, તેના માટે સંભાજીનગર મોકલવામાં આવી છે.

મહિલા રોગ નિષ્ણાંત ડૉ. પ્રસાદ અગ્રવાલને પૂછવામાં આવ્યું કે, મહિલા અને પેટમાં રહેલાં બાળકને કોઈ નુકસાનની સંભવના છે? તેનો જવાબ આપતાં ડૉક્ટરે કહ્યું કે, મહિલાને તો કોઈ તકલીફ નહીં થાય. પરંતુ, ડિલિવરી બાદ જન્મેલા બાળકની જલ્દી સારવાર ન થઈ તો તેના ગ્રોથમાં તકલીફ પડી શકે છે.

સિવિલ સર્જન ડૉ. ભાગવત ભુસારીએ જણાવ્યું કે, આ પરિસ્થિતિને તબીબી ભાષામાં કીંજૈહ કીં (ભ્રૂણમાં ભ્રૂણ) કહેવામાં આવે છે. દુનિયામાં આવા લગભગ ૨૦૦ જેટલાં કેસ સામે આવ્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં ૧૫ થી ૨૦ આવા કેસ સામે આવ્યા છે.

# રખડતાં ઢોર, ગેરકાયદે પાર્કિંગ અને દબાણ મુદ્દે હાઈકોર્ટ લાલઘૂમ

અમદાવાદ, તા.૨૯

રખડતાં ઢોર, ગેરકાયદે પાર્કિંગ અને દબાણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટ રાજ્ય સરકાર પર લાલઘૂમ થઈ છે. ખાણી-પાણીની લારીઓએ કરેલા દબાણ મુદ્દે પણ હાઈકોર્ટ નારાજ છે. ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે, કોર્ટના ૬૨ આદેશ બાદ પણ સ્થિતિ એવીને એવી જ છે. ત્યારે રાજ્ય સરકાર વતી સરકારી વકીલ જી. એચ. વિર્કે જવાબ આપ્યો હતો. સરકારી વકીલ અનુસાર દબાણો અને પાર્કિંગના મુદ્દે તંત્ર સતત કામગીરી કરે છે. દબાણો દૂર થયાના થોડા દિવસોમાં ફરીથી દબાણો થાય છે.

અમદાવાદમાં રખડતાં ઢોર અને શહેરમાં વધી રહેલાં દબાણને લઈને તબક્કાવાર સુનવણી ચાલી રહી છે. જેમાં હાઈકોર્ટના નિર્દેશનું પાલન ન કરવું અને આદેશોના તિરસ્કાર બદલ અરજી દાખલ કરવામાં આવી હતી. છેલ્લા સાડા છ વર્ષથી આ સુનાવણી ચાલી રહી છે. જેમાં ૬૨ જેટલા આદેશ આપવામાં આવ્યા છે. પરંતુ અધિકારીઓ દ્વારા તેનું પાલન ન કરાવાતા હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું હતું અને જવાબદાર અધિકારીઓના નામ માંગવામાં આવ્યા છે. આ સિવાય આ અધિકારીઓ સામે ચાર્જશીટ ફાઈલ કરવા સુધીની પણ કોર્ટ દ્વારા તૈયારી દાખવવામાં હતી. પરંતુ, સરકાર દ્વારા બાહેંધરી આપવામાં આવી છે કે, તંત્ર આ મુદ્દે સતત કાર્યવાહી કરી રહી છે. જોકે, સમગ્ર બાબતે સરકારી વકીલની બાહેંધરી બાદ હાઈકોર્ટે પોલીસ પ્રશાસન પર ગંભીર અવલોકન કરતાં કહ્યું કે, અમે પોતે પણ જોયું છે કે, જાહેર રસ્તા પર દબાણના કારણે ટ્રાફિક થાય છે અને ત્યાંથી પોલીસ વાન પસાર થતી હોય તો તેઓ વાનની બહાર પણ નથી નીકળતા. તેઓને જે કામ કરવા માટે મહેનતાણું મળે છે તેમ છતાં તેઓ કામગીરી નથી કરતાં. હાઈકોર્ટના આ મૌખિક અવલોકન બાદ સરકારી વકીલ દ્વારા થોડા સમયની માંગ કરવામાં આવી હતી. હવે આ વિશે વિગતવાર સુનાવણી ૬ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

# મહાકુંભમાં ભાગદોડ મામલે મોદીએ દુ:ખ વ્યક્ત કર્યું

નવી દિલ્હી, તા. ૨૯

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં કરોડોની સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. બુધવારે મૌની અમાવસ્યાના દિવસે સવારથી લગભગ ૩.૫ કરોડથી વધારે લોકો ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્નાન કરી ચુક્યા છે. જો કે બુધવારે સવારે ૧થી ૧.૩૦ કલાકની આસપાસ મહાકુંભમાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં કેટલાય લોકો ઘાયલ થઈ ગયા હતા. મહાકુંભ વિસ્તારમાં હવે સ્થિતિ નિયંત્રણમાં છે અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. હવે પીએમ મોદીએ પણ ટ્વિટ કરીને આ દુર્ઘટના પર શોક પ્રકટ કર્યો છે.

પ્રયાગરાજ મહાકુંભમાં થયેલા દુર્ઘટના બાદ પીએમ મોદીએ ટ્વિટ કર્યું છે. આ ટ્વિટ કરી પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, પ્રયાગરાજમાં મહાકુંભમાં થયેલ દુર્ઘટના અત્યંત દુ:ખદ છે. તેમાં જે શ્રદ્ધાળુઓએ પોતાના પરિજનોને ખોયા છે, તેમને પ્રત્યે મારી ઊંડી સંવેદનાઓ. તેની સાથે જ હું તમામ ઘાયલોને શીધ્ર સ્વસ્થ થવાની કામના કરુ છું. સ્થાનિક પ્રશાસન પીડિતોની દરેક સંભવ મદદ કરવામાં લાગી ગયો છે. આ જ ક્રમમાં મુખ્યમંત્રી યોગીજી સાથે પણ વાતચીત કરી અને હું સતત રાજ્ય સરકારના સંપર્કમાં છું.

સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર, દિલ્હીમાં પ્રધાનમંત્રી આવાસ પર થઈ રહેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પીએમ મોદીએ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે વાત કરી છે. પીએમ મોદીએ મહાકુંભમાં થયેલી ભાગદોડ બાદ શ્રદ્ધાળુઓને સુરક્ષિત પ્રયાગરાજમાંથી કાઢવા માટે રેલવેની તૈયારી વિશે જાણકારી લીધી. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ પીએમ મોદીને પ્રયાગરાજમાં રેલવે દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા વિશે જાણકારી આપી છે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે પીએમ મોદીને કહ્યું કે, આજે ૩૬૦થી વધારે ટ્રેન પ્રયાગરાજથી ચલાવવામાં આવી રહી છે. પીએમ મોદીને રેલ મંત્રીએ જણાવ્યું કે, પ્રયાગરાજના કેટલાય રેલવે સ્ટેશન પર દર ૪ મિનિટમાં એક ટ્રેન આવી અને જઈ રહી છે. પ્રયાગરાજના તમામ રેલવે સ્ટેશન પર આપીએફ અને જીઆરપીના જવાનોને ભીડને કાબૂમાં કરવા માટે તૈનાત કયા છે. કલર રોડના હિસાબથી યાત્રીઓને સ્ટેશન પર એન્ટ્રી આપવામાં આવી રહી છે.

## રાહુલ ગાંધીએ યોગી સરકાર પર કર્યા પ્રહાર

# શ્રદ્ધાળુઓ કરતા VIP પર વધારે ધ્યાન આપવાનું પરિણામ

પ્રયાગરાજ, તા. ૨૯

પ્રયાગરાજમાં આયોજીત મહાકુંભમાં ભાગદોડ થતાં કોંગ્રેસ લીડર રાહુલ ગાંધીનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે મૌની અમાવસ્યાના અવસર પર થયેલી ઘટનાને લઈને યૂપી સરકાર પર ઠીકરું ફોડ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ દુ:ખદ ઘટના માટે અવ્યવસ્થા, મેનેજમેન્ટની કમી અને સામાન્ય શ્રદ્ધાળુની જગ્યાએ ૈંઁ મૂવમેન્ટ પર પ્રશાસનનું ખાસ ધ્યાન હોવું જોઈએ. તેમણે કહ્યું કે, હાલમાં મહાકુંભમાં ઘણો સમય બાકી છે. કેટલાય અન્ય મહાસ્નાન થવાના છે. આજ જેવી દુ:ખદ ઘટના આગળ ન થાય તેના માટે સરકારે વ્યવસ્થામાં સુધાર કરવો જોઈએ. વીઆઈપી કલ્ચર પર લગામ લગાવવી જોઈએ. સરકારે સામાન્ય શ્રદ્ધાળુઓની જરુરિયાતને પૂર્તિ કરવા માટે સારી વ્યવસ્થા કરવી જોઈએ. કોંગ્રેસ કાર્યકર્તાઓ અને નેતાઓને અનુરોધ છે કે પીડિત પરિવારોની મદદ કરે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, હું શોકાકુલ પરિવારો પ્રત્યે પોતાની સંવેદનાઓ વ્યક્ત કરુ છું અને ઘાયલો પ્રત્યે સંવેદના વ્યક્ત કરુ છું. પ્રયાગરાજ મહાકુંભમાં ભાગદોડના કારણે કેટલાય લોકોના મોત અને કેટલાય ઘાયલ થવાના સમાચાર અત્યંત દુ:ખદ છે. રાહુલ ગાંધીએ મહાકુંભમાં મોતની વાત કહી છે. પણ અત્યાર સુધી પ્રશાસન તરફથી તેના વિશે કોઈ જાણકારી આપવામાં આવી નથી. તો વળી યૂપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવે પણ આ ઘટના પ્રત્યે પ્રશાસન અને સરકાર પર ટાર્ગેટ કર્યો છે.

તેમણે કહ્યું કે, આ ઘટના અવ્યવસ્થાનું પરિણામ છે અને પ્રશાસન તો વીઆઈપી લોકોને સુરક્ષામાં વ્યવસ્થ છે. અહીં ઉલ્લેખનિય છે કે, મૌની અમાવસ્યાના દિવસે લગભગ બે કરોડ લોકો પ્રયાગરાજમાં સ્નાન કર્યું. અમારી સરકારને અપીલ છે કે, ગંભીર રીતે રીતે ઘાયલોને એર એમ્બ્યુલન્સની મદદથી નજીકની શ્રેષ્ઠ હોસ્પિટલોમાં પહોંચાડી તેમને તાત્કાલિક સારવારની વ્યવસ્થા કરવામાં આવે. મૃતકોની લાશને ચિન્હિત કરી તેમના પરિવારને સોંપવામાં અને તેને ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરે. જે લોકો વિખૂટા પડ્યા છે, તેમને ભેગા કરવા માટે તાત્કાલિક પ્રયાસ કરવામાં આવે.

હેલીકોપ્ટરનો સદુપયોગ કરતા દેખરેખ વધારો. સતયુગથી ચાલતી આવતી શાહી સ્નાનની અખંડ અમૃત પરંપરાને નિરંતર રાખો, રાહત કાર્યોને સમાનાંતર સુરક્ષિત મેનેજમેન્જની વચ્ચે મૌની અમાવસ્યાના શાહી સ્નાનને સંપન્ન કરાવાની વ્યવસ્થા કરવામાં આવે.

# કોંગ્રેસની નિષ્ફળતાને કારણે ભારત ગઠબંધન તૂટી ગયું: મમતા બેનર્જી

નવીદિલ્હી,તા.૨૯

લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં અખિલ ભારતીય ગઠબંધનની નિષ્ફળતા બાદ, તેના અસ્તિત્વ પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસથી લઈને સમાજવાદી પાર્ટી, એનસીપી સુધી, બધા જ સાથી પક્ષોએ કોંગ્રેસના નેતૃત્વ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોંગ્રેસ પર સીધો સવાલ ઉઠાવીને નેતૃત્વને પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે જો તેમને તક આપવામાં આવે તો તેઓ અખિલ ભારતીય ગઠબંધનનું નેતૃત્વ કરવા તૈયાર છે.

હવે ફરી એકવાર મમતા બેનર્જીએ ભારત ગઠબંધન પર સવાલ ઉઠાવ્યા છે. આ વર્ષે પુસ્તક મેળામાં મુખ્યમંત્રીએ એક નવા પુસ્તકનું વિમોચન કર્યું. તેમણે બંગાળીમાં લખાયેલા તેમના પુસ્તક 'બાંગ્લાર નિર્વાચન ઔર અમરા' (બંગાળ ચૂંટણી અને આપણે) માં કોંગ્રેસ પર એક પછી એક હુમલા કર્યા.

તેમણે લખ્યું કે ગઠબંધનની નિષ્ફળતા પાછળ અખિલ ભારતીય કોંગ્રેસ મુખ્ય ગુનેગારોમાંની એક હતી. તેમણે ભારતીય ગઠબંધનની નિષ્ફળતા માટે કોંગ્રેસને દોષી ઠેરવી, પછી ભલે તે વિધાનસભા હોય કે લોકસભા, બધા જ ક્ષેત્રોમાં.

મુખ્યમંત્રીએ લખ્યું, "કોંગ્રેસે જે બેઠકો જીતી છે તે પણ તેના સાથી પક્ષોને કારણે જીતી છે. કોંગ્રેસની નિષ્ફળતાને કારણે ભારત ગઠબંધન તૂટી ગયું છે. ભલે કોંગ્રેસને અધ્યક્ષ બનાવવામાં આવી હતી, પરંતુ કોંગ્રેસે કોઈપણ ચૂંટણીમાં એક પણ લઘુત્તમ કાર્યક્રમ અપનાવ્યો નથી.

માત્ર રાષ્ટ્રીય રાજકારણ જ નહીં, મુખ્યમંત્રી બંગાળની ચૂંટણીમાં કોંગ્રેસની ભૂમિકાથી પણ નાખુશ છે. તેમના પુસ્તકમાં, તેમણે કોંગ્રેસની મજાક ઉડાવી, તેને 'રામ-ડાબેરી-શ્યામ ગઠબંધન' ગણાવ્યું. બંગાળે પણ ભાજપ સામે આ જ બંદૂક ચલાવી. તેમણે પોતાના પુસ્તકમાં દાવો કર્યો છે કે, "બંગાળમાંથી ભાજપે જે બેઠકો જીતી હતી તેમાં પણ ગોટાળા થયા હતા."

ઉલ્લેખનીય છે કે આ પહેલી વાર નથી જ્યારે મુખ્યમંત્રીએ આવી ટિપ્પણી કરી હોય. તેમણે અગાઉ ગઠબંધન ભાગીદાર કોંગ્રેસ વિરુદ્ધ પણ અવાજ ઉઠાવ્યો હતો. રાષ્ટ્રીય રાજકારણમાં કોંગ્રેસ સાથે હાથ મિલાવવા છતાં, તૃણમૂલ કોંગ્રેસે જાહેરમાં કોંગ્રેસની ટીકા કરવાનું બંધ કર્યું નથી.

તેમનો સ્પષ્ટ દાવો છે કે રાષ્ટ્રીય કે પ્રાદેશિક રાજકારણમાં કોંગ્રેસે વિરોધ પક્ષ તરીકે પોતાનું અસ્તિત્વ ગુમાવી દીધું છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ દાવો કરે છે કે ગયા વર્ષે અનેક રાજ્યોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય



ગઠબંધનના નબળા પ્રદર્શનનું એક કારણ કોંગ્રેસ છે. સંસદના શિયાળુ સત્રથી, તૃણમૂલ કોંગ્રેસે કોંગ્રેસથી અંતર જાળવી રાખ્યું અને કોંગ્રેસથી અલગ થઈને સંસદમાં પોતાનો અવાજ ઉઠાવ્યો. હવે ભારત ગઠબંધનમાં જે તિરાડો પડી છે તે જનતાને સ્પષ્ટપણે દેખાઈ રહી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પણ અખિલ ભારતીય ગઠબંધનમાં તિરાડો દેખાઈ રહી છે. ઈન્ડિયા એલાયન્સના ગઠબંધન ભાગીદારોએ કોંગ્રેસને બદલે આપને ટેકો આપવાની જાહેરાત કરી છે.

ચૂંટણીમાં કોંગ્રેસ અલગ પડી ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસે પણ આપને ટેકો આપવાની જાહેરાત કરી છે. હવે કોંગ્રેસે પણ ચૂંટણી દરમિયાન આપ સામે મોરચો ખોલ્યો છે. દિલ્હી ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા એલાયન્સના બે સહયોગી પક્ષો એકબીજાની સામે છે. જોકે, બંગાળ કોંગ્રેસના નેતા સૌમ્ય આઈચ રોય મુખ્યમંત્રીના પુસ્તકમાં લખાયેલી આવી ટિપ્પણીઓ માટે તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચેના જોડાણને દોષી ઠેરવી રહ્યા છે. તેમના શબ્દોમાં, "ભારતે જોડાણમાં રહેવા માટે કોઈ પ્રયાસ કર્યો નથી. હકીકતમાં, તે ભાજપને ખુશ કરવા માટે આ કહી રહી છે.

# હવે ખાંડના ભાવ વધારાના સંકેત

## તમામ ક્ષેત્રે મોંઘવારીનો માર સહન કરતા લોકોને વધુ માર પડશે

રાજકોટ, તા.૨૯

દેશમાં ચાલુ વર્ષે શેરડીનું ઉત્પાદન ગતવર્ષની સરખામણીએ ઓછું થયેલ છે જેની સીધી અસર ખાંડ ઉત્પાદન ઉપર પડી શકે તેમ હોવાથી આગામી એકાદ માસમાં ફરી વધુ એકવાર ખાંડના ભાવમાં ઉત્પાદન ઘટવાના બહારના હેઠળ વધારો થઈ શકે તેવી પુરેપુરી શકયતા છે. શેરડીનું ઉત્પાદન થયુ હોવાથી ખાંડના ભાવ ઉચકાશે તેવી વાત વહેતી કરી સરકાર ત્થા ખાંડ ઉત્પાદકો દ્વારા ચોતરફ મોંઘવારીનો માર સહન કરતા લોકોને ભાવ વધારો ચૂકવવા તૈયાર કરવામાં આવી રહેલ છે.

# થાનગઢ ભાજપના મહિલા અગ્રણીનું હોદા પરથી રાજીનામું

રાજકોટ, તા.૨૯:સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ નગરપાલિકાની સામાન્ય ચુંટણી અંગેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ભાજપ દ્વારા ચાલી રહી છે ત્યારે જીલ્લા મહિલા મોરચાના મંત્રી છેલ્લા અઢી દાયકાથી ભાજપ સાથે જોડાયેલ અને કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન દ્વારા ટિકિટ માંગવામાં આવેલ પરંતુ તેમની માંગણી ગ્રાહ્ય ન રહેતા નારાજગી વ્યકત કરી પોતાના હોદા પરના રાજીનામાનો પત્ર જીલ્લા પ્રમુખને પાઠવેલ છે. રાજીનામું આપ્યા બાદ મહિલા આગેવાને પોતે ભાજપમાં જ છે અને રહેશે તેવુ જણાવી વધુમાં સ્થાનિક નેતાઓ સાથે મતભેદો ચાલતા હોવાનુ જણાવેલ છે.

# જામનગરઃ ડમ્પર અને બે બાઈક વચ્ચેના ટ્રિપલ અકસ્માતમાં બાઈક ચાલકનું મોત

## અન્ય બાઈક ચાલક ઘાયલ, કાળમુખા ડમ્પર ચાલકે બંને બાઈકને ઠોકરે ચડાવ્યા બાદ ડમ્પર છોડી ભાગી છૂટ્યો, પોલીસ દ્વારા શોધખોળ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૯:

જામનગર- કાલાવડ ધોરી માર્ગ પર ઠેબા ચોકડી નજીક ગઈ કાલે સાંજે એક ડમ્પર અને બે બાઈક વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. પુર ઝડપે આવી રહેલા ડમ્પર ના ચાલકે આગળ જઈ રહેલા બે બાઇકને ઠોકરે ચડાવતાં એક બાઈક સવારનું અંતરિયાળ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે બીજા બાઈક સવાર ને ગંભીર થઈ હોવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પોલીસે ફરાર થઈ ગયેલા ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મૂળ જામ રાવલ ગામના વતની અને હાલ કાલાવડ તાલુકાના સણોસરા ગામ ના પાટીયા પાસે રહેતા સુકાભાઈ ઘેલાભાઈ ગામી નામના ૫૦ વર્ષના આધેડ કે જેઓ ઠેબા ચોકડી નજીક આવેલા એક ભરડીયામાં પોતાના સંબંધીને મળીને બાઈક પર પરત આવી રહ્યા હતા. જે દરમિયાન ઠેબા ગામના પાટિયા પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા જીજે ૧૩ એ ડબલ્યુ. ૪૮૯૭ નંબરના ડમ્પર ના ચાલકે તેઓને હડફેટમાં લઈ લીધા હતા.

આ ઉપરાંત માર્ગ પર પસાર થઈ રહેલા અન્ય એક બાઈક ને પણ ડમ્પરે ઠોકર મારી હતી, અને ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં સુકાભાઈ ગામી નું ગંભીર ઇજા થવાથી બનાવના સ્થળે કરુણ મૃત્યુ નીપજયું હતું, જયારે અન્ય બાઇકના ચાલકને ઈજા થઈ હોવાથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેની સઘન સારવાર ચાલી રહી છે.

આ અકસ્માત સર્જનાર ડમ્પર નો ચાલક પોતાનું વાહન છોડીને ભાગી છુટયો હતો. જે અકસ્માતના બનાવ અંગે મૃતક સુકાભાઇ ગામીના પુત્ર દેવાભાઈ ગામીએ જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ડમ્પર ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.એચ. લાંબરીયા બનાવના સ્થળે તેમજ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, તેમજ સુકા ભાઈ ગામીના મૃતદેહ નો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જયારે માર્ગ પર રેઢું પડેલું ડમ્પર કબજે કરી લઇ તેના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# મોરબીઃ બાકી વીજબીલ મામલે કર્મચારીને મારમારી ફરજમાં રૂકાવટ

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૯:

નવા મકનસર ગામે રબારીવાસમાં બાકી વીજ બીલ મામલે કર્મચારી સાથે ઝપાઝપી કરી લોખંડ ધારિયું લઈને મારવા દોડ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

હાલ મોરબીની શિવ પાર્ક સોસાયટીમાં રહેતા મીતભાઈ પ્રવીણભાઈ પટેલે આરોપીઓ અશોક બહાદુર સારલા, આશિષ અશોકભાઈ સારલા અને તેના ભાઈ પીન્ટુ બહાદુર સારલા રહે નવા મકનસર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી મિત પટેલ અને દશરથસિંહ દિલુભા સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા અને આરોપી વીજ બીલ ભરતા ના હોવાથી બાકી રકમ ઉઘરાણી કરવા ગયા હતા ત્યારે આરોપીએ ગાળો આપી મિત અને દશરથસિંહ સાથે ઝપાઝપી કરી હતી અને ઢીકા પાટું માર મારી તેમજ ઘરમાં રહેલ લોખંડ ધારિયુ લઈને મારવા જતા આજુબાજુના માણસો ભેગા થઇ ગયા હતા અને આરોપીઓએ ફરિયાદી મીતભાઈ અને દશરથસિંહ સાથે ઝપાઝપી કરી મીતભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી મોરબી તાલુકા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ ચલાવી છે

# ઈડરઃ ગાંજાના જથ્થા સાથે પાંચ શખ્સ ઝડપાયા

## ચાર કિલો ગાંજો, કાર, બોલેરો અને બે મોબાઈલ મળી રૂપિયા નવ લાખનો મુદ્દામાલ કબજે કરતી એસઓજી

ઈડર તા.૨૯:

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સાબલવાડ ગામની સીમમાંથી બોલેરો ગાડીમાં ગાંજાની ડિલિવરી કરવા આવેલા અને ગાંજાનો જથ્થો લેવા આવનાર પાંચ શખ્સો ની ૪૦,૦૦૦ ની કિંમત ના ચાર કિલો ગાંજા સાથે ધરપકડ કરી ગાંજો,બોલેરો અને કાર મળી રૂપિયા ૯ લાખના મુદ્દામાલ કબજે કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ સાબરકાંઠા જિલ્લામાં નસીલા પદાર્થની વાવેતર અને વેચાણ ને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસવડા એ આપેલી સૂચનાને પગલે એસઓજી ના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે સાબરકાંઠાના વલસાડી ગામના હોના ભાડા બુબડીયા અને રમેશ નવલા બુબડીયા નામના બંને શખ્સો ગાંજાની ડિલિવરી કરવા આવી રહ્યા ની મળેલી બાતમીના આધારે સ્ટાફે ઈડર તાલુકાના વોચ ગોઠવી હતી ત્યારે ડીલેવરી કરવા આવેલા હોના બુબડિયા અને રમેશભાઈ ને ત્યારે ગાંજાનો જથ્થો લેવા આવનાર અમદાવાદના દામણી લીમડા વિસ્તારના ઈમ્તિયાઝ શેખ, ફિરોજ ખાન રહીમખાન પઠાણ અને મહમદ આખી ઉસ્માન અન્સારીની ૪૦,૦૦૦ ની કિંમતની ચાર કિલો ગાંજા સાતે પાંચ શખ્સોની ધરપકડ કરી બોલેરો અને ગાંજો તેમજ બે મોબાઇલ મળી રૂપિયા ૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# મોરબીમાં દબાણ હટાવો ઝુંબેશ યથાવત, સામાકાંઠે ત્રાજપર ચોકડી સુધી દબાણો હટાવાયા



(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૯:

મોરબીને મહાપાલિકા બનાવ્યા બાદ મનપા તંત્ર દ્વારા શહેરમાં ટ્રાફિક સમસ્યા ઉકેલવા કટિબદ્ધ છે મોરબીવાસીઓ માટે ટ્રાફિકનો પ્રશ્ન મુખ્ય છે ત્યારે શહેરના મુખ્ય માર્ગો પર ખડકી દેવામાં આવેલ દબાણો હટાવવામાં આવી રહ્યા છે આજે સામાકાંઠા વિસ્તારમાં દબાણો હટાવવામાં આવ્યા હતા

મોરબી મનપા કમિશ્નરના માર્ગદર્શન હેઠળ આજે સામાકાંઠા વિસ્તારમાં મહારાણા પ્રતાપ સર્કલથી ત્રાજપર ચોકડી સુધીના વિસ્તારમાં દબાણ હટાવવામાં આવ્યા હતા પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે મનપાની દબાણ હટાવો ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે રોડ સાઈડમાં આવેલ લારી ગલ્લા અને પતરા સહિતના દબાણો દુર કરી રોડ ખુલ્લો કરવામાં આવ્યો હતો શહેરના મુખ્ય ૨૮ કિલોમીટર રસ્તાઓ પરના તમામ દબાણો દુર કરવામાં આવશે તેમ કમિશ્નર ખરેએ જણાવ્યું હતું તેમજ દબાણ હટાવવા પૂર્વે જાણ કરવામાં આવી રહી છે જેથી નાગિરકો સ્વેચ્છાએ પણ પોતાના દબાણો હટાવી રહ્યા હોવાનું જણાવ્યું હતું

# રાજકોટઃ નાળિયેર અને કપાસના પાકમાંથી ગાંજાની ખેતી ઝડપાઇ

## રૂપિયા ૨૧.૨૫ લાખની કિંમતના ૪૨૫ કિલો ગાંજાના ૬૬૪ છોડ સાથે વૃદ્ધ ખેડૂતની ધરપકડ

રાજકોટ તા.૨૯:

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાની દાઠા ગામની સીમમાંથી નાળિયેર અને કપાસના પાકમાંથી ગાંજાની ખેતી સ્થાનિક પોલીસે ઝડપી પાડી છે. જેમાં ૪૨૫ કિલો લીલા અને અધ સુકા ગાંજાના ૬૬૪ છોડ મળી રૂપિયા ૨૧.૨૬ લાખનો મુદ્દા માલ કબજે કરી વૃદ્ધ ખેડૂતની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ '' ગુજરાત સરકાર દ્વારા નશામુકત ગુજરાત અભિયાન સમગ્ર ગુજરાતમાં ચાલુ કરવામા આવેલ '' જે અંતર્ગત ભાવનગર પોલીસ અધિક્ષક ડો. હર્ષદ પટેલ નાર્કોટીક્સ ડ્રગ્સની બદીને નેસ્ત નાબુદ કરવા માટે '' '' અભિયાન ચાલુ કરવામાં આવેલ છે. નશાકારક પદાર્થનું વેચાણ કરી લોકોના સ્વાસ્થય સાથે ચેડા થતા હોય, યુવાધન ગાંજાનું સેવન કરીને નશાખોરીના રવાડે ચડેલ જેથી ભાવનગર જિલ્લામાં નશાકારક પદાર્થનુ વેચાણ અને વાવેતર કરનારને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરવા પોલીસ આપેલી સૂચનાને પગલે દાઠા પોલીસ મથકના દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે તળાજા તાલુકાના દાઠા ગામે રહેતા વનરાજસિંહ વનુભા બચુભા સરવૈયા નામના વૃદ્ધ ખેડૂત પોતા ની વાડીમાં નાળિયેર અને કપાસના પાકમાં ગાંજાનું વાવેતર કર્યું બાત બીના આધારે સ્ટાફે દરોડો પાડી રૂપિયા ૨૧.૨૬ લાખની કિંમતના ૪૨૫ કિલો લીલા અને સૂકા ગાંજાના ૬૬૪ સાથે વૃદ્ધ ખેડૂત વનરાજસિંહ અનુવાદ સરવૈયા ની ધરપકડ કરી હતી પોલીસે રૂપિયા મોબાઇલ અને ગાંજો મળી ૨૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. બગદાણા પોલીસ મથકના પીઆઇ પીએલ ધામા, દાઠા પોલીસ મથકના પી.એસ.આઇ સીએચ મકવાણા, હેડ કોન્સ્ટેબલ એમ આર ભાદરકા, કોન્સ્ટેબલ ગંભીરભાઈ ,વિપુલભાઈ અને વનરાજસિંહ સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી.

# રાજકોટ વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી કોન્ટ્રાકટરનો આપઘાત

## મુદ્દલ અને વ્યાજ ચૂકવી દીધા બાદ રૂપિયા માંગતા કંટાળી પગલું ભર્યું હોવાનો મૃતકના પરિવારનો આક્ષેપ

રાજકોટ તા.૨૯

શહેરનાં કોઠારીયા રોડ શિવમપાર્કમાં રહેતાં કન્સ્ટ્રકશનના ધંધાર્થીએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. મૃતક યુવકે સ્યુસાઈડ નોટ લખી તેમાં ૧૦ જેટલા વ્યાજખોરોના નામનો ઉલ્લેખ કર્યો છે. યુવકે કન્સ્ટ્રકશનના ધંધા માટે ૨૦ લાખ જેટલી રકમ અલગ અલગ વ્યક્તિ પાસે વ્યાજે લિધા હોવાનું મૃતકના પરિવારજને જણાવ્યું હતું.બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ કોઠારીયા રોડ શિવમપાર્ક શેરી નં-૩ માં રહેતાં અલ્પેશભાઈ કાનજીભાઈ સાકરીયા (ઉ.વ.૩૪) નામના કન્સ્ટ્રકશનના ધંધાર્થીએ ગઈ કાલ રાત્રિના ૯ વાગ્યાં આસપાસ રેસકોર્સ બાલભવન સામે શૌચાલય પાસે ઝેરી દવા પી લેતાં તાકિદે તેઓને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં આજે સવારે દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ છે.આપઘાત કરનાર અલ્પેશભાઈ કધસ્ટ્રકશનનું લેબર કામ કરતા હતા. તેને ધંધામાં પૈસાની જરૂર હોય જેથી અલગ અલગ વ્યક્તિ પાસેથી ૨૦ લાખ જેટલા રૂપિયા વ્યાજે લિધા હતા. જે પૈસાનું વ્યાજ મૂળી કરતાં પણ વધુ આપી દિધા હોવા છતાં વ્યાજખોરો ત્રાસ આપતાં હોય જેથી આ પગલું ભર્યું હોવાનું મૃતકના પરિવારજને આક્ષેપ કર્યો હતો. ગઈ કાલે તેને સ્યુસાઇડ નોટ લખી આપઘાત કરી લીધો હતોપંકજભાઈ છોડીયા, યોગેશભાઈ પંડિયા, ખીમજી પ્રવીણભાઈ પરમાર, મંગેશભાઈ જાલકા, ભીખુભાઈ બાલસરા, મેરાજ કલબ વાળા પરાગભાઈ ગઢવી, સિદ્ધાંતસિંહ, વિપુલ ભાગવાનજીભાઈ આ બધાને મે રૂપિયા આપેલ છે. લિધા કરતાં ડબલ આપી દીધાં છે. પણ હવે હું થાકી ગયો છું. તેવું સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો હતો. યુવક પરિણીત હતો.તે ત્રણ ભાઈમાં મોટો હોવાનું મૃતકનાં પરિવારજને જણાવ્યું હતું. બનાવ અંગે પ્રદ્યુમન નગર પોલીસને જાણ થતાં તુરંત પોલીસ હોસ્પિટલ દોડી ગઈ હતી.અને સ્યુસાઇડ નોટ કબ્જે કરી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. તાજેતરમાં ચેક રિટર્ન કેસમાં મૃતક અલ્પેશને નવ માસની અદાલતે સજા ફટકારી હતી. બાદ તે તણાવમાં રહેતો હતો

# રાજકોટ સિવિલમાં એડમિટ દર્દીને ચાની ચુસકી પડી ભારે, હોસ્પિટલમાંથી રજા મળે તે પહેલાં જ મોત

રાજકોટ તા.૨૯:

રાજકોટમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. જેમાં રાજકોટ સિવિલ તંત્રની બેદકારીના લીધે ત્રણ દિવસથી હોસ્પિટલમાં દાખલ દર્દીએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આજે (બુધવારે) જગદીશ ચાવડા નામનો દર્દી સવારે ચા પીવા હોસ્પિટલની બહાર નીકળ્યો હતો. તે સમયે સિવિલના મુખ્ય ગેટ પાસે ખોદવામાં આવેલા ખાડામાં પડી જતાં મોત નીપજ્યું છે. હોસ્પિટલના પ્રાંગણમાં બનેલી દુર્ઘટનાથી પરિવારજનોમાં રોષ ફાટી નીકળ્યો છે અને સમગ્ર માટે હોસ્પિટલ તંત્રને જવાબદાર ગણાવવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ સિવિલ અવાર-નવાર પોતાની બેદકારીના લીધે ચર્ચામાં રહે છે. ત્યારે રાજકોટ સિવિલની બેદરકારીનો વધુ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સિવિલ તંત્રની લાપરવાહીના લીધે એક દર્દીનું મોત થયું છે. વાત જાણે એમ છે કે જગદીશ મનસુખભાઇ ચાવડાને પેટમાં પાણી ભરાઇ ગયું હોવાથી છેલ્લા ત્રણ દિવસથી તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને આજે તેમને રજા આપવાની હતી. ત્યારે આજે સવારે તે ચા પીવા માટે હોસ્પિટલની બહાર નીકળ્યા હતા, તે સમયે હોસ્પિટલના મુખ્ય ગેટ પાસે ખોદવામાં આવેલા ખાડામાં પડી જતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ ઘટનાને પગલે દર્દીના પરિવારજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પરિવારજનોએ સિવિલ તંત્ર પર આક્ષેપ કરતાં કહ્યું હતુ કે મુખ્ય ગેટ પાસે ખાડો કરવામાં આવ્યો હોવાથી તંત્ર દ્વારા ત્યાં સિક્યુરિટી ગાર્ડ અથવા આડસ મુકવી જોઇએ. સિવિલ તંત્રની બેદરકારી છે, તેમને ધ્યાન રાખવું જોઇએ. આ મામલે તેમને પોલીસ ફરિયાદ નોંધાવવાની બેદરકારી દાખવનાર જવાબદાર લોકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ મામલે સિવિલ સુપરિન્ટેન્ડન્ટે જણાવ્યું હતુ કે આજે સવારે બનેલી દુર્ઘટના સર્જાઇ હતી. આ માટે એક ટીમ બનાવીને સમગ્ર ઘટનાની તપાસ કરાશે. તપાસ સમિતિના રિપોર્ટ બાદ કોઇ દોષી જણાશે તો તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# જામનગરઃ મકાનમાં તસ્કરોનો હાથ ફેરો, ૧.૨૧ લાખની માલમતા ઉઠાવી ગયા

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૯:

જામનગર નજીક દરેડ વિસ્તારમાં રહેતા એક શ્રમિક યુવાનના બંધ રહેણાંક મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લઈ અંદરથી રૂપિયા એક લાખ ૨૧ હજારની માલમતા ઉઠાવી ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં રહેતા અને બ્રાસપાર્ટના કારખાનામાં મજૂરી કામ કરતા નિતેશભાઈ હરીસંગ જાડેજા નામના શ્રમિક યુવાનના બંધ રહેણાક મકાનને કોઈ તસ્કરોએ નીશાન બનાવી લીધું હતું, અને અંદર પ્રવેશ કરીલઈ ૧,૨૦ લાખની કિંમતના સોનાના દાગીના અને ૧,૫૦૦ની રોકડ રકમ સહિત ૧,૨૧,૫૦૦ ની માલમતા ચોરી કરી લઈ ગયા હતા. ઉપરોક્ત ચોરી ના બનાવ અંગે નિતેશભાઈ જાડેજા એ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝન ના એએસઆઈ એમએલ જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ઝેરી જાનવર કરડી જતાં મોત**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના કલ્યાણપુર ગામમાં રહેતી અને સરકારી નોકરી કરતી રીંકલબેન ભાવેશભાઈ ઓરડીયા નામની ૪૦ વર્ષની યુવતી ગઈકાલે પોતાના ઘરની પાછળના ભાગમાં બાંધેલી ભેંસને પાણી તેમજ ઘાસચારો નાખવા માટે ગઈ હતી, જે દરમિયાન તેણીને એકાએક ઝેરી સર્પ કરડી જતાં વીપરીત અસર થયા પછી તેણીનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પતિ ભાવેશભાઈ રામજીભાઈ ઓરડીયા એ પોલીસને જાણ કરતાં શેઠ વડાળાના પોલીસ સ્ટાફે પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# પોલીસમેનના મકાનમાં પુત્રના મિત્રએ લાખોની કરી ચોરી!

## હોટલમાં જમવા મોકલી રૂ.૨.૯૯ લાખની મતાની ચોરી પ્ર.નગર પોલીસે આરોપીની શોધખોળ આદરી

રાજકોટ. તા.૨૯:

પોલીસ હેડ કવાર્ટરમાં પોલીસમેનના મકાનમાં પુત્રના મિત્રએ હાથફેરો કરી રૂ.૨.૯૯ લાખની મતાની ચોરી કરી નાસી છૂટતાં પ્ર. નગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી. પોલીસમેનના પુત્રને કોઠારીયાના મિત્ર રાજ મેંદપરાએ ભાભા હોટલમાં જમવા મોકલી પાછળથી ખેલ પાડી દિધો હતો.

બનાવ અંગે પોલીસ હેડકવાર્ટરમાં રહેતાં અજીતસિંહ શક્તિસિંહ ચુડાસમાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાજ મનીષ મેંદપરાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ અભ્યાસ કરે છે. પિતા શક્તિસિંહ શહેર પોલીસ ડીપાર્ટમેન્ટમા પોલીસ કોન્સટેબલ તરીકે નોકરી કરે છે. ડોગ સ્કોર્ડ બાજુમા આવેલ બ્લોકમાં રહેતો ધ્રુવરાજસિંહ જાડેજા અને કોઠારીયા ન્યાસ પેટ્રોલપંપની પાસે રહેતો રાજ મેંદપરા તેમના મીત્ર છે. અવાર-નવાર તેઓ અલગ અલગ જગ્યાએ ભેગા થતાં હોય છે.

ગઈ તા. ૧૯ ના સાંજના સાતેક વાગે તે પોલીસ હેડ કવાર્ટર ગાઉન્ડમા હતો ત્યારે તેમના ભાઈ હર્ષજીતસિંહનો ફોન આવેલ કે, મીત્ર રાજ મેંદપરાનો ફોન આવેલ છે અને તને જમવાના પાસ આપવા માટે આવે છે તેમ વાત કરી ત્યાં જ રાજ મેંદપરાનો ફોન આવેલ કે, અભીજીત તું કયા છો, જેથી તેને કહેલ કે, હું ગાઉન્ડ રીંગ કરૂ છુ અને મારી સાથે તારો મીત્ર ધ્રુવરાજસિંહ પણ સાથે છે.

તેમ વાત કરતા રાજ પોલીસ હેડ કવાર્ટર ગાઉન્ડ પાસે આવી ભાભા હોટલના બે પાસ આપેલ અને રાજ મેંદપરા, ધ્રુવરાજ અને મેહુલ સાથે મારૂતીનગર સોસાયટીમા પાણીપુરી ખાવા માટે ગયેલા હતાં. ત્યારે ફરીયાદી ઘરે ગયેલ અને તેમના માતાને હોટલમાં જમવા જવા બાબતે વાત કરેલ અને માતા-પુત્ર બાઇકમાં હોટલના પાસ હતા ત્યા જમવા માટે રાત્રીના નવ વાગે ગયેલ હતાં.

ત્યારે તેમને ભાઈના મીત્ર રાજ મેંદપરાનો ફોન આવેલ કે, તમે જમવા માટે નિકળી ગયા જેથી તેને કહેલ કે હા ઘરેથી નિકળીએ છીએ તેમજ તે બાદ પણ બે વખત ફોન આવેલ હતાં. ત્યારબાદ તેઓ માતા-પુત્ર રાત્રીના દશેક વાગ્યે જમી ઘરે પરત આવેલ હતાં. તેમના પીતા ગામડે ગયેલ હતા.

અને નાનો ભાઈ હર્ષજીત સિંહ રાત્રીના સાડા અગ્યાર વાગ્યે આવેલ બાદ તેઓ સુઈ ગયેલ અને ત્રીજા દિવસે તા.૨૧ ના તેમને લગ્નમા જવાનુ હોઇ જેથી કબાટમા રાખેલ વીટી જોવામા આવેલ નહી અને બંને કબાટમા જોતા સોના દાગીના તથા રોકડ રૂપીયા જોવા ન મળતાં માતાને કહેલ કે, બંને કબાટમાંથી દાગીના તથા રોકડ રૂપીયા કોઈ લઈ ગયેલ છે. એક સોનાનો હાર , અઢી તોલાનું મંગળસુત્ર, છ વિંટી તેમજ રોકડ રૂ. ૨ લાખ મળી કુલ રૂ.૨.૯૯ લાખનો મુદામાલ જોવા ન મળતાં કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાનું સામે આવ્યું હતું.જે અંગે ફરિયાદીએ તેમના ભાઈ હર્ષજીતના મીત્ર રાજ મેંદપરાના સંપર્ક કરતા તેને મોબાઇલ બંધ કરી દિધેલ અને ચોરીના બનાવ પછી તે બહાર ગામ જતો રહેલ હતો. હાલ તેની માતા પાસે જઈ તપાસ કરતા રાજ ઘરે નથી અને તેનો ફોન બંધ આવે છે તેમ જણાવેલ જેથી રાજ મેંદપરાએ ચોરી કરેલની પુરેપુરી શંકા હોય જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી શકમંદ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# સીટી બસમાં ટીકીટ આપવામાં અનિયમિતતા સબબ ત્રણ કંડકટરો બરતરફ કરાયા

રાજકોટ, તા.૨૯સ્રાજકોટ મનપાની હસ્તાંતરિત કંપની રાજકોટ રાજપથ લી. દ્વારા સીટી બસ તથા બી.આર.ટી.એસ. બસનુ સંચાલન કરવામાં આવેલ છે. હાલ ૭૩ રૂટ પર ૧૯૯ બસ દ્વારા શહેરી પરિવહન સેવા પૂરી પાડવામાં આવી રહેલ છે. તાજેતરમાં ટીકીટ ચેકીંગ માટેની ડ્રાઈવ યોજવામાં આવી જેમાં ટીકીટ આપવાની કામગીરીમાં અનિયમિતતા સબબ પકડાયેલ કુલ-૩ કંડકટરોને ફરજ મુક્ત કરી તેમજ કંડકટર સપ્લાય કરતી એજન્સીને રૂા.૬૦૦૦/- પેનલ્ટી ફટકારવામાં આવેલ છે. તથા ટીકીટ વગર મુસાફરી કરતા ૧૯ પાસેથી પણ રૂા.૨૦૯૦ ની પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ છે. આ ઉપરાંત સીટી બસ ઓપરેટર એજન્સીની કામગીરીની અનિયમીતતા બદલ રૂા.૨૩૭૨ ની પેનલ્ટી આપવામાં આવેલ છે.

# રાજકોટ મનપા દ્વારા પ્રોજેકટને લોકભોગ્ય બનાવવા કમિશનર તુષાર સુમેરાની નવી પહેલ



રાજકોટ, તા.૨૯

રાજકોટ મનપા દ્વારા હાથ પર લેવામાં આવતા જુદાજુદા પ્રોજેકટસ લોકભોગ્ય બને તેમજ લક્ષ્યાંકિત લાભાર્થીઓને વધુને વધુ ઉપયોગી થઈ શકે અને પ્રોજેકટનો હેતુ ખરા અર્થમાં પરિપૂર્ણ થાય તેવા ઉમદા આશય સાથે મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા દ્વારા આવકારદાયક એવી એક નવી પહેલ શરૂ કરવામાં આવેલ છે. તેઓએ જે તે પ્રોજેકટના સ્ટોકહોલ્ડર્સ સાથે કન્સલ્ટેશન કરવાની પ્રણાલી અપનાવી છે, જેમાં સ્ટોકહોલ્ડર્સને પ્રોજેકટની રૂપરેખા સમજાવ્યા બાદ તેઓના સલાહસૂચન મેળવવામાં આવે છે.

મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ આ નવી પહેલ અંગે વાત કરતા એમ જણાવ્યું હતું કે, જયારે પણ રાજકોટ મનપા કોઈ પ્રોજેકટ હાથ પર લ્યે છે ત્યારે સામાન્ય રીતે વહીવટી તંત્રએ પ્રોજેકટનુ પોતાના દ્રષ્ટિકોણથી આકલન કરે છે. જો કોઈપણ પ્રોજેકટને વધુને વધુ લોકભોગ્ય બનાવવા હોય તો તેના સ્ટોકહોલ્ડર્સના વિચારો અને તેઓના સલાહસૂચનોથી વહીવટી તંત્ર વાકેફ થાય તો પ્રોજેકટની સફળતા મહદ અંશે સુનિશ્ચિત કરી શકાય છે.

# રાજકોટઃ કાલાવડ રોડ પરના જોખમી ગેમઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે કોંગ્રેસના પ્લે કાર્ડ સાથે ધરણાં

## લોકો, વેપારીઓ, રાહદારીઓના ગેમઝોન અંગે અભિપ્રાયો નકારાત્મક બાદ કોંગ્રેસનો વધુ એક કાર્યક્રમ

રાજકોટ તા.૨૯:

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદી મુજબ કાલાવડ રોડ પર બ્રિજ નીચે જોખમી ગેમ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર સુપ્રત કર્યા બાદ આ અંગે કોઈ જાતનો પ્રત્યુતર ન મળતા તારીખ ૨૫/૧ ના રાજકોટ કાલાવડ રોડ ઉપર ગેમ ઝોનની પાસે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા લોકોના, વેપારીઓના, વિદ્યાર્થીઓના અવર જવર કરતા શહેરીજનોના બ્રિજ નીચેના ગેમ ઝોન અંગેના અભિપ્રાયો મેળવવામાં આવેલ હતા તેમાં લોકોના નકારાત્મક અભિપ્રાયો ના પગલે ગેમ ઝોન બ્રિજ નીચેની બદલે અન્ય સ્થળે બને તે જરૂરી છે અને બ્રિજ નીચે અને અહીંયા ટ્રાફિકની સમસ્યા સર્જાય તેમ હોવાને પગલે નકારાત્મક રિપોર્ટ આપેલ છે. મ્યુનિસિપલ કમિશનર સાઇટ વિઝીટ કરી લોકોના વેપારીઓના અને આજુબાજુના રહેવાસીઓના અભિપ્રાયો જાણે અને ગેમ ઝોનનો પ્રોજેક્ટ રદ કરે.

નકારાત્મક અભિપ્રાયો જાણ્યા બાદ આજ રોજ બીજા તબક્કામાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કાલાવડ રોડ પર ન્યુ પરિમલ સ્કૂલ સામે જ્યાં ગેમ ઝોનનું કામ હાલ વગર શરૂ કરી દેવામાં આવ્યું છે તે જગ્યાની નજીકમાં કોંગ્રેસ સમિતિ દ્વારા પ્લે કાર્ડ સાથે ધરણા નો કાર્યક્રમ યોજાયેલ હતો. આજના કાર્યક્રમ બાદ પણ શાસકોને સદબુદ્ધિ નહીં મળે તો આગામી દિવસોમાં કોંગ્રેસ આગેવાનોની બેઠકમાં નક્કી કર્યા મુજબ તબક્કાવાર કાર્યક્રમો જાહેર કરવામાં આવશે. આજે પ્લે કાર્ડ માં 'રાજકોટના બ્રિજની નીચે ગેમ ઝોન ન થવો જોઈએ' 'રાજકોટ મહાનગરપાલિકાએ અગાઉ રાજકોટની જનતાના અભિપ્રાય લીધા વગર જે પ્રોજેક્ટ બનાવ્યા છે તે પ્રોજેક્ટ રદ કરવામાં આવ્યા છે' 'જે સ્થળે ગેમ ઝોન બનાવવામાં આવશે તે સ્થળે એક ગાળામાં બોક્સ ક્રિકેટ, બીજા ગાળામાં સ્કેટિંગ રિંગ, સ્નૂકર, કેરમ જેવી ઇનડોર ગેમ માટે માચડો જે રીતે બને છે તે મીની ટીઆરપી ઝોન જેવું ગણાય' 'રાજકોટમાં બીજો ટીઆરપી ઝોન કોંગ્રેસ નહીં થવા દે' 'સ્કુલ કોલેજ છૂટવાના સમયે પ્રાથમિક સમસ્યા સર્જાશે અકસ્માત નો ભય' સહિતના પ્લે કાર્ડ સાથે દેખાવો કરવામાં આવેલ હતા જેમાં પ્રદેશના આગેવાનો, શહેર કોંગ્રેસના આગેવાનો, વોર્ડ પ્રમુખો, ફ્રન્ટલ સેલના ચેરમેનો સહિતના કાર્યકરો બહોળી સંખ્યામાં જોડાયા હતા જેમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા વાઘેલા, દીપ્તિબેન સોલંકી, સંજયભાઈ અજુડીયા, ડી. પી. મકવાણા, મેઘજીભાઈ રાઠોડ, અશોકસિંહ વાઘેલા, નયનાબા જાડેજા, ગજેન્દ્રસિંહ ઝાલા, ગીરીશભાઈ પટેલ, નયનાબા જાડેજા, રાજુભાઈ આમરાણીયા, ગોપાલ મારવી, રાહુલ સોલંકી, જયેશભાઈ ઠાકોર, પિયુષભાઈ ખાતરાણી, શુભમ પરમાર, પ્રફુલાબેન ચૌહાણ, નાગજીભાઈ પટેલ, અજીતભાઈ વાંક, અશોકભાઈ વાળા, જયંતીભાઈ હિરપરા, બીજલભાઇ ચાવડીયા, અમિતભાઈ રવાણી, અહેસાનભાઈ ચૌહાણ, સલીમભાઈ કારિયાણી, જીગ્નેશ બોરડ, ગોવિંદભાઈ સભાયા, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર, ઉદયભાઇ કોળી, ફૈઝલ જુમાણી, હરેશભાઈ ભારાઈ, પ્રવીણભાઈ દેસાઈ, મિલિંદભાઈ પરમાર,રઘુરામભાઈ યાદવ સહિતના કોંગી આગેવાનો જોડાયા હતા.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સોમનાથ ખાતે શાકોત્સવ ઉજવાયો



સોમનાથ તા.૨૯:

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સોમનાથના આંગણે સંસ્થાના સંસ્થાપક શા.સ્વા. ભક્તિપ્રકાશદાસજીનાં સાનિધ્યમાં શાકોત્સવનુ ભવ્ય આયોજન કરાયું હતું.

જેમા હરિભક્તોના પ્રસાદ માટે ૧૦૦ કિલો બાજરા લોટના રોટલા,૨૦૦ કિલો રીગણનું શાક અને એ શાક બનાવવા માટે ૬૦ કિલો ઘી અને ૯૦ કિલ્લો તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૬૦ કિલ્લો ખીચડી અને ૬૦૦ લીટર કઢીનો પ્રસાદ હરિભક્તોએ લીધો હતો. આ સમગ્ર રસોડા વ્યવસ્થા સ્વામી ધર્મકિશોરદાસજી દ્વારા કરવામાં આવેલ આ શાકોત્સવની વ્યવસ્થા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળનો તમામ સ્ટાફગણ સ્વયં સેવકો છેલ્લા ત્રણ દિવસથી સેવા આપી રહ્યા હતા. આ પ્રસંગે સત્સંગ સભાના વક્તા તરીકે શા.સ્વા. ભક્તિકિશોરદાસજી (જુનાગઢવાળા) રહ્યા હતા. તેમજ આ પ્રસંગે શા. સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (લાડવી ગુરુકુળ) શા.સ્વા. ગોવિંદપ્રસાદદાસજી (વાઘોડિયા ગુરુકુળ) રાજેશભાઈ વડોદરિયા (મુખ્ય યજમાન) વિજયભાઈ શાહ (ટ્રસ્ટી) ચંદુભાઈ દામાણી (ટ્રસ્ટી) તેમજ સોરઠ અને ગીર પંથકના ભક્તજનોએ હાજર રહી બહોળી સંખ્યામાં આ ભવ્ય અને દિવ્ય ઉત્સવનો લાભ લીધો હતો.

# પીએસઆઇ ભાજપના ઈશારે કોંગ્રેસના બાટવા નગરપાલિકાના ઉમેદવારોને ધમકાવે છેઃ કોંગ્રેસનો આરોપ

**જૂનાગઢ,તા.૨૯**

**રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો છે. જો કે ચૂંટણીની જાહેરાત થતા જ જુનાગઢમાં રાજકીય સળવળાટ શરૂ થયો છે. જણાવીએ કે, બાંટવા નગરપાલિકાની આગામી ચૂંટણીમાં રાજકીય વિવાદ ઉભો થયો છે. જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિએ બાંટવા પીએસઆઇ ઋત્વિક વાળા પર ગંભીર આરોપો લગાવ્યા છે. કોંગ્રેસના આરોપો મુજબ, પીએસઆઇ ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે અને કોંગ્રેસના ઉમેદવારોને હેરાન કરી રહ્યા છે.**

**વોર્ડ નંબર ૨ ના કોંગ્રેસના ઉમેદવાર જીગ્નેશ વડાલિયાના કેસમાં પીએસઆઇ વાળાએ ગેરકાયદેસર કાર્યવાહી કરી હોવાનો આરોપ છે. કોંગ્રેસનું કહેવું છે કે પીએસઆઇએ વડાલિયાના ઘરમાં કુરિયર દ્વારા ગેરકાયદેસર સામાન રાખ્યો હતો, રાત્રે ઘરે ગયો હતો અને પરિવારને ધમકી આપી હતી અને ખોટા દારૂના કેસમાં ફસાવ્યા. તેમના પર ચૂંટણી ન લડવા માટે ધમકી આપવાનો પણ આરોપ છે.**

**આ મામલે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિએ ચૂંટણી અધિકારીને લેખિત ફરિયાદ કરી છે અને પીએસઆઈ વાળાને તાત્કાલિક બરતરફ કરવાની માંગ કરી છે.ડીવાયએસપી બી.સી. ઠક્કરે જણાવ્યું હતું કે આ મામલાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાએ બાંટવાના પીએસઆઈની ઉદ્ધતતા અંગે જણાવ્યું હતું કે આ જૂનાગઢના બાંટવા શહેરમાં ભાજપના ઘમંડનો કિસ્સો છે. જ્યારે પોલીસને આદર અને સન્માનની નજરે જોવામાં આવે છે, જ્યારે પોલીસ તંત્ર પણ ભાજપનું મુખપત્ર બની જાય છે, ત્યારે જનતા મુશ્કેલીમાં મુકાઈ જાય છે. બટવાના પીએસઆઈ ઋત્વિક બાટવાના તમામ વોર્ડમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.**

**ઉમેદવાર જીગ્નેશ વડાલિયાના ઘરે સાગરીતો દ્વારા ઘરથી થોડી દૂર દારૂના બે બાચકા મૂકી ગયા હતા. અને ત્યારબાદ બાટવાના પીએસઆઈ ઋત્વિક વાળા જીગ્નેશ વડાલિયાનાઘરે ગયા હતા.**

# સતત છઠ્ઠી વખત રાષ્ટ્રીય કક્ષાએ બેન્કસ બ્લ્યુ એવોર્ડ મેળવતી ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી.

(વિશાલ ઘીયા દ્વારા)

વેરાવળ તા.૨૯:



નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ એન્ડ ક્રેડિટ સોસાયટીસ લી., ન્યુ દીલ્હી અને સહકારી ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા બેન્કો મેગેઝીન દ્વારા ભારતભરની ૧૪૭૨ જેટલી નાગરિક સહકારી બેન્કો માટે યોજવામાં આવેલ રાષ્ટ્રીય કક્ષાની મીટીંગમાં નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ એન્ડ ક્રેડિટ સોસાયટીસ લી.ના ચેરમેન લક્ષ્મીદાસજી, ના દીપાંકર રોય, મહારાષ્ટ્રના સ્ટેટ સાયબર ડીપાર્ટમેન્ટના સંજયભાઈ શીત્રે,દેશની ખ્યાતનામ બેન્કીંગ સોફટવેર કંપનીના એકઝીકયુટીવ, નેશનલ અર્બન કો-ઓપરેટીવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સી.ઈ.ઓ. પ્રભાતભાઈ ચતુર્વેદી, મહારાષ્ટ્ર,ગુજરાત, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક અને રાજસ્થાનની અર્બન કો-ઓપરેટીવના ચેરમેનઓ, લવાઈસ ચેરમેનઓ, ડીરેકટરઓ તથા એમ.ડી.ઓની વિશાળ હાજરીમાં ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લીમીટેડએ વર્ષ ૨૦૨૩-૨૪ માં કરેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ બેન્કના ચેરમેન નવીનભાઈ એચ. શાહ,વાઈસ ચેરમેન શ્રીમતિ ભાવનાબેન એ.શાહ તથા સી.ઈ.ઓ. એમ.ડી. અતુલભાઈ ડી.શાહને રાષ્ટ્રીય કક્ષાએ આર.બી.આઈ.ના ડીપાર્ટમેન્ટ ઓફ સુપરવિઝનના એકસ ચીફ જનરલ મેનેજર ભાર્ગેશ્વર બેનર્જીના હસ્તે બેન્કો બ્લ્યુ રીબન એવોર્ડ (ફર્સ્ટ રેન્ક) તા. ૨૮-૦૧-૨૦૨૫ ના રોજ એમ્બી વેલી,લોનાવલા મુકામે ભવ્ય સમારંભમાં એનાયત કરવામાં આવેલ છે.ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી.ને સતત છઠ્ઠા વર્ષે આ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે, જે સમગ્ર વેરાવળ પંથક અને સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓ માટે ગૌરવ સમાન છે.બેન્કના ચેરમેન નવીનભાઈ એચ.શાહ, વાઈસ ચેરમેન શ્રીમતિ ભાવનાબેન એ.શાહ, સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા શાખા સલાહકાર કમીટીના સભ્યઓ દ્વારા બેન્કની આ સિધ્ધિને સર્વે સભાસદો, થાપણદારો અને ગ્રાહકોના બેન્ક ઉપરના અતુટ વિશ્વાસ અને સહકારને સમર્પિત કરી સર્વેને શુભેચ્છા પાઠવેલ છે.યાદી સીઇઓએમડી અતુલભાઈ શાહ એ જણાવ્યું છે.

# કોટડાસાંગાણીના રામોદ ગામે સરકારી ખરાબાની ૪.૭૫ કરોડની જમીન પરથી દબાણ દુર કરાયું

(સલીમ પતાણી દ્વારા)

કોટડાસાંગાણી તા.૨૯:







માન.કલેકટરશ્રી પ્રભવ જોષી ના આદેશાનુસાર તથા આસી.કલેકટરશ્રી,રાજકોટ શહેર-૨ શ્રી મહેક જૈન ના માર્ગદર્શન હેઠળ આજરોજ કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામના પ્રવીણભાઈ નીતીનભાઈ અદાણી અને સાગર ભાઈ વેલજીભાઈ સાકરીયા અને રામચંદ્ર ભાઈ ચકુ ભાઈ લીબાસીયા એ સંયુક્ત રીતે દબાણ કરેલ હતું તે દબાણ દુર કરવામાં આવેલ સરકારી ખરાબાના સર્વે નં. ૬૬૪ તથા ૬૬૬ પૈકીની જમીન આશરે ૮ એકરમાં ફરતે બાંધવામાં આવેલી પાકી દીવાલ તથા ૨ રૂમનું પાકું મકાનનું દબાણ, મામલતદાર કોટડાસાંગાણી શ્રી ગુમાનસિંહ જાડેજા તથા તેમની ટીમ દ્વારા પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરવામાં આવેલ.સદરહુ દબાણની કાર્યવાહીમા નાયબ મામલતદારશ્રી હિતેન્દ્રસિંહ ચુડાસમા, પોલીસ ઈંન્સ્પેકટરશ્રી આર.એમ. રાઠોડ, પોલીસ સબ ઈંન્સપેકટરશ્રી આઇ.ડી. જાડેજા,તલાટીશ્રી દીપ આહ્યા વિગેરે ઉપસ્થોત રહેલ હતા.સદરહુ જગ્યાની બજારકિંમત આશરે ૪.૭૫ કરોડ જેટલી થાય છે.

# અમદાવાદમાં ક્લાસના સંચાલકે વિદ્યાર્થીનીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

**અમદાવાદ,તા.૨૯**

**અમદાવાદમાં વધુ એકવાર શિક્ષણ જગતને શર્મસાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ખોખરા વિસ્તારમાં પ્રોગ્રેસિવ એજ્યુકેશનના સંચાલકે વિદ્યાર્થીનીને પ્રેમ સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યુ હતું, એટલું જ નહીં અશ્લીલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી સતત ખરાબ કૃત્ય કરતા વિદ્યાર્થીનીએ અંતે ખોખરા પોલીસ સ્ટેશનમાં શિક્ષક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.**

**અમદાવાદ શહેરમાં ગુરૂની ગરિમાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. શહેરમાં પ્રોગ્રેસિવ એજ્યુકેશનના સંચાલકે વિદ્યાર્થીનીને પ્રેમજાળમાં ફસાવી પોતાની હવસનો શિકાર બનાવી હતી. વિદ્યાર્થીની ઈંગ્લિશના ક્લાસ દરમિયાન શિક્ષકને મળી હતી. સંચાલક જીગ્નેશ ગોહિલે વિદ્યાર્થીનીને પોતાના પ્રેમજાળમાં ફસાવી શારીરિક સંબંધ બાંધ્યા હતા. વધુમાં, અશ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી સતત દુષ્કર્મ આચરતો હતો. જોકે, સતત દુષ્કર્મનો ભોગ બનતાં વિદ્યાર્થીનીએ કંટાળીને અંતે શિક્ષક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં શિક્ષક સામે સમગ્ર ઘટના જણાવી ફરિયાદ નોંધાવી છે, ખોખરા પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.**

# મોઢ વણિક યુવા ગ્રુપ દ્વારા તેજસ્વી તારલાઓનું કરાયુ સન્માન

રાજકોટ, તા.૨૯

તાજેતરમાં મોઢ વણિક યુવા ગ્રુપ ત્થા મોઢ વણિક સમાજ સંયુક્ત ઉપક્રમે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે તેજસ્વી તારલાઓનુ સન્માન કરવામાં આવેલ. જેમાં શહેરના શ્રેષ્ઠીઓ ત્થા વિશાળ વિદ્યાર્થીગણ, વાલીગણ ઉપસ્થિત રહી જાજરમાન વિદ્યાર્થી સન્માન સમારોહ સંપન્ન કરવામાં આવેલ.

કાર્યક્રમના પ્રારંભમાં મોઢ વણિક યુવા ગ્રુપના પ્રમુખ કિરેન છાપીયાએ શબ્દો પુષ્પો વડે સર્વે જ્ઞાતીબંધુને હર્ષભેર આવકાર્યા, સમારંભના ઉદઘાટક ભ્રાંતીબેન અમિતભાઈ પટેલ, પ્રિયાબેન અજય ગઢીયા દિપ પ્રાગટય કરી સન્માન સમારોહનો વિધીવત પ્રારંભ કરેલ સન્માન સમારોહ અદ્યક્ષસ્થાનેથી રોમીલભાઈ શાહ સમારંભના અતિથિ વિશેષ પદેથી ડો.જીતભાઈ ગાંધી, ડો.દર્શિલ શાહ, ડો.રૂત્વી અંબાણી, ડો.પાર્થ ગાંધી, રીચા શેઠ, ડો.આદિત્ય મહેતા, રાજ શાહ, સ્તુતિ મહેતા, પાર્થ પારેખ, ગૌરવ પારેખ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# સુરજકરાડીમાં મેગા ડીમોલીશન કરાશે ?

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૯

હાલમાં જ દેવભૂમી દ્વારકા જીલ્લાના બેટદ્વારકામાં મેગા ડીમોલેશન થયુ હતુ. આ ડીમોલેશન બાદ આગામી દિવસોમાં દ્વારકા તાલુકાના સુરજકરાડીમાં પણ ડીમોલેશન થવાનુ છે તેવી વાતો સંભળાય છે. આ બાબત માત્ર વાઘ આવ્યો, વાઘ આવ્યો તેવી છે કે ખરેખર ડીમોલેશન થવાનુ છે તે માટે તો સમયની રાહ જોવી પડે એમ છે તો પણ હાલમાં આવી એક વહેતી થયેલી વાતથી અમુક ધનકુબેરોની ઉંઘ હરામ થઈ ગઈ જ હશે કારણ કે આ પંથકના અનેક ધનકુબેરો દ્વારા કયાંકને કયાંક જમીનમાં થોડી ઘણી પેશકદમી થવાનુ પણ માનવામાં આવે છે તો અમુક છકી ગયેલા ધનકુબેરો તો પોતે ગાંધીનગર સુધી છેડા ધરાવે છે. એટલે પોતાનો વાળ વાંકો થાય એમ નથી તેવી ડંફાસો પણ હાંકે છે પરંતુ આવા છકી ગયેલાઓએ સમજી જવાની જરૂર છે કે સતા પાસે શાણપણ ચાલે નહીં જ કહેવાય તો એવુ પણ છે કે મકાનની બહાર મસમોટા ગેરકાયદે વરંડા ઉભા કરનારાઓ પણ ઝપટે ચડી જવાના છે બાકી અત્યારે તો થોભો અને રાહ જુઓ તેવુ જ કરવાનુ રહયું.

## આજે મહાત્મા ગાંધી નિર્વાણ દિન અનુસંધાને

# ૧૨ વર્ષ સુધીના બાળકો માટે ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે નિઃશુલ્ક પ્રવેશ

રાજકોટ, તા.૨૯

નાના બાળકો ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા મેળવે તે ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિ:શુલ્ક પ્રવેશ માટે વર્ષ ૨૦૨૩-૨૪ ની બજેટમાં નિર્ણય કરવામાં આવેલ. જેના અનુસંધાને તા.૩૦ મહાત્મા ગાંધી નિર્વાણ દિનના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

આ મ્યુઝીયમમાં પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલઈડી સ્ક્રીન મારફત દર્શાવવામાં આવ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝીયમમાં મ્યુઝીયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે. જેમાં ટિકિટ વિન્ડો, કલોકરૂમ, મુલાકાત માટે ગાઈડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઈબ્રેરી, વી.આઈ.પી લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ રાત્રે ૭ વાગ્યે પૂ.ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે.

# જામનગરના પત્રકાર રવિ બુદ્ધદેવનો આજે જન્મ દિવસ

ઈલેક્ટ્રોનિક મીડિયા સાથે છેલ્લા દોઢ દાયકાથી સંકળાયેલા જામનગરના પત્રકાર રવિ બુદ્ધદેવએ વર્ષ ૨૦૧૦થી ઈલેક્ટ્રોનિક મીડિયામાં કારકિર્દી આરંભ કરી હતી તેમણે અલગ અલગ પ્રાદેશિક ચેનલોમાં જામનગર અને દ્વારકા જીલ્લાનું રીપોર્ટીંગ કરી ચુક્યા છે, હાલ તેવો ઘણા સમયથી જામનગર જામનગર જીલ્લાના સંવાદદાતા તરીકે કાર્યરત છે, સાથે જ તેવો જામનગરથી સૌપ્રથમ શરુ થયેલ ન્યૂઝ પોર્ટલ માય સમાચાર.ઇન ના માલિક પણ છે. માય સમાચાર વેબ પોર્ટલ પ્રારંભના સમયે ડીજીટલ મીડીયા તરીકે જામનગરમાં વિધીવત પદાર્પણ હતુ જે આજે લોકપ્રિય ન્યુઝ વેબ પોર્ટલ બની ગયુ છે જે માટે યુવા વયમાં રવિ બુદ્ધદેવી ખંત-ધીરજ અને કુશળતાના સમન્વય સમાન છે આજે જન્મ દિવસે રવિ બુદ્ધદેવને નંબર ૯૮૨૪૨ ૦૭૬૨૭ ઉપર શુભકામનાઓ મળી રહી છે



# વી.વી.પી. ખાતે રૂા. ૧૮ લાખના ખર્ચે અદ્યતન “ઈન્ડસ્ટ્રી ૪.૦ (સેવન સેન્સ) સી.એન.સી” મશીનનું ઉદઘાટન



રાજકોટ તા.૨૯:

સૌરાષ્ટ્ર કચ્છની સૌ પ્રથમ સેલ્ફ ફાયનાન્સ તથા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ છતા સોંઘુ શિક્ષણ મળી રહે તે ભાવ થી ૧૯૯૬મા શરૂ થયેલ વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજને દેશની અગ્રગણ્ય બેરીંગ ઉત્પાદક કંપની એવી રોલેક્ષ રીંગ્સ લીમીટેડ તરફથી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાના ભાગરૂપે તથા એન્જીનીયરીંગ ક્ષેત્રે વિદ્યાર્થીઓને અતિ આધુનિક શિક્ષણ મળી રહે તેવા શુભ આશયથી ઈન્ડસ્ટ્રી ૪.૦ (સેવન સેન્સ) સી.એન.સી. મશીન ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના મીકેનીકલ વર્કશોપ ખાતે સી.એન.સી. મશીન નું ઉદઘાટન રોલેક્ષ રીંગ્સ લીમીટેડ કંપનીના ડાયરેકટરશ્રી માનેષભાઈ માડેકા વી.વી.પી. સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડો. નરેન્દ્રભાઈ દવે રાજકોટના અગ્રગણ્ય ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ પ્રાગ્સન મેન્યુફેકચરીંગ ટેકનોલોજીના શ્રી શિવમભાઈ વસાણી ફાઈબ્રોસ ૩ ડી ટેકનોલોજી પ્રાઈવેટ લીમીટેડના શ્રી કીશનભાઈ કામાણી જીવનજયોત કાસ્ટીંગ નાં શ્રી દર્શનભાઈ પટેલના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યશ્રી ડો. પિયુષભાઈ વણઝારા મીકેનીકલ વિભાગના વડાશ્રી ડો. નિરવભાઈ મણીયાર વિભાગીય વડાઓ કર્મચારીગણ તથા વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહયા હતા. જયોતિ સી.એન.સી. દવારા નિર્મિત ૨૦૦ મશીન ઈન્ડસ્ટ્રી ૪.૦ (સેવન સેન્સ) સંચાલિત છે. વી.વી.પી. મીકેનીકલ વર્કશોપમાં ૧૫૦ સી.એન.સી. મશીન તો છેજ ઉપરાંત કો-ઓર્ડીનેટર મેઝરીંગ મશીન વી.એમ.સી. ઈલેકટ્રો ડીસ્ચાર્જ મશીન ૩ ડી પ્રિન્ટર રોબોટીક આર્મ ડ્રીલીંગ મશીન મીલીંગ મશીન શેપર પ્લેનર લાઈટ ડયુટી અને હેવી ડયુટી લેથ વેલ્ડીંગ મશીન વગેરેથી પણ વી.વી.પી. મીકેનીકલ વર્કશોપ સુસજજ છે જેના થકી વિદ્યાર્થીઓને પૂરતું પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવે છે. જયોતિ સી.એન.સી. દવારા નિર્મિત ઈન્ડસ્ટ્રી ૪.૦ (સેવન સેન્સ) ૨૦૦ સી.એન.સી. મશીન ઉમેરાતા સોનામાં સુગંધ ભળશે.

કોઈ પણ કંપની પોતે તો વિકાસ કરે જ પરંતુ સાથોસાથ નવી પેઢીના તૈયાર થતાં ઈજનેરો પણ આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરે તો જ ઈન્ડસ્ટ્રીનો વિકાસ સંભવ બને તે હેતુથી ઈજનેરી ક્ષેત્રે વધુને વધુ સારૂ શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુથી ઈન્ડસ્ટ્રીઝ પોતાનું સમાજ પ્રત્યે ઉતરદાયિત્વ નિભાવવાના શુભ આશયથી આ પ્રકારની જવાબદારી વહન કરતી રહે છે. આ કાર્યમાં રાજકોટ સ્થિત રોલેક્ષ રીંગ્સ લીમીટેડ સદાય તત્પર તથા અગ્રેસર રહે છે.

## પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં

# ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી

**અમદાવાદ,તા.૨૯**

**૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો "આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ"ને પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે. ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઈસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિધ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરીકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે.**

**ગુજરાત સરકારના માહિતી વિભાગે આ પરેડમાં પ્રસ્તુત કરેલા ટેબ્લો ‘આર્નતપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદભૂત સંગમ’ને સૌથી વધુ વોટ જનતા જનાર્દને આપ્યા છે. આ વિશાળ સંખ્યાના વોટિંગથી ગુજરાતના ટેબ્લો પોપ્યુલર ચોઈસમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યો છે.ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે.**

**આ પરેડમાં રાજ્ય સરકારે “ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત”ના ટેબ્લોમાં વડાપ્રધાનએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી. ગત વર્ષ-૨૦૨૪ના ૭૫માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજુ કરેલા ટેબ્લો “ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજની પ્રસ્તુતિને પણ ‘પોપ્યુલર ચોઈસ’ કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ ૨૦૨૪માં બીજો ક્રમ મેળવ્યો હતો.**

**આ જ પરંપરામાં વધુ એક સિધ્ધિ મેળવીને ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજી વાર પ્રથમ ક્રમ મેળવીને હેટ્રીક સર્જવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. ૭૬માં પ્રજાસત્તાક પર્વે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર પ્રસ્તુત થયેલા આ ટેબ્લોમાં - સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ” શીર્ષક અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઈ હતી તેણે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય પરંતુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકાર કર્યું હતું.**

# સોદો થઈ ગયા બાદ જમીનના ભાવ વધી જતાં હડમતીયા ગોલીડાના પરિવારે બીજાને દસ્તાવેજ કરી આપ્યો!

## બે મહિલા સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૯:

શહેરના કિડવાઈનગર સોમનાથ સોસાયટીમાં રહેતાં પરીવાર સાથે જમીનના સોદો થઈ ગયાં બાદ ભાવ વધી જતાં હડમતીયા ગોલીડાના પરિવારે બીજાને દસ્તાવેજ કરી નાંખી રૂ.૧૬ લાખની છેતરપીંડી આચરતાં આજીડેમ પોલીસ મથકમાં બે મહિલા સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે કિડવાઈનગર સોમનાથ-૨ માં રહેતા આશુતોષભાઈ મનસુખભાઈ રાયઠઠા એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દેવા રામ મીર, જીણા રામ મીર, રમા રામ મીર, જલુબેન ઉર્ફે જાનુ રામ મીર (રહે. તમામ હડમતીયા ગોલીડા) અને છગન સોરઠીયા (રહે. ડેરોઇ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ વિપ્રો કંપનીમા એરીયા સેલ્સ એકઝીકયુટીવ તરીકે નોકરી કરે છે.

તેમના માતા સ્વ.કુંદનબેન મનસુખલાલ રાયઠઠાએ રાજકોટના હડમતીયા ગોલીડાના રામબેન મીર, દેવાભાઈ મીર, જલુબેન ઉર્ફે જાનુબેન મીર, જીણાભાઈના નામની હડમતીયા ગોલીડા ગામના રેવન્યુ સર્વે નં. ૧૧૦ પૈકી-૫ ની ખેડવાણ જમીન એકર ૫-૧૧ ગુઠાનો તા. ૧૧/૦૬/૨૦૦૧ ના રૂ.૩૫ લાખમાં ખરીદ કરેલ જેમા રોકડા રૂ. ૧૨ લાખ અને બીજા ચાર લાખ ચેકથી આપેલ હતા.જે અંગે પબ્લીક નોટરીની હાજરીમાં ચુકવી આપતા કરાર સબંધે, સહીઓ અંગુઠાઓ સબંધે અને રકમ મળી ગયા સબંધે ચારેય પાસે ખરાઈ કરેલ હતી. બાકી રહેતી રકમ રૂ.૧૯ લાખ ખેતીની જમીન જે નવી શરતની હોય તે જુની શરતમાં ફેરવ્યા બાદ તેની નોંધ હકકપત્રકમાં દાખલ થયેલથી ૩૦ દિવસમાં વેચાણ દસ્તાવેજ તેઓના માતાની તરફેણમાં કરી આપવાનો તેવુ લેખીત ખાત્રી આપી સ્પેમ્પ પેપર ઉપર જમીનનો સાટાખત કરાર કરી વેચાણથી આપવાનું નકિક કરી ચારેય જણાએ દસ્તાવેજ કરી આપવા વિશ્વાસ આપેલ હતો.આરોપીઓએ જમીનનો સોદો કર્યા બાદ પાર્ટ અવેજની રકમ સ્વીકારી લીધા બાદ વેચાણ કરારની વિગતે જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની કાર્યવાહી પુર્ણ કરી લેતા જમીનના ભાવ વધી જતા જમીન વેચવાથી વધુ ભાવ મળશે.કરવામાં આવે તો પણ તે બનાવટી દસ્તાવેજ કહેવાય તેવુ સારી રીતે આરોપી જાણતા હોવા છતા છગન સોરઠીયાને જમીન રૂ.૯.૯૮ લાખની ખરીદ કિંમત બતાવી વેચાણ દસ્તાવેજ કરાવી લઈ ફરીયાદીની જમીન બારોબાર હડપ કરી લીધેલ હતી.

ફરિયાદીના માતાનું ગઈ તા.૮/૦૮/૨૦૨૨ ના અવસાન થતા સીધી લીટીના વારસદાર દરજજે તે સબંધે અમોએ દાવો પણ દાખલ કરાવેલ છે. બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# મોરબી મહાપાલિકા બન્યાના પ્રથમ માસે જ પાંચ કર્મચારીએ રાજીનામાં ધરી દીધા

## કર્મચારીઓએ અંગત કારણોસર રાજીનામાં આપ્યાનું કારણ દર્શાવ્યું

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૯:

મોરબીને મહાપાલિકાનો દરજ્જો મળતા નગરજનોમાં ખુશીનો સંચાર થયો હતો વર્ષોથી ખદબદતા પ્રશ્નોનો હવે ઉકેલ આવશે તેવો આશાવાદ નાગરિકોમાં જોવા મળ્યો હતો ત્યારે મહાપાલિકા બન્યાના પ્રથમ મહીને જ પાંચ-પાંચ કર્મચારીઓએ રાજીનામાં ધરી દેતા ચર્ચાએ જોર પકડ્યું છે રાજીનામાં અંગત કારણોસર આપવામાં આવ્યા હોવાનું કર્મચારીઓ દર્શાવી રહ્યા છે પરંતુ ખરેખર અંગત કારણોસર રાજીનામાં પડ્યા છે કે અન્ય કોઈ કારણોસર તે પણ ચર્ચાનો વિષય બન્યું છે

મોરબી નગરપાલિકાને ચાલુ માસે જ હજુ મહાપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે તેવા સમયે જુના અધિકારીઓએ કામનું ભારણ, બીમારી સહિતના અંગત કારણોસર રાજીનામાં મૂકી દીધા છે બાગ બગીચા વિભાગના નિરંજન ભટ્ટ, લાયબ્રેરી વિભાગના લાખુભા ઝાલા, વ્યવસાય વેરા વિભાગના જગદીશભાઈ સોલંકી, પાણી પુરવઠા વિભાગના હર્ષદભાઈ કંસારા અને ટ્રાન્સપોર્ટ વિભાગના હિતેષ દવેએ મ્યુનીસીપલ કમિશ્નરને રાજીનામાં પત્ર સોપ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે

મોરબીને મહાપાલિકાનો દરજ્જો મળ્યો તે પૂર્વે નગરપાલિકામાં મહેકમ કરતા પણ ઓછા કર્મચારીઓથી કામ ચાલતું હતું અને એક કર્મચારી પર બે થી ત્રણ વિભાગની જવાબદારીનું ભારણ આપી દેવામાં આવ્યું હતું અને હવે મહાપાલિકા બનતા કામગીરીમાં વધારો થશે તે સ્વાભાવિક છે વિસ્તાર વધતા કામગીરી વધશે ત્યારે સ્ટાફ ઓછો અને કામગીરી વધુ હોય તેવી સ્થિતિમાં કામગીરીના બોજ તળે કર્મચારીઓ દબાઈ ગયા હોવાની ચર્ચા જોવા મળી રહી છે અને પાંચ કર્મચારીઓએ રાજીનામાં ધરી દીધા છે જે કર્મચારીઓ હાલ અંગત અને પારિવારિક કારણોસર રાજીનામું આપ્યાનું કહી રહ્યા છે અને કર્મચારીઓએ રાજીનામાં આપ્યાનું મહાપાલિકાના ડેપ્યુટી કમિશ્નરે પણ સ્વીકાર કર્યો હતો જોકે રાજીનામાંનો સ્વીકાર કરવો કે ના કરવો તે મ્યુનીસીપલ કમિશ્નરના હાથમાં છે તેઓ હવે રાજીનામાંની માંગ સ્વીકારે છે કે નહિ તે જોવાનું રહ્યું

# તળાજાના કૂંઢેલી ગામે ઠાકર દુવારા ખાતે જ્યોત દર્શન સાથે પાટોત્સવ યોજાશે

(હરેશ જોશી દ્વારા) કુંઢેલી તા.૨૯:



તળાજા તાલુકાના કૂંઢેલી ગામે આવેલા પુરાણ પ્રસિદ્ધ અને દેવાયત પંડિત તથા સતિ દેવલદે ના કરકમલો દ્વારા સ્થાપિત ૫૦૦ વર્ષ પુરાણા ઠાકર દુવારાનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. પ્રતિવર્ષ મહા સુદ બીજના રોજ સમસ્ત માલધારી સમાજ તથા ગામ લોકો દ્વારા અહી પાટોત્સવ ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવે છે.તા.૩૧, જાન્યુઆરી ને શુક્રવારના પાટોત્સવ નિમિત્તેના ધાર્મિક કાર્યક્રમો મુજબ સંધ્યા આરતી સાથે પંચમુખી જ્યોતના દર્શનનો લાભ શ્રદ્ધાળુઓને મળશે. ઉપરાંત જાહેર સંતવાણી યોજાશે. સાંજના મહાપ્રસાદ વિતરણ કરવામાં આવશે. જ્યોત દર્શન, સંતવાણી, મહાપ્રસાદ ભોજનનો સૌને લાભ લેવા માલધારી સમાજ, મહંતશ્રી છગન ભગત તેમજ સમસ્ત ભગત પરિવાર દ્વારા જણાવાયું છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા વિવાદ

# ICCના CEO જ્યોફ અલાર્ડિસે અચાનક રાજીનામું કેમ ધર્યું?

મુંબઈ, તા.૨૯

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) માં માથાકૂટ થઈ હોવાના અહેવાલ છે. ICCએ પુષ્ટી કરી છે કે જ્યોફ અલાર્ડિસે મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) પદેથી રાજીનામું આપી દીધું છે. જોકે ચેમ્પિયન્સ ટ્રોફીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે તેમના રાજીનામાએ અનેક ચર્ચાઓને વેગ આપ્યો છે. જ્યોફ અલાર્ડિસ 2012માં ICCમાં જનરલ મેનેજર તરીકે જોડાયા હતા. તેમને નવેમ્બર 2021માં ICC CEO બનાવાયા હતા. તેના પહેલા જ્યોફ આઠ મહિના સુધી કાર્યવાહક CEO તરીકે ફરજ બજાવી ચૂક્યા હતા. જોકે રાજીનામું આપતાં જ તેમણે એક નિવેદન જાહેર કર્યુ જેમાં કહ્યું કે ICCમાં અમે જે પરિણામો મેળવ્યા તે અવિશ્વસનીય છે અને મને તેના પર ગર્વ છે.

મારું માનવું છે કે મારા માટે પદ છોડવું અને નવા પડકારોનો સામનો કરવાનો આ યોગ્ય સમય છે. જ્યોફ અલાર્ડિસનું આઈસીસીના સીઈઓ પદથી અચાનક રાજીનામું આપવાનું કોઈ ચોક્કસ કારણ તો હજુ સામે આવ્યું નથી પણ એવું મનાય છે કે ગત વર્ષે વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં યોજાયેલા T20I વર્લ્ડકપમાં ભ્રષ્ટાચાર અને હવે ચેમ્પિયન્સ ટ્રોફી અંગે બોર્ડના સભ્યો સમક્ષ સ્પષ્ટ ચિત્ર રજૂ ન કરી શકવાને કારણે તેમણે પોતાનું પદ છોડી દીધું છે. ચેમ્પિયન્સ ટ્રોફીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પાકિસ્તાન હજુ સુધી સ્ટેડિયમ નિર્માણકાર્ય પૂર્ણ કરી શક્યું નથી. આઈસીસીએ અલાર્ડિસને ચેમ્પિયન્સ ટ્રોફી અંગે રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું જે તે રજૂ કરી શકયતા નહોતા. જય શાહ આઈસીસીના ચેરમેન બનતાં જ અલાર્ડિસ ઉપર દબાણ વધી ગયું હતું.

# રાજકોટ : જ્ઞાનદીપ વિદ્યાલય ખાતે ટ્રાફીક સપ્તાહ એવરનેસ કાર્યક્રમ સંપન્ન



રાજકોટ, તા.૨૯

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય અંતર્ગત ચાલતા નેહરૂ યુવા કેન્દ્ર રાજકોટ દ્વારા ટ્રાફિક સપ્તાહ અવેરનેસ કોમ્પિયન ઝુંબેશ કાર્યક્રમ નહેરૂ યુવા કેન્દ્રના શિખર રસ્તોગી અને રાજુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ તેમજ કિશોરસિંહ ચાવડા જ્ઞાનદીપ વિદ્યાલયના પ્રિન્સિપાલના સાનિધ્યમાં સફળતાપૂર્વક યોજાયો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માર્ગ સલામતી અને ટ્રાફીક નિયમો વિશે વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો હતો.

ટ્રાફીક સપ્તાહ એવરનેસ સમાપન કાર્યક્રમમાં નહેરૂ યુવા કેન્દ્રના સરકાર નિયુક્ત કમિટી મેમ્બર અને ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મલ, વોર્ડ-૧ ના પ્રમુખ જયરાજસિંહ જાડેજા, રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના અગ્રણી રાજન સિંધવ અને નરેન્દ્રસિંહ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રાફીક સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત દરરોજ અલગ અલગ કાર્યક્રમો જેમાં જ્ઞાનદીપ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શીતલપાર્ક ૧૫૦ ફૂટ રીંગ રોડ સુધી રેલી યોજી હતી. ડોર ટુ ડોર પેમ્પ્લેટ વિતરણ, અલગ અલગ વિસ્તારોમાં નાટકો દ્વારા જાગૃતિ અભિયાન રાખવામાં આવેલ.આ સાપ્તાહિક અલગ અલગ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આરટીઓના અધિકારી કેતન ખાપડ, વિક્રમ પુજારા ચેરમેન રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જે.વી.શાહ આરટીઓ ઉપસ્થિત રહી સ્કૂલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ.

# ખંભાળીયા : મહિલાના નામનો બોગસ દાખલો કાઢી આપવાના કેસમાં તત્કાલીન આચાર્યના જામીન મંજુર

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૯

દેવભૂમી દ્વારકા જીલ્લાના ખંભાળીયા તાલુકાના મૂળ સોડસલા ગામના વતની ફરીયાદી જોસના પૂંજાણીના પિતાની જમીન તેણીના પિતાના મરણ બાદ તેની વારસાઈ નોંધ તેમના છ સંતાનોના નામે ચડાવવામાં આવી હતી. બાદમાં આરોપી અશોક અને કીશોરચંદ્ર દ્વારા વારસાઈ હક્ક ઉઠાવવાની નોંધ કરાવી હતી. જેમાં જોષનાબેન કયારેય શાળામાં ભણેલ ન હોવા છતા તેમની સહી કરી હક્ક ઉઠાવી લેવામાં આવેલ હતો. આ પ્રકરણમાં સોડસલા પ્રાથમીક શાળાના જે તે સમયના આચાર્ય નટવરલાલ દ્વારા તેણી કયારેય શાળામાં ગયા ન હોવા છતા તેણીનો ધોરણ-૪નો દાખલો કાઢી આપેલ હતો.

આ સબબની સલાયા મરીન પોલીસમાં વિવિધ કલમો મુજબ ફરીયાદ થઈ હતી અને આરોપીની અટકાયત કરવામાં આવી હતી જે અંગે જે તે સમયના આ આચાર્યએ આગોતરા જામીન માટે અરજી કરી હતી જે રદ થઈ છે.

# રાજકોટ અમીનમાર્ગ પરના પટેલ્સ જીમમાં વેપારી પર બુટલેગર પુત્રનો હુમલો

## બાયસેફ મારવા મામલે મારમારી ધમકી આપી, વેપારીને સારવારમાં ખસેડાયો

રાજકોટ. તા.૨૯:

શહેરના અમીનમાર્ગ પર આવેલ પટેલ્સ જીમમાં ફરીવાર બખેડો થયો હતો અને જીમમાં બાયસેફ મારવા મામલે વેપારી યુવાન પર લિસ્ટેડ બુટલેગર યાકુબ મોટાણીના પુત્રસહિતના બે શખ્સોએ હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં માલવીયાનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે રૈયા ટેલિફોન એક્સચેન્જ પાછળ હરીનગર શેરી નં.૩ માં રહેતાં ધર્મીનભાઇ અમીતભાઈ માનસેતા (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સુલતાન જુણેજા અને મોહીન મોટાણીનું નામ આપતા માલવીયનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કુવાડવા રોડ પર આશાપુરા ઓટો નામથી ઓટો પાર્ટસની દુકાન ચલાવે છે. ગઈકાલે સાંજના છએક વાગ્યાના અરસામા તે અમીન માર્ગ મેઈન રોડ પર આવેલ પટેલ્સ જીમમા વર્ક આઉટ કરતો હતો ત્યારે બાજુમાં એક વ્યકતી વર્ક આઉટ કરતો હોય જેથી તે વ્યકતીએ કહેલ કે, મારે ચેસ્ટ મારવા છે, જેથી તેને કહેલ કે, તું થોડી વાર થોભી જા, તે દરમ્યાન તે શખ્સ યુવાનના હાથમાથી સેટ લઇ પોતે સટ મારવા લાગેલ હતો.

જેથી યુવાને તે શખ્સને રોકેલ અને કહેલ કે, મને મારા સેટ પુરા કરવા દે તેમ કહેતા તે શખ્સ ઉશ્કેરાઈ ગયેલ અને યુવાન સાઇડમા ઉભો હતો ત્યારે ધસી આવી અને કહેવા લાગેલ કે, તને કોઈની હવા છે, કહીં બેફામ ગાળો દેવા લાગેલ અને દરમ્યાન ઝઘડો કરનાર શખ્સનો એક મિત્ર આવી ગયેલ અને બન્ને ગાળો દેવા લાગેલ અને આડેધડ ફડાકા તથા ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતાં. ઝઘડો કરવનાર શખ્સોમાંથી એકનું નામ સુલ્તાન જુણેજા અને બીજાનુ નામ મોહીન મોટાણી હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી., બંને શખ્સમાંથી એક શખ્સે હું બજરંગવાડીનો મોહસીન મોટાણી છું, તેમ કહીં મારમાર્યો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, હુમલો કરનાર મોહીન મોટાણી કુખ્યાત બુટલેગર યાકુબ મોટાણી અને નામચીન બીલકીઝ મોટાણીનો પુત્ર હોવાનું સામે આવ્યું છે.

### લાઈનમેનના મોતના મામલે નવો ઘટસ્ફોટ

# રાજકોટ આર વર્લ્ડ સિનેમાના જનરેટરનો પાવર રિટર્ન થતાં વીજશોક લાગ્યો

## પીજીવીસીએલની ટીમ હરકતમાં, સિનેમા અને રેસ્ટોરન્ટનો પાવર કટ કરી નાંખી તપાસ આદરી, ગુનો નોંધવા તજવીજ

રાજકોટ. તા.૨૯:

શહેરના સદર બજારમાં લાઈનમેનના મોતના મામલે નવો ઘટસ્ફોટ થયો હતો. જેમાં પીજીવીસીએલની પ્રાથમિક તપાસમાં આર વર્લ્ડ સિનેમાના જનરેટરનો પાવર રિટર્ન થતાં કરંટ લાગ્યો હોવાનું સામે આવતાં સીનેમા અને ત્યાં આવેલ રેસ્ટોરન્ટનો પાવર કટ કરી નાંખ્યો હતો. તેમજ પીજીવીસીએલની ટીમ સાંજ સુધીમાં રિપોર્ટ રજૂ કરી ફરીયાદ નોંધવા તજવીજ હાથ ધરસે તેવું પીજીવીસીએલ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. પોપટપરામાં આવેલ રઘુનંદન સોસાયટીમાં રહેતાં નરેન્દ્રભાઈ ગોવિંદભાઇ જાદવ (ઉ.વ.૪૧) પીજીવીસીએલમાં હેલ્પર તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓની ફરજ ૬૬ કેવી સદર બજારમાં હોય છે. રાત્રીના સમયે સદર બજારમાં વિજ ફોલ્ટ આવતાં તેઓ ટીમ સાથે સદર બજારમાં આવેલ ભારત ફૂટની સામે આવેલ ટીસી પર પહોંચ્યા હતાં અને લાઈનનો વિજ પાવર કટ કરી તેઓ ટીસી પર ફોલ્ટ રીપેર કરવાં માટે ચડ્યા હતાં. દરમિયાન રાત્રીના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ તેઓ રીપેરીંગ કામ કરી રહ્યાં હતાં ત્યારે અચાનક વિજ પાવર શરૂ થતાં તેઓને જોરદાર વિજ કરંટ લાગ્યો હતો અને ત્યાં જ વિજ તાર સાથે ચોંટી ગયાં હતાં.ઘટનાસ્થળે હાજર અન્ય સ્ટાફે તાત્કાલિક પાવર બંધ કરાવી નરેન્દ્રભાઈને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવારમાં પ્રથમ ગિરિરાજ હોસ્પિટલ અને બાદમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. મૃતક નરેન્દ્રભાઈ છેલ્લા આઠ વર્ષથી પીજીવીસીએલમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા હતાં. બનાવથી પરિવારે એકનો એક પુત્ર અને બે સંતાને પિતાની છત્રછાયા ગુમાવતાં કાળો કલ્પાંત છવાયો હતો.ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ પીજીવીસીએલની ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો. જે મામલે પીજીવીસીએલ ડિવિઝન-૨ ના કાર્યપાલક ઇજનેરે જણાવ્યું હતું કે, ગઈકાલે લાઈનમેનના મોત મામલે તપાસ કરતાં પ્રાથમિક દ્રષ્ટિએ આર વર્લ્ડ સિનેમાનું લાઈટ કટ હોય ત્યારે ચાલું થતાં તેનો પાવર રિટર્ન મેઈન લાઈનમાં થયો હતો.જેના કારણે લાઈનમેન નરેન્દ્રભાઈને કરંટ લાગતાં મોત નીપજ્યું હતું. જેથી જ સિનેમા અને ત્યાં આવેલ રેસ્ટોરન્ટનું વિજ કનેક્શન કાપી નાંખવામાં આવ્યું હતું અને હાલ એમઆરઆઈ રિપોર્ટના આધારે તપાસ કરવામાં આવી રહી છે અને ફરીયાદ નોંધવા તજવીજ હાથ ધરવામાં આવશે.

# મનપા દ્વારા ૪ બાકીદારોની મિલ્કત સીલ : રૂા.૩૫.૩૮ લાખની રીકવરી

રાજકોટ, તા.૨૯

રાજકોટ મનપાના કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ૪-મિલ્કતોને સીલ મારેલ તથા ૧૦-મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા તથા ૩-યુનિટની નોટીસ સામે રીકવરી થયેલ તથા ૧-નળ કનેકશન કપાત થતા રીકવરી થયેલ, ૪-નળ કનેકશન કપાત કટ કર્યા હતા. જેમાં રૂા.૩૫.૩૮ લાખની રીકવરી કરાઈ હતી.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર, તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી

# સંગીતમ દ્વારા રાજકોટના આંગણે બાળ કલાકારોએ છેડયા શાસ્ત્રીય સંગીતના સૂર

## સંગીત ઈશ્વર સુધી પહોંચવાનુ માધ્યમ બની શકે : ધારાસભ્ય દર્શિતાબેન

રાજકોટ, તા.૨૯



રાજકોટના આંગણે પ્રજાસત્તાક પર્વે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી સંગીતમય સંસ્થા દ્વારા શાસ્ત્રીય નૃત્ય સાથેનો બાળ શાસ્ત્રીય સંગીત મહોત્સવ-૨૦૨૫ તા.૨૬ ને રવિવારે સાંજે પાંચ કલાકે રાજકોટ એન્જીનિયરીંગ ઓડીટોરિયમ ખાતે યોજાયો હતો.

૬૨ થી વધુ બાળ કલાકારો દ્વારા શાસ્ત્રીય ગાયન-વાદન અને નૃત્યની પ્રસ્તુતિના ત્રિવેણી સંગમ રૂપ કાર્યક્રમનુ ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, અર્જુનલાલ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસના પ્રિન્સીપાલ ડો.ભારતી હિરાણી, ડો.તર્જની હિરાણી, કથ્થક વિભાગના પ્રો.ડો.જુલી અનડકટ, બાળ કલાકારો તથા સંગીતમય સંસ્થાના રોશની પંડયાના વરદ હસ્તે દિપ પ્રાગટય દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતુ.

સંગીતમ સંસ્થાના બાળ કલાકારો દ્વારા રાગ કલ્યાણ બડાખ્યાલ તથા રાગ માલકાંસમાં નટરાજ સ્તુતિમાં કથ્થક નૃત્ય, તબલા-વાદન તેમજ ગુજરાત સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા તાજેતરમાં યોજાયેલ કલા મહાકુંભની કથ્થક સ્પર્ધામાં શહેરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર કૃપા પંડયાના નૃત્ય નાગેન્દ્ર હારાયાની પ્રસ્તુતિએ શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા હતા.

જ્યારે ધ્રુતિ પરમાર અને કૃપા પંડયાએ નૃત, તરાના, ઠુમરી જેવા શાસ્ત્રી કથ્થક નૃત્યો રજુ કર્યા હતા. બાળકો દ્વારા ગાયન-વાદન કે નૃત્યની દરેક પ્રસ્તુતિઓમાં વિશાળ જનસમુદાયની તાલીઓના ગળગળાટની ઓડીટોરિયમ ગુંજી ઉઠયું હતુ.

આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે શાસ્ત્રીય ગાયન-વાદન અને નૃત્યના ત્રિવેણી સંગમ રૂપ કાર્યક્રમ યોજવા માટે સંગીતમ સંસ્થાને બિરદાવતા જણાવ્યું હતુ કે મેં પણ કથ્થક નૃત્યમાં વિશારદ કર્યું છે.

તેઓએ ગાયન-વાદન અને નૃત્યના તમામ બાળ કલાકારોએ બિરદાવ્યા હતા. પત્રકાર હરેશભાઈ સિંઘોઈ, પ્રો.ડો.જયભાઈ સેવક, પ્રેસ ફોટોગ્રાફર શૈલેશભાઈ વાડોલીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખ રોશની પંડયાએ બાળ કલાકારોને ખેસ પહેરાવી સન્માનિત કર્યા હતા. સંચાલક અશોક પંડયા દ્વારા પ્રારંભે મહાનુભાવો, શ્રોતાઓ તેમજ બાળ કલાકારોનુ શાબ્દીક સ્વાગત, આવકાર તથા કાર્યક્રમના અંતે આભાર દર્શન કરાયુ હતુ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.જુલીબેન અનડકટ દ્વારા કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમને સફળ બનાવવા સંગીતમ સંસ્થાના સભ્યો સહિત ગોંડલના ઉમંગ ધોણિયા, ડો.દુલારી માંકડ, હાર્દિક કાનાણી, પ્રજ્ઞાબેન પંડયા, યશભાઈ પંડયા, શ્યામ ગોંડલીયા, ઝંખના અનંત, મિલન સેંગરા, ભરત ગઢવી, રવિ ખંભાયતા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

### સૌરાષ્ટ્ર યુનિ.બોર્ડ ઓફ ડીન્સની બેઠકમાં નિર્ણય

# નેકનું એક્રેડીટેશન હશે તેવી કોલેજને જ નવા અભ્યાસક્રમ શરૂ કરવા મંજુરી

રાજકોટ, તા.૨૯

ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ ૨૦૨૩ અને ગુજરાત પબ્લિક યુનિવર્સિટી સ્ટેચ્યુટ-૨૦૨૪ અંતર્ગત અસ્તિત્વમાં આવેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ ડીન્સની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ જે કોલેજોમાં નેકનું એક્રેડીટેશન હશે તેવી કોલેજને જ નવા અભ્યાસક્રમો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવશે.

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કમિટી નેકનુ એક્રેડીટિશન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજોએ કરાવવુ જોઈએ એવી અગાઉ અનેક વખત સૂચના આપવામાં આવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનએ પણ આ બાબતમાં ભાર મૂકયો છે. પરંતુ આમ છતા હજુ સુધી તેને યોગ્ય પ્રતિસાદ ન મળતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બોર્ડ ઓફ ડિન્સની બેઠકે આ મામલે આકરો નિર્ણય લઈને સ્ટેચ્યુટ ૨૭૫(૬) મુજબ નેક એક્રેડીટેશન હોય તેવી કોલેજોમાં જ નવા અભ્યાસક્રમને મંજૂરી મળશે તેવુ જાહેર કરતા અનેક કોલેજો હવે દિશામાં આગળ આવે અને નેકનું એક્રેડીટેશન કરાવે તેવી શકયતા વધી ગઈ છે.

આવા જ બીજા એક મહત્વના નિર્ણયમાં રાષ્ટ્રીય કાઉન્સિલ વાળા તમામ અભ્યાસક્રમોમાં નવા કોર્ષની મંજૂરી પૂર્વે કાઉન્સિલની મંજૂરી ફરજિયાત બનાવવામાં આવી છે. કોલેજોએ કાઉન્સિલના અભ્યાસક્રમો માટે પ્રમાણપત્ર આપ્યાની બહાલીની અપેક્ષાએ આવા અભ્યાસક્રમોને મંજૂરી આપવામાં આવી છે. પરંતુ જો નેશનલ કાઉન્સિલનું પ્રમાણપત્ર નહીં હોય તો ભવિષ્યમાં એડમિશન, એનરોલમેન્ટ અને એકઝામ સહિતના અનેક પ્રશ્નો સર્જાવવાની શકયતા છે.

# અરવિંદ મણિયાર ટ્રસ્ટ દ્વારા શનિવારે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ

રાજકોટ, તા.૨૯

અરવિંદભાઈ મણીયાર જનકલ્યાણ ટ્રસ્ટના માધ્યમથી તા.૧લી ફેબ્રુઆરી શનિવારે સવારે ૯ થી ૧ દરમિયાન હોટલ પેટ્રીયા સ્યુટમ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે તદન ફ્રી નિઃશુલ્ક આલિંગ્સ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં દાંતના સેગોની સારવાર દંતવૈધ ભરત વ્યાસ પૌરાણિક જલંધરબંધ યોગપદ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનુ નિદાન અને સારવાર કરવામાં આવશે. પ્રાણીક હિલિંગ થેરાપી દ્વારા મહેન્દ્ર સારવાર આપશે. આ ઉપરાંત ડો.મહેશ ચાવડા સુજોક થેરાપી દ્વારા સાંધાના દુઃખાવા અને સ્નાયુના દુખાવા, હાથના પંજામાં ચોક્કસ જગ્યા દબાણ આપી શરીરના દુખાવા દૂર કરી શકાય આ ઉપરાંત જેતપુર વાળા અચિન પટેલ અને પર્મિષ્ઠ પટેલ હાડવૈધ સેવા આપશે. આ કેમ્પમાં તેનુ નિદાન અને બાળ રોગોને અટકાવવાના તેમજ જેમને આ રોગ નથી એમને પણ નિદાન કરીને ભવિષ્યમાં ખાવા રોગો ન થાય તેવી કાળજી અને સાવચેતી અંગેનુ માર્ગદર્શન અને સારવાર સેલસ બેસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત તેજગરમી કે ચામડીના રોગો માટે અકસીર ઈલાજ કાંસ્યથેરાપી મનસુખ સરવૈયા દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત પ્રવિણ લાખાણી અને પ્રતિભા પટેલ દ્વારા એડવાન્સ ટેકનોલોજી સિસ્ટમની થેરાપી દ્વારા સાંધાના દુખાવા અને સ્નાયુના દુખાવાની સારવાર કરી આપવામાં આવશે. ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્સનાલિટી જેવી મેન્ટલને લગતી બાબતોના નિદાન માટે કર્તવી ભટ્ટ સેવા આપશે.

આ કેમ્પનો લાભ લોકો બહોળી સંખ્યામાં લે તેમ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તેમજ ટ્રસ્ટી મંડળ અને ટ્રસ્ટના કાર્યકર્તાઓએ અપીલ કરી છે. આ નિઃશુલ્ક કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ સાથે ટ્રસ્ટના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે, કેમ્પ હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ યોજાશે.

# મનપા દ્વારા કાલાવડ રોડ પર પાર્ટી પ્લોટ બનાવવાના ચક્રો ગતિમાન

રાજકોટ, તા.૨૯

મહાપાલિકાએ ચાલુ વર્ષના અંદાજપત્રમાં રાખેલી પાર્ટી પ્લોટની યોજના અંતે કાગળમાંથી બહાર આવી છે. વોર્ડ નં.૧૧ માં કાલાવડ રોડ પર તાલુકા પોલીસ મથક સામેના રસ્તે ગ્રેસ કોલેજ પાસે રાજકોટનો પ્રથમ પાર્ટી પ્લોટ બનાવવા મનપાએ ટેન્ડર પ્રક્રિયા કરી છે અને કમિશ્નરે આ અંગેની દરખાસ્ત કાલે મળનારી સ્ટે.કમીટીમાં મોકલી છે.

ભુતકાળમાં ઘણી વખત ભાજપ શાસકો અને કમિશ્નર પાર્ટી પ્લોટના આયોજન કરતા રહ્યા છે. પરંતુ આ વખતે પાર્ટી પ્લોટનુ આયોજન સાકાર થાય તેમ છે. કાલાવડ રોડ પર તાલુકા પોલીસ મથક સામે ગ્રેસ કોલેજ બાજુમાં ટીપી નંબર ૧૦ માં ફાઈનલ પ્લોટ નં.૭૩-બી ઓવલો છે. અહીં ૧૧૦૩૬ ચો.મી.માં ૫૫૦૦ ચો.મી. જગ્યામાં પાર્કિંગ, વરવધુ રૂમ, સ્ટેજ, રસોડુ, બાથરૂમ, લોન એરીયા સહિતની સુવિધા સાથે પ્લોટ ડેવલપ કરવા ૨.૪૫ કરોડનુ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતુ. જેમાં સાત એજન્સીની ઓફર આવી હતી. આ પૈકી હાઈબોન્ડ ઈન્ફ્રા.કંપની દ્વારા ૧૮ ટકા ઓછા ભાવથી કામ કરવાની ઓફર આપવામાં આવતા ૧.૭૦ કરોડનો કામનો ખર્ચ અને ૩૦ લાખ જીએસટી મળી બે કરોડના ખર્ચે કામ કરાવવા દરખાસ્ત મોકલવામાં આવી છે. રાજકોટમાં મહાપાલિકાના અનેક લગ્ન હોલ અને મોટી સુવિધા સાથેના ઓડીટોરીયમ છે. પરંતુ પાર્ટી પ્લોટ પ્રથમ આકાર લેશે. અનેક કારણોથી પાર્ટી પ્લોટ માત્ર બજેટ પુરતા રહેતા હતા. પરંતુ હવે રાજકોટના લોકોને પ્રથમ પાર્ટી કોર્પો. તરફથી મળશે આ કામથી અર્ધો લાખ લોકોને ફાયદો થશે.

# અવસાન નોંધઃ

મોરબી કાંતાબેન હરજીભાઈ રાજપરા(ઉ.વ.૮૨) તેઓ ધનશ્યામભાઈ હરજીભાઈ રાજપરાના માતા અને જય ધનશ્યામભાઈ રાજપરાના દાદીનું તારીખ ૨૮/૦૧/૨૦૨૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સદગતનું બેસણું તારીખ ૩૧-૦૧-૨૦૨૫ ને શુક્રવારે સવારે ૮ થી ૧૦ કલાકે હરિદ્વાર એપાર્ટમેન્ટ, વૃંદાવન પાર્ક, ફ્લોરા હોમ્સની સામે, મહેન્દ્રસિંહજી રોડ, મોરબી-૨ ખાતે તેમજ ઈશ્વરનગર ગામે રાત્રે ૭૩૦ થી ૯ કલાકે પ્રભુભાઈ ગંગારામભાઈ રાજપરાના નિવાસસ્થાને રાખેલ છે

# મોરબી પોલીસે પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ બે ઇસમોને પાસા તળે જેલ ધકેલ્યા

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૨૯:

મોરબી સીટી બી ડીવીઝન પોલીસે પ્રોહીબીશન ગુનામાં સંડોવાયેલ બે ઇસમોને પાસા હેઠળ ડીટેઈન કરી અમદાવાદ અને સુરત જેલહવાલે કર્યા છે મોરબી સીટી બી ડીવીઝન પોલીસ દ્વારા પ્રોહીબીશન ગુનામાં સંડોવાયેલ બે ઈસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટ મોરબીને મોકલતા પાસા વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા જેને પગલે બી ડીવીઝન પોલીસે આરોપી મયુર બટુકભાઈ વાઘેલા (ઉ.વ.૩૭) રહે મોરબી ૨ વેજીટેબલ રોડ અને અંકિત અરુણભાઈ રાઠોડ (ઉ.વ.૩૩) રહે શ્રદ્ધા પાર્ક શેરી નં ૦૪ વિસીપરા મોરબી એમ બે ઈસમોને પાસા એક્ટ હેઠળ ડીટેઈન કરી અમદાવાદ અને સુરત લાજપોર જેલ મોકલી આપ્યા છે

**દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ**

ત્રાજપરમાં રહેતા ઇસમના રહેણાંક મકાનમાં રેડ કરી એલસીબી ટીમે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લઈને ૪૪,૭૦૦ ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી લઈને વધુ તપાસ ચલાવી છે મોરબી એલસીબી ટીમે બાતમીને આધારે ત્રાજપરમાં રહેતા રમેશભાઈ ઉર્ફે ધારો ગોપાલભાઈ ટીડાણીના મકાનમાં રેડ કરી હતી જ્યાં સ્થળ પરથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી પોલીસે સ્થળ પરથી ઠંડો આથો ૨૦૦ લીટર ૫૦૦૦, દેશી દારૂ ૧૮૦ લીટર કીમત રૂ ૩૬,૦૦૦ અને ભઠ્ઠીના સાધનો સહીત કુલ રૂ ૪૪,૭૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી રમેશ ટીડાણીને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

**દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ, એક ઝડપાયો-મહિલા આરોપીનું નામ ખુલ્યું**

ત્રાજપર ગામે ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લઈને એલસીબી ટીમે સ્થળ પરથી ભઠ્ઠીના સાધનો અને આથો તેમજ દેશી દારૂ સહીત ૯૫,૧૦૦ નો મુદામાલ જપ્ત કરી એક આરોપીને ઝડપી લીધો છે મોરબી એલસીબી ટીમે બાતમીને આધારે ત્રાજપર ગામે અવાળા પાસે રેડ કરી હતી જ્યાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લઈને સ્થળ પરથી ગરમ આથો ૩૦૦ લીટર કીમત રૂ ૭૫૦૦, ઠંડો આથો ૧૫૦૦ લીટર કીમત રૂ ૩૭,૫૦૦ દેશી દારૂ ૨૩૦ લીટર કીમત રૂ ૪૬ હજાર અને ભઠ્ઠીના સાધનો સહીત કુલ રૂ ૯૫,૧૦૦ નો મુદામાલ જપ્ત કરી આરોપી કિશન છગન પનારા રહે ત્રાજપર શેરી નં ૧ વાળાને ઝડપી લીધો છે અન્ય આરોપી સવિતાબેન છગનભાઈ પનારા રહે ત્રાજપર વાળાનું નામ ખુલતા સીટી બી ડીવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

**સમાધાન બાદ મારામારી કરી ધમકી**

વઘાસીયા જીઆઈડીસી નજીક રીક્ષાનો કાચ તૂટી ગયો હતો જે બાબતે સમાધાન થયા બાદ ત્રણ ઇસમોએ યુવાનને ગાળો અપાઈ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે વાંકાનેરના અમરસર ગામે રહેતા જીતેષ શામજીભાઈ ચાવડા (ઉ.વ.૩૨) નામના યુવાને આરોપીઓ દશરથ મૈસુર ગમારા, રમેશ પરબત ગમારા અને કમલેશ ગાંડું ગમારા રહે બધા અમરસર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે સાગરભાઈ ગમારાની રીક્ષાનો કાચ તૂટી ગયો હતો

# પોરબંદરમાં શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચર્યું

**પોરબંદર,તા.૨૯**

**પોરબંદરના મંડેર ગામે શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી છે. વિદ્યાર્થીનીએ પરિવારને જાણ કરતાં સમગ્ર મામલો સામે આવ્યો છે. શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. પોરબંદર જીલ્લાના મંડેર ગામે સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વિપુલ ગોહેલ નામના શિક્ષકે ૧૩ વર્ષની વિદ્યાર્થીની સાથે અડપલાં કર્યા હોવાનું પરિવારને જાણ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પરિવારના લોકોએ માધવપુર પોલીસ સ્ટેશનમાં શિક્ષક સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસ સ્ટેશનમાં ૬૪(૨) ૩૫૧(૩) ૪.૬.૮ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.**

# રાજકોટ: ૧૧ વર્ષના કિશોરનું હૃદયરોગના હુમલાથી મોત

**રાજકોટ,તા.૨૯**

**રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાંથી એક દુ:ખદ ઘટના પ્રકાશમાં આવી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, જસદણ તાલુકાના જંગવડ ગામમાં ૧૧ વર્ષના બાળકને હાર્ટ એટેક આવ્યો હતો. બાળકનું મૃત્યુ હૃદયરોગના હુમલાને કારણે થયું.**

**જંગવડ ગામમાં પાંચમા ધોરણમાં ભણતા બાળકને અચાનક છાતીમાં દુખાવો થયો. દુખાવો વધવાથી માસૂમ બાળક બેભાન થઈ ગયું. પરિવારના સભ્યો તાત્કાલિક બાળકને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા.**

**માસૂમની ઓળખ હેતાશ રશ્મિકાંત દવે તરીકે થઈ છે. ૧૧ વર્ષનો આ છોકરો જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં મહાકુંભ તાલુકા કક્ષાએ રમ્યો હતો. બાળકના મૃત્યુથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.**

**અગાઉ, ૧૧ વર્ષની બાળકીનું હાર્ટએટેકથી મોત થયાના બનાવના સમાચાર સામે આવ્યા હતા. અમદાવાદની શાળામાં બાળકી અચાનક ઢળી પડતાં તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પરંતુ સારવાર મળે તે પહેલા જ બાળકીનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક કિસ્સામાં શાહીબાગમાં રાજસ્થાન વિદ્યાલયમાં અભ્યાસ કરતા બાળકનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હતું.**

# રાજકોટ: હડાળા ગામે મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## મીલપરાના એપાર્ટમેન્ટમાં નેપાળી યુવાને ફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું

રાજકોટ તા.૨૯:

સિવિલ હોસ્પિટલ માં અપમૃત્યુના ત્રણ બનાવો નોંધાયા છે જેમાં યુવાન અને મહિલાએ આપઘાત કરી છે. જ્યારે નાકરાવાડી ગામે વીજશોક લાગતા યુવકનું મોત નિપજ્યું છે. જેમા હડાળા ગામ પાસે વિજયનગર ખાતે રહેતી મહિલાએ અગમ્ય કારણસર અને કાન્તા સ્ત્રી વિકાસ ગુરુ પાસે યુવાને ગળાફાસો ખાય જીવન ટુંકાવી લેતા પરિવારમાં શોકનો મોજુ ફેલાયું છે. વધુ શહેરના કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ પાસે બિલ પરા શેરી નંબર ૨૬ માં આવેલા તપોવન એપાર્ટમેન્ટમાં રહેતો ડમરભાઈ લોહાર નામનો નેપાળી યુવાને ગળાફાંસો ખાઈ લીધાની જાણો ૧૦૮ ને થતા દોડી આવી હતી અને એએમટી અલ્પેશભાઈએ ડમરભાઈ ને મૃત જાહેર કર્યા હતા બાદ આ બનાવની જાણ ભક્તિનગર પોલીસ મથકના સ્ટાફને થતા હેડ કોન્સ્ટેબલ પીએમ ગોહિલ સહિતનું સ્ટાફ દોડી જય ડમરભાઈ ના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડી આપઘાતનું કારણ જાણવા તપાસ નો ધમધમાટ આદર્યો છે.

જ્યારે શહેરના મોરબી રોડ પર આવેલા હડાળા ગામ નજીક વિજયનગર બે માળિયા કોટરમાં રહેતા લાભુબેન જયંતીભાઈ ગઢવી નામની ૫૦ સોલ્ય મહિલાએ પોતાના મકાનમાં ગળાફાંસો ખાઈ લીધાની જાણ ૧૦૮ ને થતા દોડી જાય એએમટી પ્રકાશભાઈ વાળાએ લાભુબેન ગઢવીને તપાસી અમૃત જાહેર કર્યા હતા. આ બનાવની જાણ કુવાડવા રોડ પોલીસ મથકના સ્ટાફને તથા હેટ કોન્સ્ટેબલ ડી વી પરમાર સહિતના ટાફે લાભુબેન ગઢવીના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડી અને આપઘાતનું કારણ જાણવા તપાસ આદરી છે.

**વીજ શોક થી માસુમ વિદ્યાર્થીનું મોત**

રાજકોટ તાલુકાના નાકરાવાડી ગામે જતા રહ્યા ભાઈ ફાંગલિયાની વાડીએ રહેતા સુમિતભાઈ શૈલેષભાઈ સોલંકી નામના ૧૮ વર્ષીય યુવાનને વાડી એ વીજ શોક લાગતા બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો ત્યાં સારવાર દરમિયાન સુમિત સોલંકી દમ તોડી દેતા પરિવારમાં શોખ વધુ પરિવાર ખેત મજૂરી કરે છે અને મજૂરી અર્થે ગઈકાલે વાડીએ ગયો ત્યારે યુવક ઈલેક્ટ્રીક શોખ લાગતા મૃત્યુ પછી હતું મૃતક સુમિત ધોરણ ૧૦ માં અભ્યાસ કરતો હતો ત્રણ ભાઈઓમાં મોટો છે. વધુ તપાસ કુવાડવા રોડ પોલીસ ના સ્ટાફે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ શહેર પોલીસના બે સ્થળોએ જુગારના દરોડા

## નવ મહિલા સહિત અગિયાર પત્તા પ્રેમીની રૂ.૫૦ હજારની રોકડ સાથે ધરપકડ

રાજકોટ તા.૨૯:

શહેરના ગોંડલ રોડ પર આવેલા એસ.ટી વર્કશોપ પાછળ આંબેડકર નગરમાં મકાનમાં અને કાળીપાટ ગામે જુગારનો દરોડો પાડી જુગાર રમતી નવ મહિલા સહિત અગિયાર પત્તા પ્રેમીને, રૂ ૫૦ હજારની રોકડ સાથે ઝડપી લીધા છે. વધુ વિગત મુજબ ગોંડલ રોડ પર આવેલા એસટી વર્કશોપ પાછળ આંબેડકર નગર શેરી નંબર માં રહેતી લક્ષ્મીબેન વાલજીભાઈ ગોહિલ નામની મહિલા તેના મકાનમાં જુગારધામ ચલાવી રહી હોવાની બાતમી માલવિયા નગર પોલીસને મળી હતી. પોલીસે મકાનમાં દરોડો પાડી જુગાર રમતી લક્ષ્મીબેન ગોહિલ, આંબેડકર નગરમાં રહેતા સંગીતાબેન વિનેશભાઈ બથવાર, મંજુલાબેન અરજણભાઈ રાઠોડ, ગીતાબેન દિનેશભાઈ પરમાર, નિમુબેન મગનભાઈ સોલંકી અને રાજનગર ચોક, લક્ષ્મી નગરના પ્રભાબેન વસંતભાઈ રાખોલિયા નામની મહિલાઓને રૂ. ૩૭,૫૦૦ની રોકડ સાથે માલવયા નગરની ટીમે ઝડપી લીધી છે. જ્યારે આજી ડેમ પોલીસે કાળીપાટ ગામે રહેતા કિરણબેન ના મકાનમાં ફળિયામાં જુગાર રમતા , કિરણબેન રમેશભાઈ ગોવાણી, કાળીપાટના કાનજી ભગવાનજીભાઈ સરવૈયા, નવાગામના હરેશ વિહાભાઈ પલારીયા , રણુજા મંદિર પાસે તિરુપતિ નગરમાં રહેતા સજનબેન બાળુભાઈ વાળા અને પ્રજ્ઞાબેન વિનોદકુમાર કામાણી નામની મહિલાઓને ઝડપી લઇ રૂ૧૩.૩૦૦ની રોકડ કબ્જે કરી છે.

# પીજીવીસીએલના સજાના હુકમ સામે કર્મચારીએ માંગેલી દાદ મંજૂર કરતી ટ્રીબ્યુનલ

## એક ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાના હુકમ સામે કરેલી અપીલમાં આર્થિક લાભો ચૂકવી આપવા હુકમ

રાજકોટ તા.૨૯:

પી.જી.વી.સી.એલ. ના કર્મચારીનું એક ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાના સજાના હુકમ સામે માંગેલી દાદ ટ્રીબ્યુનલે મંજૂર કરી આર્થિક મળવાપાત્ર તમામ લાભો પણ ચુકવી આપવા કર્મચારીની તરફેણમાં હુકમ કર્યો છે.આ કેસની વિગત મુજબ રાજકોટ ખાતે પી.જી.વી.સી.એલ. માં સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા એચ.પી. જોશીને આક્ષેપો સાથે પ્રથમ શો-કોઝ નોટીસ આપેલી બાદ ચાર્જશીટ આપવામાં આવેલી અને તેમની સામે ખાતાકીય તપાસ નિમવામાં આવી હતી.તપાસનિશ અધિકારીએ કર્મચારી વિરૂધ્ધ આપેલા તારણના અનુસંધાને કર્મચારીના બે ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાની સજા કરવામાં આવી હતી. જે સજા સામે અપીલ કરી હતી. જે અપીલમાં આ કર્મચારીને કરવામાં આવેલી સજાના હુકમમાં ઘટાડો કરી એક ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાની સજા કરવામાં આવી હતી.પી.જી.વી.સી.એલ.ની આ સજાના હુકમ સામે કર્મચારીએ ટ્રીબ્યુનલમાં કેસ દાખલ કરેલ હતો. જે કેસમાં પી.જી.વી.સી.એલ. ને નોટીસ બજતા તેઓ હાજર થયેલા હતા. અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા રજુ કરેલા હતા કર્મચારીના એડવોકેટએ કાયદાકીય મુદ્દાઓ અંગે જુદી-જુદી હાઈકોર્ટના ચુકાદાઓ ટાકી લંબાણ પુર્વક દલીલ કરેલ હતી. જે દલીલોને માન્ય રાખી ટ્રીબ્યુનલએ કર્મચારી એચ.પી. જોશી સામે એક ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરવાનો જે હુકમ કરેલો છે તે હુકમ રદ કરી કર્મચારીને તમામ સંલગ્ન આર્થિક લાભો ચુકવી આપવા અંગેનો મહત્વનો હુકમ પી.જી.વી.સી.એલ. વિરૂધ્ધ ફરમાવેલો છે.આ કામમાં પી.જી.વી.સી.એલ.ના કર્મચારી તરફે રાજકોટના સિનિયર એડવોકેટ જી. આર. ઠાકર ગાર્ગીબેન જી. ઠાકર, મિલનભાઈ દુધાત્રા, કૃપાલ ઠાકર તથા જીંકલ પટેલ રોકાયેલ હતા.

# રાજકોટ: ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની સજા

રાજકોટ તા.૨૯:

ઓઇલ ઇન્ડસ્ટ્રીઝને કપાસ ખોળની જથ્થાબંધ ખરીદી પેટે આપેલા કુલ રૂ. ૨.૨૯ લાખના ચાર ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે જામનગર રોડના વેપારીને એક વર્ષની સજા અને ફરિયાદીને ચેકની રકમ વળતર પેટે ન ચૂકવે તો વધુ છ માસની કેદ નો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ જામનગર રોડ જૂના જકાતનાકા સામે સરદાર કોમ્પ્લેક્સમાં કૈલાશ ટ્રેડિંગના પ્રોપરાઇટર દરજ્જે આનંદ અમૃતલાલ મોહીનાણીએ શ્રીનાથજી ઓઇલ ઇન્ડસ્ટ્રીઝમાંથી કપાસ ખોળની જથ્થાબંધ ખરીદી કરેલ હતી. તેની બાકી રહેતી લેણી રકમ પૈકી રૂ. ૨,૨૯,૯૯૦ વસૂલ આપવા ૪ ચેકો આપેલ હતા. તે ચેકો પરત ફરતા શ્રીનાથજી ઇન્ડસ્ટ્રીઝના પાર્ટનર દરજ્જે મિહિર છગનભાઈ ભીમાણી (મુ. છત્તર, તા. ટંકારા)એ વેપારી આનંદ મોહનાણી સામે નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળનો ફોજદારી કેસ કોર્ટમાં દાખલ કર્યો હતો.જે ફરિયાદની ટ્રાયલ ચાલતા ફરિયાદ પક્ષ તરફથી રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ, રજૂઆતો અને દલીલો ધ્યાને લઇ અદાલતે કૈલાશ ટ્રેડિંગના પ્રોપરાઇટર દરજ્જે આનંદ અમૃતલાલ મોહીનાણીને ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ રૂ. ૨.૯૯ લાખ વળતર પેટે દિવસ-૬૦માં ચૂકવવામાં કસુર કરે તો વધુ ૬ માસની કેદનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ કેતનકુમાર નાયક અને નલીનકુમાર અઘરા રોકાયા હતા.

# રાજકોટ: શારીરિક છેડછાડના ગુનામાં આરોપીને પાંચ વર્ષની કેદ

## પાળેલી બિલાડીને અગાશી ઉપર લેવા ગયેલી સગીરાની પાડોશી શખ્સે જાતીય સતામણી કરી હતી

રાજકોટ તા.૨૯:

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ઘેર પાળેલી બિલાડીને અગાશી ઉપર લેવા ગયેલી સગીરાની શારીરિક છેડછાડ અને જાતીય સતામણીના પોક્સો સહિતની કલમો હેઠળના દોઢેક વર્ષ પહેલાંના કેસમાં ખાસ અદાલતે આરોપીને પાંચ વર્ષની કેદ અને રૂ. ૧૫૦૦૦ દંડ ફટકાર્યો છે.



આ કેસની હકીકત મુજબ, ૨૦૨૩ની સાલમાં ભક્તિનગર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતા પરિવારના માતાની ફરીયાદ મુજબ પોતાની ૧૨ વર્ષની સગીર દિકરી પાળેલી બિલાડીને ઘરની અગાશી ઉપર લેવા માટે ગયેલ ત્યારે બાજુની અગાસી ઉપરથી આવેલા એજાજ મોહમ્મદ નામના શખસે સગીરા પર જાતીય હુમલો કરેલો અને જાતીય સતામણી કરેલી, જે અંગે ભક્તિનગર પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. તેમાં પોકસો એક તો હેઠળ ચાર્જશીટ મૂકવામાં આવતા સ્પે. કોર્ટમાં કેસ ચલાવવામાં આવેલો, જે કામમાં ભોગબનનાર તેની માતા પોલીસ વિટનેસ, જન્મ તારીખ અંગેના સાક્ષી વિગેરેને તપાસવામાં આવેલા તેમજ બંને પક્ષે દલીલો કરેલી. તેમાં સરકારી વકીલ મહેશભાઈ જોષીની ધારદાર દલીલો ધ્યાને લઈને પોકસો કોર્ટના જજ વી.એ. રાણાએ આરોપી એજાજ મહમ્મદ અઝીઝ અંસારીને તકસીરવાર ઠેરવીને આઈ.પી.સી. કલમ-૩૫૪ તથા પોકસો એકટની કલમ-૮ સબબ ૫ - ૫ વર્ષની સખત કેદની તેમજ આઈ.પી.સી. કલમ- ૩૫૪ (એ)માં ૩ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂા. ૧૫,૦૦૦નો દંડ અને ભોગબનનારની ઉંમરને તથા તેના બાળ માનસ ઉપર થયેલ અસરને ધ્યાને લઇ રૂપિયા ૫૦,૦૦૦ વળતરનો આદેશ ફરમાવેલ છે. આ કેસમાં સરકારી વકીલ તરીકે મહેશભાઇ જોષી, આસી. રૂસીરાજસિંહ ચાવડા રોકાયા હતા.

## ગીર સોમનાથનો હાઈવે ફરી રક્તરંજીત બન્યો

# કોડીનાર: ડોળાસા નજીક અકસ્માતમાં ત્રણ મિત્રના મોત, એક ગંભીર

(દિનેશ જોશી દ્વારા)
કોડીનાર તા ૨૯:



ગીર સોમનાથ જિલ્લાનો ફોર ટ્રેક હાઈવે આજે વધુ એક વખત રક્ત રંજિત બન્યો હતો કોડીનાર ઉના હાઇવે પર ડોળાસા નજીક ટ્રક અને કારની વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ યુવાન મિત્રોના ઘટના સ્થળે કમ કમાટી ભર્યા મૃત્યુ નીપજ્યા હતા જ્યારે અન્ય એકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો. તેઓ ડીવાઈડર તોડીને રક્તરંજીત બન્યો હતો.

વિગત પ્રમાણે વેરાવળ અને સુત્રાપાડા પંથકનાં ચાર મિત્રો આજે તેમની સ્વિફ્ટ કારમાં વેરાવળ તરફ આવી રહ્યાં હતાં ત્યારે કોડીનાર-ડોળાસા હાઈવે પર

આવેલા પેટ્રોલ પંપ સામે ડિવાઈડર ટપી સામેથી પુર ઝડપે આવતા ટ્રકે ઠોકર મારી દીધી હતી. જેથી કારનો સાવ બુકડો બોલી ગયો હતો અકસ્માત એટલો ભયાનક હતો કારમાં ફસાયેલ ત્રણે યુવાનોને ગાડીના પતરાંગીરી અને મહામહેનતે બહાર કાઢવામાં આવ્યા હતા આ અકસ્માતમાં સુત્રાપાડાનાં પીયુષ લખમણભાઇ રામ (ઉ.વ.૨૮), ભાલપરા ગામનાં ઉદય દેવાતભાઈ વાઢેર (ઉ.વ.૨૧) અને મેઘપુર ગામનાં જેસાભાઈ ગોવિંદભાઈ રામ (ઉ.વ.૩૫)ને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત નિપજયાં હતાં. જ્યારે અન્ય એક મિત્ર પાદરૂકા ગામનાં હિતેષ આહીર (ઉ.વ.૨૭)ને ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર માટે ૧૦૮ દ્વારા રા.ના.વાળા હોસ્પિટલ કોડીનાર ખાતે લઈ આવવામાં આવ્યા હતા ત્યાંથી વધુ સારવાર છે આગળ લઈ જવામાં આવ્યા છે. જ્યારે ત્રણેય મૃતકોને કોડીનાર સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ અર્થે લાવવામાં આવ્યા હતા. જોકે સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે ત્યારે કોડીનાર પોલીસે હાલ તો અકસ્માતનો ગુનો નોંધી અને અકસ્માત કેમ બન્યો છે તેની વધુ તપાસ હાથ ધરી છે.

ગત રાત્રે ૧૦.૩૦ વાગ્યાનાં અરસામાં સર્જાયેલા અકસ્માતની જાણ થતાં ધારાસભ્ય ભગવાનભાઈ બારડ,પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી તેમજ પૂર્વ નગરપાલિકા પ્રમુખ શિવાભાઈ સોલંકી સહિત મૃતક યુવાનનાં પરિવારજનો અને સંબંધીઓ તેમજ આહીર સમાજના યુવાનો મોટી સંખ્યામાં સરકારી હોસ્પિટલ કોડીનાર ખાતે દોડી આવ્યા હતાં. આ સાથે આહિર સમાજ માં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક લોકોના મોઢે ચર્ચાથી વિગત મુજબ આ હાઈવે પર અનેક જગ્યાએ ડિવાઈડરો તોડી લોકોએ રસ્તા બનાવ્યા છે જે પૈકી પેટ્રોલ પંપ સામેનું ડિવાઈડર પણ તુટેલુ હોય જે તૂટેલા ડિવાઈડર માંથી કાર કાઢવા જતી વખતે અકસ્માત બન્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે જ્યારે આ સમગ્ર બાબતની સત્ય હકીકત તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે પણ ફોરટ્રેક ઉપર અનેક જગ્યાએ જે ડિવાઈડરો તૂટેલા છે તેને કારણે છાશવારે અકસ્માતો સર્જાઈ રહ્યા છે જે બાબતની તંત્રએ ગંભીરતા લઈ તાત્કાલિક આવા ડિવાઇડરો તોડનારા લોકો ઉપર શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ તેવું પણ સ્થાનિક લોકો ઈચ્છતી રહ્યા છે.

# હડાળા ગામે રૂા.૪. ૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં મહિલાને બે વર્ષની જેલ

## ચેકની રકમ બે માસમાં ચુકવવામાં નીષ્ફળ જાય તો વધુ છ માસની કેદ

રાજકોટ તા.૨૯:

શહેરના ઓમ નગર વિસ્તારમાં રહેતા યુવાને પરિચિત હોવાને નાતે આપેલા ૪. ૨૦ લાખ પરત કરવા આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં મોરબી રોડ હડાળા ગામે જીવનધારા રેસિડન્સમાં રહેતી મહિલાને બે વર્ષની સજા અને ચેક મુજબનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના મોરબી રોડ હડાળા ગામે જીવનધારા રેસિડન્સમાં રહેતા અને હેન્ડી ક્રાફ્ટ વ્યવસાય કરતા હિરલબેન અનિલભાઈ ગજ્જર ને પોતાના ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા ઓળખાણ ના નાતે શહેરના ૪૦ પણ રોડ ઓમ નગર મારે કિશોરભાઈ રણછોડભાઈ ટીલારા પાસેથી રૂપિયા ૪.૨૦ લાખ ઉછીના લીધા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ પ્રમાણે નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે હીરેલબેન ગજ્જર સામે કિશોરભાઈ ટીનાળાએ અદાલતમાં ફોજદારી ફરિયાદ કરી હતી. કેસ ચાલતા દરમ્યાન ફરીયાદીની વિગતવારની ઉલટ તપાસ થયેલી હતી. બચાવ પક્ષ કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય. ફરીયાદી દ્વારા રજુ કરેલ પુરાવા પરથી ફરીયાદીના કાયદેસરના લેણા પેટેનો ચેક હતો. ફરીયાદીને આરોપીએ ચેક લખી આપેલ પુરવાર થાય છે. સોગંદના સમર્થનમાં રજુ કરેલા દસ્તાવેજી પુરાવો અને બેંકના સાહેદની જુબાની જોતા ચેક આરોપીના બેંક એકાઉન્ટનો જ હોય. આરોપીએ સ્ટોપ પેમેન્ટ શા માટે કરાવેલ તેવો કોઈ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. જે કેસ ચાલી જતા હિરલબેન અનિલભાઈ ગજજરને જયુડી. મેજી. જજ એમ.ડી.જાદવ મેડમે બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ બે માસની અંદર ચુકવવામાં નીષ્ફળ જાય તો વધુ છ માસની સજા કરતો હુકમ ફરમાવેલ હતો.આ કેસમાં ફરિયાદી કિશોરભાઈ રણછોડભાઈ ટીલાળા તરફે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી રોકાયેલ હતા.

# હાલારમાં બીજા દિવસે પણ વધુ રૂા.૩૯.૭૦ લાખની વિજ ચોરી પકડાઈ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૨૯:

જામનગર શહેર તેમજ કલ્યાણપુર પંથકમાં વિજ તંત્ર દ્વારા પુન:વિજ ચેકિંગની કામગીરી શરૂ કર્યા બાદ ગઈકાલે પણ અવિરત ચાલુ રાખવામાં આવી હતી, અને જોડિયા ના ગ્રામ્ય વિસ્તાર તેમજ ખંભાળિયા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં ચેકિંગ હાથ ધરી વધુ ૩૯.૭૦ લાખની વીજ ચોરી પકડી પાડવામાં આવી છે. જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરી ની ચેકિંગ ડ્રાઇવ દ્વારા સોમવારે જામનગર શહેર અને જામનગર તાલુકાના મોટા થાવરીયા, નાના થાવરીયા, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પંથક માથી ૪૪.૬૦ લાખની વીજ ચોરી પકડી પાડી હતી, જે કામગીરી ગઈકાલે મંગળવારે સતત બીજા દિવસે પણ અવિરત ચાલુ રાખવામાં આવી હતી.જામનગર જિલ્લાના જોડીયા ના ગ્રામ્ય વિસ્તારો તેમજ ખંભાળિયા તાલુકાના વડતરા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું, અને કુલ ૪૩ જેટલી વિજચેકિંગ ટુકડી ને મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેની મદદ માટે એસઆરપીના ૧૦ જવાનો, ૨૯ પોલીસ કર્મચારી તથા ત્રણ વિડિયોગ્રાફર ને જોડવામાં આવ્યા હતા.

# જામનગરના એડવોકેટને લગ્ન પ્રસંગમાં મદદ કરવામાં ધરમ કરતાં ધાડ પડયા જેવો ઘાટ બન્યો

## મકાન લગ્ન પ્રસંગમાં વાપરવા આપ્યા બાદ એક શખ્સે મકાન પડાવી લેવા વકીલને ધાક ધમકી આપ્યાની ફરિયાદ

(નયના દવે દ્વારા)
જામનગર તા.૨૯:

જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા એક એડવોકેટને લગ્ન પ્રસંગમાં મકાન વાપરવા માટે આપ્યું હતું, પરંતુ ધરમ કરવા જતાં ધાડ પડ્યા જેવો કિસ્સો બન્યો છે, અને મકાન વાપરવામાટે રાખનાર શખ્સ મારફતે કડવો અનુભવ થયો છે.

પુત્રના લગ્ન માટે વાપરવા માટે આપેલું મકાન પડાવી લેવા માટે એડવોકેટને ધમકી આપી, હવે તમે આ મકાનને ભૂલી જજો, અને ભૂલથી મકાન બાજુ આવશો, તો જાન થી મારી નાખીશ તેવી ધમકી આપનાર નવાગામ- ઘેડ ના એક શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર પંચેશ્વર ટાવર નજીક વંડાફળી શેરી નંબર - ૨ માં રહેતા અને વકીલાત તરીકે નો વ્યવસાય કરતા મનીષભાઈ ચમનલાલ પંડ્યા (૫૫) એ નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા પોતાના મકાનનો કબજો કરી લઇ પોતાને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા સાજીદ કાસમભાઈ ખફી નામના શખ્સ સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જે પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર મનીષભાઈ પંડ્યા નું બીજુ મકાન નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલું છે, જે મકાન ખાલી હોવાથી આરોપી સાજીદ ના પુત્રના લગ્ન હોવાથી વાપરવા માટે આપ્યું હતું.

પરંતુ તે મકાન પચાવી પાડવાનો ઇરાદો હોવાથી ગઈકાલે એડવોકેટ મનીષભાઈ પોતાના મકાને ગયા હતા, જે દરમિયાન આરોપીએ કહી દીધું હતું કે મારા દીકરાના લગ્નમાં વાપરવા માટે આપેલું મકાન હવે તમે ભૂલી જજો, અને ભૂલથી પણ મકાન બાજુ બીજી વખત આવતા નહીં, નહીંતો તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ ઉપરાંત મકાનમાં હાજર રહેલા સિક્યુરિટી ગાર્ડ ઇન્દ્રજીતસિંહ પરમાર કે જેને પણ ધાક ધમકી આપી ભગાડી મૂક્યા હતા.

આખરે મામલો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને એડવોકેટ દ્વારા આરોપી સાચી સામે ફરિયાદ નોંધાવતાં પી.એસ.આઇ.એમ.વી. મોઢવાડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.